કુમાર


આવતી કાલનાં નાગરિકો
માટે આજના ઘરોનું માસિક
સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ પચ્ચીસમું · અંક પહેલો
મુંબઈ જાન્યુઆરી ઈ. ૧૯૪૮
સળંગ અંક
૨૮૯
તંત્રી
બચુભાઈ રાવત



ધરતીનાં બાળ : ચિત્રકાર શ્યાવક્ષ ચાવડા



પોતાની વિશિષ્ટ અને જોરદાર ચિત્રપ્રણાલિ વડે ધ્યાન ખેંચી રહેલા મુંબાઇના નવોદિત કલાકાર શ્રી શ્યાવક્ષ ચાવડાનાં નામ અને કૃતિઓથી 'કુમાર'ના વાચકો અપરિચિત નથી. જીવનની રૂપસૃષ્ટિને આજ સુધી ચાલી આવેલી પશ્ચિમી ઢબે, તે દેખાય છે તેવી હૂબહૂ નહિ, પણ પોતાની મનોગત કલ્પનામાં તે જે રૂપ ધારણ કરે તે રીતે રજૂ કરવાની આપણા દેશની મૂળ ધ્યાનકલ્પિતરીતે તેઓ ચિત્રો આલેખે છે. એમની ચિત્રણામાં રેખાબળ ખાસ મહત્ત્વનું સ્થાન ધરાવે છે, અને અભિનવ પટરચના તથા રંગાવટ એ તેમની વિશિષ્ટતા છે. એમનું રંગાયોજન પણ, કુદરતમાં હોય છે તેવું હૂબહૂ નહિ પણ ચિત્રની પટરચના માટે જે રંગવિભેદ પોતાની પ્રેરણાગત કલ્પનાને ઉચિત લાગે તેવું એ યોજે છે. કોઈ જાહેર સ્થળના ભિત્તીશોભન માટે ઉચિત એવા ઉપર આપેલા આપણા કૃષિધનના ચિત્રમાં એમની એ જોરદાર પ્રવાહી રેખાઓ, સુસંબદ્ધ પટરચના તથા ભભકભરી રંગાવટનો સમન્વય છે



ચિત્રો

કાવ્ય

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.

જાહેરખબરના સોલ એજન્ટ: મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટી કંપની
ફર્નાન્ડિઝ બ્રિજ ગાંધીરોડ, અમદાવાદ.





સૂક્ષ્મદર્શકયંત્ર (Microscope) અને દૂરદર્શકયંત્ર (Telescope) (સમજણ માટે જુઓ બાજુમાં)

વિજ્ઞાનના સાત ચમત્કારોમાં સૂક્ષ્મદર્શક યંત્ર તથા દૂરદર્શકયંત્રની ગણુત્રી થાય છે. પદાર્થને ૧૦૦૦ થી ૫૦૦૦ ગણો મોટો કરી બતાવનાર સૂક્ષ્મદર્શક યંત્રે તો મનુષ્યના ચક્ષુની મર્યાદા અમર્યાદિરીતે વધારી મૂકી છે. આથી ભૌતિકશાસ્ત્રજ્ઞ, રસાયનવેત્તા, પ્રાણીશાસ્ત્રજ્ઞ અને ધાતુનિષ્ણાતોને માટે તે અતિ આવશ્યક અને રોજિંદા ઉપયોગની વસ્તુ બની ગઈ છે.

સૂક્ષ્મદર્શકયંત્રની રચના તદ્દન સરળ છે. પ્રકાશનાં કિરણો દગકાચ (Lens) માંથી પસાર થતાં વળાંક લે છે એ ઘણાંને ખબર હશે. દગકાચ બે પ્રકારના આવે છે: બહિર્ગોળ અને અન્તર્ગોળ. એમાં બહિર્ગોળ (જેની સપાટી બહારની બાજુ ઉપસેલી હોય છે) દગકાચમાંથી પદાર્થ પરના પ્રકાશના કિરણો પસાર થતાં તેની બીજી બાજુએ તે પદાર્થની મોટી પ્રતિ-આકૃતિ Image નિર્માણ થાય છે. આ જ સિદ્ધાંત પર સૂક્ષ્મદર્શક યંત્રની રચના થએલી છે. સૂક્ષ્મદર્શકમાં તેવા બે બહિર્ગોળ દગ્કાચ વપરાય છે.

ચિત્રમાં તે યંત્રને તદ્દન સહેલું કરીને બતાવ્યું છે. એક ઘોડા પર બેસાડેલા તે યંત્રમાં જે પદાર્થ જોવાનો હોય છે તેને કાચની તક્તી પર મૂકી ઘોડાને જોડેલી પટી પર ગોઠવવામાં આવે છે. ચિત્રમાં તે જગ્યાએ માખીની પાંખ મૂકી છે. હવે તે પદાર્થ બરાબર સ્પષ્ટરીતે જોઈ શકાય તે માટે તેના પર પ્રકાશને કેન્દ્રિત કરવામાં આવે છે. જો તે પદાર્થ પારદર્શક હોય તો તેની નીચે મૂકવામાં આવેલી આરસીનો ઉપયોગ થાય છે. વીજળીના ગોળાનો પ્રકાશ આરસી પર પરાવર્તન પામી નીચેની બાજુથી તે પદાર્થ પર પડી તેને પ્રકાશિત બનાવે છે. પણ જો પદાર્થ અપારદર્શક હોય તો તેની પાસે ગોઠવેલા કાચ વડે પ્રકાશને કેન્દ્રિત કરી તેના પર નાખવામાં આવે છે. માખીની પાંખ પારદર્શક હોવાથી તેને નીચેથી પ્રકાશિત કરી છે.

માખીની પાંખ પરનાં પ્રકાશનાં કિરણો દગકાચ નં. ૧ માં થઈ એકબીજાને છેદી ચિત્રમાં બતાવ્યા પ્રમાણે મૂળ વસ્તુ કરતાં મોટી પ્રતિ-આકૃતિ નિર્માણ કરે છે. આ આકૃતિ દગકાચ નં ૨ ને મૂળ પદાર્થની ગરજ સારે છે. પણ તે, દગકાચ નં. ૨ની તદ્દન પાસે હોવાથી તે આકૃતિના કિરણો દગકાચમાં થઈ તેની પાછળ આકૃતિ નિર્માણ ન કરતાં આગળની બાજુ ઘણી મોટી આકૃતિ નિર્માણ કરે છે સૂક્ષ્મદર્શક યંત્રમાં જોવાથી જે આકૃતિ દેખાય છે તે આ જ ચિત્રમાં તેને કલ્પિત રીતે બતાવી છે. આજે તો આ યંત્રમાં એટલી બધી પ્રગતિ થઇ છે કે 'ઇલેક્ટ્રોન સૂક્ષ્મદર્શકયંત્ર' વડે તો વસ્તુને ૧ લાખ ગણી મોટી કરી જોઇ શકાય છે.

એ જ રીતે જમીન પરના દૂરના પદાર્થો જોવા વૈજ્ઞાનિકોએ દૂરદર્શકયંત્ર બનાવ્યું છે, જે સૂક્ષ્મદર્શક યંત્રના સિદ્ધાંત પર જ કામ કરે છે. માત્ર તેમાં બેને બદલે ત્રણ દગકાચ હોય છે. વધારાનો દગકાચ, પહેલા દગકાચને લીધે ઊંધા થએલા પ્રતિબિંબને ફરી ચતું કરે છે. બાકી બધું સૂક્ષ્મદર્શકયંત્ર પ્રમાણે જ છે પણ આ જાતનું દૂરદર્શકયંત્ર આકાશમાંના તારા જોવા કામમાં નથી આવતું. તેને માટે તો 'પરાવર્તન દૂરદર્શકયંત્ર' નામનું જુદી રચનાવાળું યંત્ર હોય છે જેમાં દગકાચને બદલે અંતર્ગોળ દર્પણ વપરાય છે.

કુમાર આવતી કાલના નાગરિકોનું માસિક · વર્ષ ૨૫ · અંક ૧ · જાન્યુઆરી ૧૯૪૮

આયુષ્યના અવશેષે

· હરિણી ·

૧ ઘર ભણી

ખખડ થતી ને ખોડંગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલે ચીલે તમિસ્રમહીં ઘન:
સ્વપન મધુરી નિદ્રાનું તે દગોમહીં અંજન
ભરતી ઘુઘરી ધોરી કેરી મીઠા રણકારથી.

ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીરમહીં ભળી,
સ્મૃતિદુઃખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી.
લઘુક દીવડે સૂતી સીમા સહુ બનીને કંઈ
સજગ તમ–ને ઓઢી પાછું જતી પડખું ફરી.

પથ-તરુતણા નીડે પંખી કયહીં ફરકે અને
કદિક અથવા તારો કોઈ ખરે, બસ એટલું
કળિત બનતું, ત્યાં યે ઊંડા મને કરણો સહુ
કણકણની આ માટી કેરી કથા નિરખી રહે.

જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.

૨ પ્રવેશ

ભર્યું ઘર હતું તેના સૂના રજોમય પ્રાંગણે
લઘુક ગડડી મૂકી આયુષ્યના અવશેષની:
ત્યહીં ધુમસથી છાએલા તે વિષણ્ણ ઉજેશની
ટશર ગગને લાગી; જાગી દિશા અનુકંપને.

ખબર પૂછતાં મોટેરાં જે જીવંત રહ્યાં જૂજ,
નજર કરી લૈ કામે લાગી જતી વહુવારુઓ,
કુતૂહલ થકી પ્રેર્યાં આવી વળ્યાં કંઈ બાળકો,
ક્ષણ ભસી પછી શ્વાને સૂંઘી લીધા ચરણો મુજ.

મુખથી ઊઘડ્યાં તાળાં, દ્વારે કર્યું જરી ક્રંદન,
અચલ સ્થિતિમાં ગાત્રો જેનાં જડાઈ ગયાં હતાં;
ભીતર થકી ત્યાં ભીની વાસી હવા તક લાધતાં
ધસી રહી શી! કો પ્રેતે જાણે લહ્યું નિજ મોચન.

ઘર મહીં જતાં અંધારાંએ ઘડી લીધ આવરી,
કિરણપરશે જૂનાં પાત્રો વળી નિરખ્યાં ફરી.

૩ સ્વજનોની સ્મૃતિ

જીરણ થઇને ભીંતે ઝૂકી ઊભો હજી ખાટ આ,
રજની નમતાં જે ઢાળીને પિતાજી પુરાણની
જીવનબળને દેતી કે'તા કથા રસની ભરી,
પુર ઘરસમું હેતે મ્હોર્યું હતું પરસાળમાં.

મુખ મરકતું માનું જેના સ્વરે ઘર ગુંજતું:
નિતનિત વલોણાનાં એનાં અમી ધરતી હતી,
સુરભિ હતી જ્યાં સૌની વાંછા સદા ફળતી હત
અવ અહીં ઝૂલે ખાલી સીકું. દધિ વણ ઝૂરત

અહીં ઉપરની મેડી જોને કશી વલખી રહી
પ્રિય! ઉછળતાં બે હૈયાંનો થયો અહીં સંગમ
અહીં પૂનમની રાતે મોજે ચગ્યાં ભરતી સમ
ગગન ઝીલતી જાળી જાળાં થકી અવ આંધળ

ગિરિસર સમું હસોનો જે કલધ્વનિ રેલત
તમરું પણ ત્યાં આજે મૂંગી વ્યથાથી ન બોલત

૪ પરિવર્તન

શિશુ હૃદયના ઉલ્લાસે ત્યાં ઊભી ઝરુખા કં
મહિ નિરખતો ચાલો, બંકી ધરી ગતિ, દૃષ્ટિમ
ક્ષણક્ષણ રમી સંતાતો ને અનંતન સૃષ્ટિમ
ભ્રમણ અરથે જાતો, પૂંઠે વિમુગ્ધ મૂકી મને

તલસતું હતું હૈયું કેવું સુદૂર અગમ્યને
પથ વિહરવા કાજે!—જેની અપૂર્ણ કથાતણ
ધુમસ પર અંકાતી મારી સુરંગીન કલ્પના;
નિજ રચિત, આનંદે જોતાં દગો, ભવિતવ્યને.

હજી ય ઝરુખો એનો એ, હું, અને વળી પથ આ
પણ અત્ર અહીં આવી ઘેરી વળે ગતની સ્મૃતિ:
બીન મૂક થયું તો યે એની સુણી રહું ઝંકૃતિ.
વિવિધ સમયે છેડ્યા તે સૌ મળે સ્વર વૃંદમાં.

સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડન
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમર્જન.

૫ જીવનવિલય

અવ હૃદયના શૂન્યે પામી રહ્યો લહું છું લય:
અહીં નહિ હવે સંકલ્પો ને નહીં કંઈ વૃત્તિ યે,
તદપિ મુજ કર્મોની પેલી પ્રફુલ્લિત સૃષ્ટિ તે
ચહુ દિશ થકી ગર્જે આદ્યંત જીવનનો જય.

શબ્દ ઉપન્યો તેવો જોકે શમે, પણ એહના
અસીમિત જગે વ્યાપી રે' છે અનંત પ્રતિધ્વનિ:
નહિવત બની રે'તું માટી મહીં, પણ બીજની
તરુવરતણાં પર્ણે કેવી રમે શત એષણા!

જીવનનું જરા આઘે રે'ને કરું અહીં દર્શન,
ઉગમ નહિ વા ન્યાળું કોના ય તે વળી અંતને;
રૂપની રમણા માંહી કોઈ ચિરંતન તત્ત્વને
નિરખું, નિજ આનંદે રે'તું ધરી પરિવર્તન.

ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનય સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.

રાજેન્દ્ર શાહ

ગુજરાતી સાહિત્યમાં ગણનાપાત્ર ગણેલી જે કેટલીક કૃતિઓના પ્રથમ પ્રકાશનનું ભાગ્ય 'કુમાર'ને મળ્યું છે તેમાં, પોતાના ગુણવૈશિષ્ટ્યને લીધે સ્થાન પામે તેવી, આપણા ક્ષિતિજ પર પ્રકાશવા માંડેલા યુવાન કવિ રાજેન્દ્ર શાહની આ કૃતિને આવકારતાં અમને આનંદ થાય છે.

તમન્ના અને તપસ્યા

મનન

ગમે તેવી કપરી યા નિરાશાજનક પરિસ્થિતિમાં મનુષ્ય જન્મ્યો હોય છતાં તેનામાં એક એવી અદમ્ય ઈચ્છા હોય છે કે પોત હોય તે સ્થિતિના કરતાં કંઇક આગળ—ઊંચે વધે, ને એવું કંઇક ચિરસ્મરણીય કાર્ય કરી બતાવે કે પોતાનું નામ પોતાના સમાજ, દેશ યા જગતભરમાં અમર થઇ જાય. આ જાતની મહત્ત્વાકાંક્ષા—તમન્ના એ મનુષ્ય માત્ર માટે સહજ છે.

જગતના મોટાંમોટાં પરાક્રમનો પાયો, માનવજાતની પ્રગતિની કૂંચી, સર્વ સુખની ખાણ એ આ તમન્ના છે. મનુષ્યના હૃદયમાં તમન્નાનો દીપ બળતો હશે તો જ તેના પ્રકાશેપ્રકાશે તે વિરાટ પગલાં ભરી શકશે; તેની ગરમીના બળે તે સંકટોના મોટામોટા હિમરાશિઓને ઓળંગી જઇ ચિરસ્મરણીય કાર્ય કરી બતાવશે.

પણ કેવળ તમન્નાથી કંઈ થતું નથી. હિમાલયના ઉત્તુંગશિખરે પહોંચવાની માત્ર ઇચ્છા કરવાથી ત્યાં પહોંચી જવાતું નથી. કેવળ તમન્ના, કેવળ મહત્ત્વાકાંક્ષા એ તો જમીન પર વધનારી વેલ જેવી છે. તે એકલી સ્વબળે ઊંચે ચઢી શકતી નથી. તેને તપસ્યા-વૃક્ષનો આધાર જોઇએ. તપસ્યા વગર તમન્નાનો કોઈ અર્થ નથી, કંઈ ફળ નથી. તપસ્યા વગરની તમન્ના એટલે તેજ વિનાનો દીપ, રસ વગરનું ફળ, જળ વગરની નદી.

પોતાનું પ્રિય ધ્યેય પ્રાપ્ત કરવાની મનુષ્યમાં તમન્ના જાગે, પણ જો તે ધ્યેય પાર પાડવા, પોતાની તમન્નાને ઘાટ આપવા માટે રાતદિવસ તનતોડ પરિશ્રમ ન કરે, સંકટ અને મુશ્કેલીઓનો સામનો ન કરે, તો તેની તમન્ના વાંઝણી છે. એને માટે આપણી એક પુરાણ કથા (ભલે કલ્પિત પણ) એક શ્રેષ્ઠ આદર્શનું ઉદાહરણ પૂરું પાડે છે. ધ્રુવે અચળ પદ મેળવવાની ઈચ્છા કરી. પણ માત્ર ઈચ્છા કરીને જ તે અટક્યો ન ગયો. તેને મેળવવા તેણે વાઘ વરુનો ડર છોડી દીધો, ટાઢ અને તડકાને ગણકાર્યાં નહિ અને બાર વર્ષ કષ્ટદાયક તપશ્ચર્યા કરી. ત્યારે જ તે પદ તેને મળ્યું. આત્મતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવવાની પોતાની ઉત્કટ તમન્નાને સાકાર કરવા વાલિયા ભીલે એવી તો એકાગ્ર તપસ્યા કરી કે શરીર પર ઉધઇનો રાફડો ચઢી જવા છતાં તેને ખબર પણ ન પડી. અને આજે મહર્ષિ વાલ્મીકિ તરીકે તે જગતભરમાં જાણીતા છે.

તમન્ના અને તપસ્યા એ એકબીજાથી જુદી ન પાડી શકાય તેવી, એકબીજાની પૂરક જોડી છે. તપસ્યાનું પ્રેરણાસ્થાન તમન્ના છે અને તમન્નાને મૂર્તસ્વરૂપ આપનાર તપસ્યા છે.

જગતમાં જે જે ઉચ્ચ—ઉન્નત છે, વિશ્વમાં જેઓ અમર કીર્તિના હિસ્સેદાર બન્યા છે, તેમનું ઉત્પત્તિસ્થાન અખંડ તપસ્યા જ છે; પણ લોકોનાં ચર્મચક્ષુને તેમની કીર્તિ જ દેખાય છે, તેમની તપસ્યા દેખાતી નથી. લોકો ઘેઘૂર ઘટાવાળા ગગનચુંબી વૃક્ષને જ જુએ છે. પરંતુ તેનાં મૂળિયાં તે વૃક્ષને જોઇતો જીવનરસ પૂરો પાડવા કઠણ પત્થરોને પણ વીંધવાનો કેવો ભીષણ પુરુષાર્થ કરે છે તે તેમને દેખાતો નથી. અબ્રાહમ લિંકન—કઠિયારાનો એક છોકરો અમેરિકાનો પ્રમુખ બન્યો અને માત્ર એ પ્રજાની જ નહિ પણ જગતભરની પરમ માનનીય વિભૂતિ તરીકે આદરપાત્ર થયો તે કેવળ ભાગ્યના બળે નહિ પણ એકધારી તપસ્યાના બળે. દિવસભર સખત મહેનત કરી, જ્ઞાનાર્જનની પોતાની અદમ્ય ઇચ્છાને સંતોષવા તે ૬ માઈલ દૂર એક જણને ત્યાંથી વ્યાકરણનું પુસ્તક લઇ આવેલો. પણ ઘેર આવીને જોયું તો ઘરમાં દીવો બાળવા તેલ નહોતું. એક પછી એક એમ મીણબત્તીઓને બાળી તેના અજવાળે આખી રાત વાંચીને તે પુસ્તક તેણે પૂરું કર્યું. આનું નામ તપસ્યા !

આજના યુવાનોના પરિચયથી અમને લાગ્યું છે કે તેમનામાં તમન્ના છે, પણ તપસ્યા નથી. આકાશને આંબે એવી ઉચ્ચ તમન્નાનો ધમધમાટ તેઓ દાખવે છે, કંઇકંઈ કરી નાખવાની ફૂદાફૂદ તેઓ કરે છે, ડંફાશો પણ મારે છે. પણ તે તમન્નાને મૂર્તસ્વરૂપ આપવા, કાર્યમાં પ્રત્યક્ષ ઉતારવા તેમને તપસ્યા કરવી નથી, સતત ને સખત પરિશ્રમ તેમને કરવો નથી. તેમને તો જાદુગરના આંબાની માફક ક્ષણમાત્રમાં હાથમાં કેરી મેળવી લઇને ખાઈ જવી છે. આંબાને ઊગવા દેવાની ધીરજ, તેને સીંચવા, ગોડવા ને પાલન કરવાના પરિશ્રમની વાત કરો તો તેમનું મોં કટાણું થાય છે. અને કદીક જો તેઓ થોડી ઘણી યે મહેનત કરે છે તો તેમાં આડંબર અને દેખાવ અધિક હોય છે. પોતે થોડી ઘણી તપશ્ચર્યા કરી ન કરી કે તરત એની જાહેરાત કરવા મંડી પડે છે, તરત એના ફળની પૂછપરછ કરવા માંડે છે. પણ આથી તો સફળતાના મિનારે પહોંચવાને બદલે અપયશના ખાડામાં ગબડી પડાશે એનું એમને ભાન નથી હોતું. રાતદિવસ પરાક્રમ-તપશ્ચર્યા કર્યા બાદ એક કળીનું ફૂલમાં રૂપાંતર થાય છે. પણ કદી તે પોતાની જાહેરાત કરે છે? તપસ્યામાં પ્રસિદ્ધિ યા આત્મશ્લાઘાને સ્થાન નથી. નિરહંકારી, ધીરોદાત્ત તપસ્યાની આપણા પૂર્વજોની પરંપરાને આપણે ભૂલી ગયા છીએ. ઉપનિષદો જેવા ઉચ્ચ તત્ત્વજ્ઞાનના જગત માન્ય ગ્રંથો, રામાયણ અને મહાભારત જેવાં જીવનકાવ્યો અને અજંતાના કલામંડપો કે આપણા સમૃદ્ધ શિલ્પભંડાર જેવી જગવિખ્યાત કૃતિઓના સર્જકોનાં નામ સુદ્ધાં આજે કોઈ જાણતું નથી!

દરેક વ્યક્તિમાં કાંઇક ને કાંઈક તમન્ના તો હોય જ છે. કોઈકને સાહિત્યકાર થવું હોય છે તો કોઈને પત્રકાર, કોઈને વિજ્ઞાનશાસ્ત્રી થવું હોય છે તો કોઇને ઇતિહાસશાસ્ત્રી; કોઈને ચિત્રકાર થવું હોય છે તો કોઇને સંગીતકાર, કોઇને નેતા થવું હોય છે તો કોઇને ધર્મસુધારક, કોઇને સૈનિક થવું હોય છે તો કોઈને સેનાપતિ, દરેક જણ એવી કોઈક ગુપ્ત ઈચ્છા પોષતો હોય છે. પણ તે સિદ્ધ કરવા માટે આવશ્યકતા છે અવિરતપણે પોતાના ધ્યેય પાછળ કૃતનિશ્ચય બનીને મચી પડવાની.

તમે જે કાંઈ ધ્યેય નક્કી કર્યું તેની પાછળ આસનબદ્ધ થઇને બેસી જાઓ. તે વિષયનો લગતાં જેટલાં સાધનો હોય તે સર્વનો તળિયાઝાટક ને કાળજીપૂર્વક ઊંડો અભ્યાસ કરો, તેને લગતા સર્વ ગ્રંથો વાંચો, સંગ્રહાલયો તથા પ્રયોગાલયો ખૂંદી વળીને માહિતી ભેગી કરો, ઊંડું અવલોકન કરો, નોંધો કરો અને પ્રયોગશાળાઓમાં કે ઘરને ખૂણે રાતનાદિવસ કરીને એકાગ્ર અખંડ સાધન કરો અને વચ્ચે ફળપ્રાપ્તિની અધીરાઇ કે સસ્તી કીર્તિની લાલચમાં ન ફસાતાં અવિરત તપસ્યા જ ચાલુ રાખો. જ્યાંસુધી પૂર્ણતા. શ્રેષ્ઠતા ન મળે ત્યાંસુધી આરામનું નામ નહિ, અટકવાની વાત નહિ. આમ કરશો ત્યારે પ્રત્યેક ક્ષણે તમારી યોગ્યતા વધતી જશે અને પ્રત્યેક કષ્ટ, દરેક સંકટ તમને પ્રગતિના પથ પર આગળ ને આગળ લઇ જશે તમારો આત્મા સ્વયં પ્રકાશિત થઇ ઊઠશે. તપસ્યાનું આવું સાત્ત્વિક તેજસ્વી બળ એકઠું થયા પછી તમારી તમન્નાને સિદ્ધ થતાં કેટલી વાર?

આજે હિંદ આઝાદ તો થયું છે, પણ જો ઇતર આઝાદ દેશો સાથે એક હરોળમાં તેને ઊભવું હોય તો પ્રત્યેક ક્ષેત્રમાં, પ્રત્યેક વિષયમાં તેને પ્રખર તપસ્યા કરનાર સેંકડો નહિ પણ હજારો માણસોની જરૂર છે.

ગયા: નાના ફડનવીસ અને નાનાસાહેબ પેશ્વા. એકે ભાંગતી મરાઠી સત્તાને ટકાવી રાખી, અને બીજાએ દેશની સ્વાતંત્ર્યભાવનાને ભલે ક્ષણભર પણ ચળકાવીને અમર કરી.

નાનાસાહેબ પેશ્વા

'૫૭ના સ્વાતંત્ર્યસમરના આદ્ય દ્રષ્ટા, કુશળ સંયોજક ને મુખ્ય સૂત્રચાલક

નાનાસાહેબ પેશ્વા! ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામના એ આદ્ય અને કાબેલ સૂત્રધારનું નામ હિંદી સ્વાતંત્ર્યસમરની તવારીખમાં સુવર્ણાક્ષરે લખાશે. જે અભૂતપૂર્વ સ્વાતંત્ર્યયુદ્ધે પ્રબળ એવી બ્રિટિશ સલ્તનતને થોડા કાળ માટે પણ હિંદની ભૂમિ પરથી ઊખેડીને ફેંકી દીધી તે સ્વાતંત્ર્ય-સંગ્રામની યોજના, ગુપ્ત સંગઠન તથા સંચાલન કરનારા જે બેચાર અગ્રણી આદ્ય દ્રષ્ટાઓ હતા તેમાં નાનાસાહેબનું સ્થાન નિસંશય શ્રેષ્ઠ હતું. જે કાળે વાહન-વ્યવહાર તથા સંદેશા લાવવા લઈ જવાની વ્યવસ્થા આજના જેટલી પરિપૂર્ણ કે ઝડપી નહોતી તે કાળે સ્વાતંત્ર્ય-યુદ્ધની તૈયારી તેમણે એવી કુશળ રીતે તથા ગુપ્તપણે કરી હતી કે વિચક્ષણ ગણાતા અંગ્રેજોને ય છેવટની ઘડી સુધી તેની ગંધ પણ આવી નહિ! પણ નાનાસાહેબની કાબેલિયતનો સાચો વિજય તો એ હતો કે પોતે અંદરખાનેથી અંગ્રેજ સત્તા વિરુદ્ધ આવો યુદ્ધનો મહા જ્વાળામુખી તૈયાર કરતા હતા ત્યારે ઉપરથી અંગ્રેજ અધિકારીઓ સાથે તેમનો વ્યવહાર એવો સંશયાતીત તથા પ્રેમળ હતો કે કાનપુરમાં બળવો ફાટી નીકળવાની બીક ઉત્પન્ન થઈ ત્યારે ત્યાંના અંગ્રેજ અધિકારીએ નાનાસાહેબને જ પોતાના તથા ખજાનાના રક્ષણ માટે બોલાવેલા!

આવી કુશાગ્ર બુદ્ધિમત્તા ધરાવનાર નાનાસાહેબનો જન્મ, માથેરાન પાસે વેણુ નામના ગામમાં, માધવરાવ નારાયણ ભટ્ટ નામના એક ગરીબ બ્રાહ્મણને ત્યાં, ઈ. ૧૮૨૪ની ૮મી ડિસેમ્બરે થયો હતો. તેમનું મૂળ નામ તો ધોંડોપંત. તે કાળે અંગ્રેજોએ પેન્શન પર ઉતારેલા બીજા બાજીરાવ પેશ્વા બિઠુરમાં નિવૃત્ત જીવન ગાળતા હતા. તેની ઉદારતાથી આકર્ષાઈ ઘણાં મહારાષ્ટ્રીય કુટુંબો બિઠુર જતાં. તે રીતે માધવરાવ ભટ્ટ પણ ઇ. ૧૮૨૭માં બિઠુર ગયા. ત્યાં જતાં જ માધવરાવના આ નાના પુત્રે પોતાના આકર્ષક દેખાવ તથા બુદ્ધિ વડે બાજીરાવનું હૃદય જીતી લીધું અને આખા દરબારનો તે માનીતો બની ગયો. આખરે બાજીરાવે એ ધોંડોપંતને જ ઈ. ૧૮૨૭ના જૂનની ૭મીએ દત્તક લીધો અને તેનું નામ નાનાસાહેબ રાખ્યું. આમ રા વર્ષની વયે વેણુ ગામનો એક સાધારણ બાળક કાળબળે પેશ્વાની ગાદીનો વારસદાર બન્યો.

ત્યાર બાદ પેશ્વાની ગાદીને અનુરૂપ નાનાસાહેબનું શિક્ષણ શરુ થયું. બાળપણના તેના સાથીઓ હતા સત્તાવનની સ્વાતંત્ર્ય-લક્ષ્મી લક્ષ્મીબાઈ અને તાત્યા ટોપે. આ દેશના પોતાના પૂર્વજોનાં પરાક્રમો તથા વૈભવનું તે બાળકોએ ખૂબ પારાયણ કર્યું હતું. ઘોડેસવારી, નિશાનબાજી, તલવારપટા આદિ સર્વ મર્દાની રમતોમાં તેમણે પ્રાવીણ્ય મેળવીને આગામી સ્વાતંત્ર્યયુદ્ધ માટે જાણે યોગ્ય પાયો તૈયાર કરી રાખ્યો હતો. તેમાં નાનાસાહેબ અને રાણી લક્ષ્મીબાઈ બન્નેનું જીવન તો અદ્‌ભુત કહી શકાય. બન્ને સાધારણ કુટુંબોમાં જન્મેલાં છતાં બન્નેને શ્રીમંતાઈ આવી વરી, અને એક રીતે એ શ્રીમંતાઇએ જ બંનેના આયુષ્યનો અંત આણ્યો!

ઈ. ૧૮૫૧માં બાજીરાવનું મૃત્યુ થતાં નાનાસાહેબ પેશ્વા પદે આવ્યા. મૃત્યુ પહેલાં બાજીરાવે સ્પષ્ટ રીતે વસિયતનામું કરેલું કે મારી પછી મારા વારસાના બધા હક્કો તથા પેશ્વા તરીકેના સર્વ અધિકાર મારા દત્તકપુત્ર નાનાસાહેબને મળે, પણ જેવા બાજીરાવના મૃત્યુના સમાચાર અંગ્રેજોને મળ્યા કે તરત જ ડેલહાઉસીએ જાહેર કર્યું કે બાજીરાવને જે ૮ લાખ રૂપિયાનું પેન્શન મળતું હતુ તે નાનાસાહેબને નહિ મળે; એટલુંજ નહિ પણ તે તુમાખી ગવર્નર જનરલે પાછળનું ચડેલું ૬૨ હજારનું પેન્શન આપવાની પણ ના પાડી, અને એવી પણ નોટીસ આપી કે બિઠુરની જાગીર પણ મરજી પડે ત્યારે અમે લઈ શકીશું. આ હડહડતા અન્યાયથી ૨૭ વર્ષનો એ સત્ત્વશાળી પેશ્વા ઊકળી ઊઠયો. વિશ્વાસઘાત કરીને પોતાનું રાજ્ય પચાવી પડેલા અને છેવટે પોતાનું કાયદેસરનું પેન્શન પણ ઝૂંટવી લેનારા અંગ્રેજોને હિંદમાંથી નામશેષ કરી દેવાનો ભીષ્મ નિરધાર તે સ્વાતંત્ર્યેચ્છુ યુવકે કરી લીધો અને પોતાના તે વિચારને મૂર્તિમંત કરવા તે જુદીજુદી તદબીરો વિચારવા લાગ્યો.

પ્રથમ તો તેણે અઝિમુલ્લાખાન નામના પોતાના એક કાબેલ વકીલને પોતાને થએલો અન્યાય દૂર કરવા ઇંગ્લંડ મોકલ્યો. આ અઝિમુલ્લાખાન પણ એક અજબ વ્યક્તિ હતી. સત્તાવનના સ્વાતંત્ર્યસંગ્રામની યોજના કરવામાં નાનાસાહેબ પછી તરત તેનું જ સ્થાન આવે છે. એક ગરીબ કુટુંબમાં જન્મીને પેટ માટે તેને એક અંગ્રેજને ત્યાં બબરચીનું કામ કરવું પડેલું. પણ તેની તીવ્ર બુદ્ધિએ ત્યાં પણ ફ્રેન્ચ તથા અંગ્રેજી ભાષા શીખી લીધી અને કાનપુરની એક



મોટા ખબર

મૂળ લેખક : કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

કુસુમ કહે, 'દાદા, તમે કહેતા હતા ને, કે આજકાલના મોટામોટા ખબર તમે આપતા રહેશો? નહિતર પછી મારું ભણતર ચાલશે કેમ કરીને?' દાદાજી કહે, 'મોટા ખબરની ઝોળી લઇને કોણ ફરે, એ તો બોલ? એની અંદર તો કેટલો યે કચરો હોય.'

'તે કચરો બાદ કરી નાખો.'

'કચરો બાદ કરીએ તો થોડુંક જ બચે. તો પછી તને લાગશે કે આ તો મામૂલી ખબર છે. પરંતુ એ જ ખરા ખબર હોય છે.'

કુસુમ કહે, 'ભલે દાદાજી; તમે આજકાલના મોટા ખબરને નાના કરીને બતાવો.'

'સાંભળ ત્યારે: એક વાર બધું શાંતિથી કામકાજ ચાલતું હતું. એવામાં વેપારી જહાજમાં સઢ અને હલેસાં વચ્ચે એક મોટો ટંટો થયો. હલેસાંનું દળ 'ઠક ઠક' કરતુ પહોંચ્યું ખલાસીની ન્યાયસભામાં. કહે, "હવે તો આ સહેવાતું નથી. પેલો તારો અભિમાની સઢ છાતી ફુલાવીને અમને કહે છે કે તમે નીચા લોક છો; કારણ કે રાતદહાડો અમે નીચેના તળિયે બંધાઇને પાણી ઠેલતા ચાલીએ અને એ ભાઇસાહેબ ચાલે પોતાની ધૂનમાં. કોઈના હાથના ઠેલાની બરા પરવા જ નહિ. એટલે એ ભાઇસાહેબ બન્યા ઊંચા લોક! હવે તું બતાવી દે કે કોની કદર વધારે છે. અમને જો હલકા ગણવા હોય તો પછી અમે બધા મળીને કામકાજમાંથી રાજીનામાં આપી દઈએ. પછી જોઇએ તમારું વહાણ કેમ કરીને ચાલે છે!"

ખલાસીને થયું કે ખરી આફત આવી. થોડાં હલેસાંને બાજુ પર લઈ જઇને તેણે કાનમાં કહ્યું, "અરે ભાઇ, એની વાત સાંભળી જ નહિ. એ તો કાયમ ફૂલાણુજી થઇને ફર્યા કરે છે. તમે બધા જુવાનિયા જો તનતોડ મહેનત કરો નહિ તો વહાણ થઈ જાય બિલકુલ સ્થિર. અને એ સઢ તો ઉપર બેઠાંબેઠાં બડાશ મારે છે એટલું જ. જરાક જો તોફાની પવન આવે ને, કે તેવી જ એ ભાઈસાહેબની ખબર પડી જાય! ગુમસુમ થઇને પડે વહાણને છાપરે ત્યારે બધા ફડફડાટ બંધ થઇ જાય. જવાબ પણ આપે નહિ. પણ સુખ કે દુઃખમાં, આપદ કે વિપદમાં, બજારમાં કે બંદરમાં, તમારા પર જ અમારો બધો ભરોસો છે. એ નવાબસાહેબનો ભાર તો જ્યારેત્યારે તમારે ખેંચવો પડે છે."

પણ ખલાસીને બીક લાગી કે આ વાત સઢ પાસે પહોંચી ગઇ લાગે છે. તેની પાસે છૂપાછૂપા જઈને કહે, "સઢકાકા, તમારી તુલના કોની જોડે થાય? કોણ કહે કે તમે વહાણનો બોજ ખેંચો છો? એ તો મજૂરોનું કામ. તમે તો તમારા આનંદે ચાલો છો અને સાથીઓ તમારે ઈશારે પાછળપાછળ ચાલે અને જ્યારે તમે હાંફી જાઓ ત્યારે તમે વીંટાઈ પડ્યા રહો. ભાઈ, પેલાં હલેસાંઓની હલકી વાતોને તમે કાન ન દેતા. એ લોકોને એવા કસીને બાંધી દીધા છે કે ગમે તેટલી ગાળાગાળી કરે તો યે એને કામ કર્યા વિના છૂટકો જ નહિ."

સાંભળીને સઢ ફુલાઈ ગયો. વાદળો તરફ જોઇને બગાસાં ખાવા લાગ્યો. પણ આ બધાં લક્ષણ સારાં ન હતા. હલેસાંનું હાડ મજબૂત. અત્યારે તો આડાં પડ્યાં છે; પણ કોને ખબર છે ક્યારે ખડાં થઇને ઊભા રહેશે, અને ઝપટ મારીને સઢની બડાઈના ચૂરા કાઢી નાખશે! ત્યારે આંખ ખુલી જશે, ને લાગશે કે હલેસાં જ વહાણ ચલાવે છે,—તોફાન હોય કે ઝંઝાવાત હોય, ભરતી હોય કે ઓટ હોય.

'તમારા મોટા ખબર શું આટલા જ? તમે તો મજાક કરો છો.' કુસુમે કહ્યું.

દાદાજી કહે, 'અત્યારે મજાક લાગે છે; પણ જોતજોતામાં મોટા જ ખબર બની જશે.'

'ત્યારે શું થશે?'

'ત્યારે તારા દાદાજી પેલાં હલેસા જોડે તાલ મેળવવાનો અભ્યાસ આદરશે.'

'અને હું?'

'જ્યાંજ્યાં હલેસા વધુ કચકચ કરે ત્યાંત્યાં તારે તેલ પૂરવાનું.' દાદાજી વળી કહે, 'ખરા ખબર તો બીજની જેમ નાના હોય. ડાળપાન સાથે વૃક્ષ તો પાછળથી આવે; હવે સમજી ને?'

કુસુમ કહે, 'સમજી.' પણ એના મોં પરથી લાગ્યું નહિ કે એ સમજી હોય. પરંતુ કુસુમમાં એક ગુણ છે. દાદાજી પાસે એ સહેલાઇથી માને નહિ કે પોતે સમજી નથી. એની ઈર્ષા કરતાં યે એની બુદ્ધિ કમ છે એ વાત તો ન કહેવામાં જ માલ ને?

('ગલ્પસલ્પ'માંના મૂળ બંગાળી ઉપરથી)

વિનોદ કોઠારી

બળે થોડા જ વખતમાં તેજ શાળામાં શિક્ષક તરીકે નીમાયો. તેની યોગ્યતા તથા શક્તિની નાનાસાહેબને ખબર પડતાં તેને પોતાની પાસે બિઠુર બોલાવી લઈ ઘણી ખરી બાબતમાં તેની સલાહ લેવા લાગ્યા. આવા બાહોશ માણસને નાનાસાહેબે ઈંગ્લંડ તો મોકલ્યો; પણ ત્યાં યે ખાસ કંઇ વળવાનું નથી એની નાનાસાહેબને ખાત્રી હતી. પણ તે બહાને ઈંગ્લંડની શક્તિનું માપ મેળવવા તથા આગામી સ્વાતંત્ર્ય-યુદ્ધમાં યુરોપના કોઇ દેશની સહાય મળી શકે તો તે મેળવવાનો તેમનો ઉદ્દેશ આઝિમુલ્લાખાન જેવા ચકોર માણસને ઇંગ્લંડ મોકલવા પાછળ હોવો જોઇએ એમ લાગે છે. કારણ, ઈંગ્લંડમાં અપેક્ષા પ્રમાણે કાર્ય નિષ્ફળ જતાં આઝિમુલ્લાખાન રશિયા, ઈટાલી વગેરે દેશોમાં ફરીને જ હિંદ આવેલો. ઈટાલીના ગૅરીબાલ્ડીએ તો થોડાંક માણસો હિંદના સ્વાતંત્ર્ય-યુદ્ધમાં મોકલવા તૈયારી પણ કરેલી, અને વિપ્લવ શરૂ થયા પછી નાનાસાહેબ તથા રશિયાના ઝાર વચ્ચે સંધિ થઇ છે એવી એક વાત ઊડેલી, એ જોતાં આઝિમુલ્લાખાને જ તે માટેની પાર્શ્વભૂમિ તૈયાર કરી હોય એમ લાગે છે.

આઝિમુલ્લાખાન યુરોપની સફરેથી પાછો આવ્યા બાદ નાનાસાહેબ હિંદમાં વિપ્લવની કેવીરીતે યોજના કરવી તે વિચારવા લાગ્યા. બળવાના મુખ્ય સૂત્રધારો—નાનાસાહેબ, આઝિમુલ્લાખાન, તાત્યાટોપે, બાલાસાહેબ, મૌલવી અહમદશાહ ને રાવસાહેબ—ની બિઠુરના રાજમહેલમાં ગુપ્ત સભાઓ થવા લાગી. પણ નાનાસાહેબની અંગ્રેજો સાથેની વર્તણૂક તો એટલી નિખાલસ દેખાતી કે નાનાસાહેબના કોઇપણ અંગ્રેજ મિત્રને તેના વિષે રજમાત્ર શંકા ન આવતી. નાના બિઠુરમાં ખૂબ દમામથી રહેતા. તેમનો મહેલ ઉચ્ચ પ્રકારની કળાકારીગીરીથી શણગારેલો હતો. તેમને જુદાંજુદાં પ્રાણીઓનો ખૂબ શોખ હતો, પણ તેમાં યે ઘોડાના તો તે ખાસ શોખીન હતા. વળી વિવિધ પ્રકારનાં હથિયારોનો તેમણે કરેલો સંગ્રહ તો ખાસ પ્રેક્ષણીય હતો. નાનાના ઉમદા સ્વભાવ તથા ઉદારતાની ઘણા અંગ્રેજોએ પ્રશંસા કરી છે. ઘણા અંગ્રેજો નાનાના ખાસ મિત્ર હતા અને વખતોવખત તેને મળવા બિઠુર આવતા. જતી વખતે નાના તેમને શાલ આદિ કીમતી વસ્તુઓ ભેટ આપતા. અવારનવાર અંગ્રેજ મિત્રોને આમંત્રણ આપી તે પાર્ટી તથા ડૅન્સ

(અનુસંધાન માટે જુઓ આગળ પૃ. ૨૬મે)

જવાંમર્દી ધીરજ અને શિસ્તની એક ભવ્ય સાગરકથા ઝિંદાદિલ ★ જહાજખેડુઓ

'S. O. S. S.O.S .S. O.S. અંતે અમે હવે સ્ટીમર છોડી જઇએ છીએ. અક્ષાંશ ૨૮.૪૫ દક્ષિણ, રેખાંશ ૮૫.૪૨ પૂર્વ. • • • – – – – • • •'

૧૯૨૩ના જૂનની ૪થી તારીખે વહેલી સવારે એસ. એસ. ટ્રૅવેસાના વાયરલેસ ઑપરેટરનો આ ટૂંકો સંદેશો અવકાશમાં ભયભરી ઝણઝણાટી મચાવી રહ્યો, અને દૂર દૂરનાં જહાજોને ચમકાવી રહ્યો.

બરાબર સવા કલાક પછી ખલાસીઓએ જહાજ તજી દીધું અને ૪૦ માઈલના વેગે ફુંકાતા પવનમાં હિંદી મહાસાગરના અતાગ જળમાં લાઈફ-બોટોને સીધી દિશામાં રાખવા મહેનત કરી રહ્યા. બીજા અર્ધા કલાક પછી ટ્રૅવેસા પોતાના એક છેડાપર ઊંચી થઈ અને હિંદી મહાસાગરને તળીએ ડૂબકી મારી. અને હવે તેના ખલાસીસમૂહની ૪૪ માણસોની અદ્‌ભુત સાગર–સફરનો આરંભ થયો.


ટ્રૅવેસા ૫,૦૦૦ ટનનું નાનું માલ–જહાજ હતું. હેઈન લાઈનની માલિકીનું, હોશિયાર ખલાસીઓથી સંચાલિત અને તમામ આધુનિક સગવડોવાળું એ જહાજ માલિકોને અભિમાન રૂપ હતું. ઈ. ૧૯૨૩ના જાન્યુઆરીના પહેલા અઠવાડિયે કૅનેડા જવા ટ્રૅવેસાએ લિવરપુલ છોડયું. ઉત્તર આટલાંટિકના શિયાળુ પવને એની સારી કસોટી કરી. નોવાસ્કોશિયાથી ન્યૂ યૉર્ક જઇ, પનામામાંથી બહાર નીકળી તેણે પાસિફિકની ૬,૦૦૦ માઇલની સફર આદરી. હેમખેમ ઑકલૅંડ બંદરે આવી પહોંચવાથી એની કિંમત ઓર વધી ગઈ. ન્યૂઝીલૅંડ તથા ઑસ્ટ્રેલિયાનાં બીજા બંદરોમાં ચારપાંચ દિવસ ગાળી પીરી બંદરેથી 'ઝિંક સલ્ફેટ'નો માલ ભરી, ડરબન રસ્તે હિંદી મહાસાગરમાં થઇ તે ઍન્ટવર્પ જવાની હતી. એપ્રિલના છેલ્લા દિવસો હતા. ટ્રૅવેસાને ઘર છોડયે લગભગ ચાર મહિના થવા આવ્યા હતા.

ઝિંક સલ્ફેટ એ વજનદાર અને ઝીણી રજ જેવો પદાર્થ હોય છે. એના કણો સહેજ ભીના હોઈ એકબીજાને ચોંટેલા હોય છે અને પાણીનો સ્પર્શ થતાં જ ઉપરનું થર જામી જાય છે. ટ્રૅવેસામાં એવો ૬૫૦૦ ટન માલ ભરવામાં આવેલો. ભંડકિયાના પંપોમાં એ ન ભરાઇ જાય, તેની સાવચેતી લેવામાં આવી હતી. ૨૫મી મેએ ટ્રૅવેસાએ પીરી છોડયું, અને ફરી મૅન્ટલમાંથી કોલસા ભરી દસ દિવસ પછી તેણે હિંદી મહાસાગરની લાંબી મુસાફરી શરૂ કરી.

ઑસ્ટ્રેલિયન સમુદ્રના તોફાની પવનોમાંથી જલદી નીકળી જઇ મકરવૃત્તના શાંત પ્રદેશમાં પહોંચી જવા ટ્રૅવેસાના કૅપ્ટન ફૉસ્ટરે સહેજ વાયવ્ય ખૂણો લીધો. સખત પવન અને ઊછળતો સમુદ્ર હોવાથી ટ્રૅવેસા ધીમેધીમે આગળ વધતી હતી. પહેલા અઢાર કલાકમાં એણે માત્ર ૧૭૦ માઈલ કાપ્યા. બીજે દિવસ પણ એવો જ કસોટીભર્યો પસાર થયો. ડેક તો ઊછળતાં મોજાંઓના મારાથી તદ્દન ભીંજાઈ ગયો હતો. ખલાસીઓ પણ બીચારા તરબોળ થઈ જતા ને ઘણી વાર તો તેમને રસી પકડીને જ ચાલવું પડતું. પરંતુ એ સ્થિતિની કોઈ ફરિયાદ કરતું નહિ. આમ ને આમ ત્રીજી જૂન થઇ. હજી યે પવન સુધર્યો નહોતો. બધાના ચહેરા કંટાળેલા હતા. રાત પડી. એક જંગી મોજું ભયાનક વેગથી આવ્યું, અથડાયું અને ડેક પરથી પસાર થઈ ગયું. તે સાથે બે લાઇફ-બોટોને ઊંચકીને દૂર ફેંકતું ગયું. સુથારોને માટે હવે કામ વધી ગયું. આમ છતાં જહાજની સલામતી વિષે કોઇને શંકાનો અંશ પણ પેદા થયો ન હતો. વીજળીના ઝળહળતા પ્રકાશમાં સુથારો મજબૂત હાથે કામે મચી પડયા હતા.

હવે જરા ખલાસીઓના આરામગૃહમાં નજર કરીએ. ખડખડાટ હસતા આ યુવાન ખલાસીઓ ઝંઝાવાતની આ નવી છતાં બહુ ગમે એવી લાગણીઓને આપસઆપસની મશ્કરીઓમાં ઢાંકવા પ્રયત્ન કરતા. ભયંકર તોફાનોની કસોટીમાંથી પસાર થયા પછી જ સાચા ખલાસી થવાય એ તેઓ જાણતા હતા, અને કેટલાક તો એવા તોફાનો અનુભવી પણ ચૂકેલા. ઇજનેરી ખાતાનાં માણસો આ પ્રચંડ મોજાંની સતત થપાટો સામે આ નાનકડી પોલાદની પેટી કેટલુંક ટકી શકશે એવી શંકા અંતરમાં ઉદ્‌ભવતાં જ દાબી દેતાં. ૪૪ માણસોના બનેલા એ જગતમાં સૌથી વધુ શાંત સ્થળ હતું કૅપ્ટનની ઓરડી. ત્યાં સ્ટીમરનો પ્રથમ અમલદાર, જેમ્સ સ્ટુઅર્ટ સ્મિથ ને કૅપ્ટન ફૉસ્ટર શાંત ચિત્તે તોફાનની આ નાનકડી મુશ્કેલીનો વિચાર કરતા હતા. તોફાન નાનુંસૂનું નહોતું, તેમજ અસાધારણ પણ નહોતું.

ત્રીજી જૂનની રાતના બાર વાગવા આવ્યા છે. સૌ સૂતા છે. એવામાં અચાનક આગળના ભાગ પર સૂતેલા એક યુવાન ખલાસીને કંઈક સંભળાય છે. એ અવાજ બહુ મોટો તો નથી જ. એ પોતાના જોડીદારને જગાડે છે ને કહે છે, 'કયાંયથી પાણી પેસવાનો અવાજ આવે છે?' પેલો હસીને કહે છે, 'ચારે બાજુ પાણીનો જ અવાજ છે ને?' થોડી વાર પછી બધા કાન માંડી સાંભળવાનો પ્રયત્ન કરે છે અને જહાજમાં પાણી ભરાતું હોવાના નિર્ણય પર આવે છે. કૅપ્ટનને ખબર અપાય છે. અંદરની લાગણીને જરાયે પરખાવા દીધા સિવાય એ પોતાના અમલદારોને વેન્ટીલેટર્સ તપાસવાની, સુથારોને મોકલવાની અને પંપો ચાલુ કરવાની આજ્ઞાઓ આપે છે. એન્જિનરૂમમાંથી ખબર મળે છે કે પંપોમાંથી પાણી બિલકુલ આવતું નથી. એટલે ભંડકિયું તો ખાલી જ હોવું જોઇએ. પરંતુ ખલાસીઓ તો પેલો અવાજ સાંભળવાની વાત પર મક્કમ છે. કૅપ્ટન ફૉસ્ટર અને પ્રથમ ઑફિસર સ્મિથ ભીંજાતા વસ્ત્રે ડેક પર ફરી વળે છે. ત્યાં તો



ભાગ પાણીમાં નમ્યો છે તથા ગતિ સહેજ ઓછી થઇ છે, છતાં પરિસ્થિતિ ચિંતાજનક નથી. કૅપ્ટન વિચારમાં પડે છે. મધરાતના સાડા બાર વાગ્યા છે. હવે એને બધું દીવા જેવું સ્પષ્ટ સમજાઇ જાય છે. ઝિંક સલ્ફેટ અને લોઢાની દીવાલો વચ્ચેની રસાયણિક ક્રિયાથી જહાજના આગલા ભાગમાં કાણું પડી ગયું છે અને પંપના મોઢામાં સલ્ફેટ જામી જવાને કારણે તે પાણી ચૂસી શકતા નથી!

ભંડકિયામાં રીવેટો તોડી, નવું કાણું કરી પંપો બેસાડી શકાય, તો જ અંદરનું પાણી ઉલેચાય. એન્જિનીઅરો તનતોડ મહેનત કરી રહ્યા છે. હવે જાણી ગયા છે કે સ્ટીમરમાં પાણી ભરાઈ રહ્યું છે. સામેના મોરા પર પવન ને પાણીનો માર હળવો કરવા સ્ટીમરને પાછી ઉલટી બાજુએ ચલાવવામાં આવે છે. હજી સ્ટીમર પરનો વ્યવહાર પૂર્વવત્ ચાલુ છે. સૌ પોતાની ફરજ બજાવી રહ્યું છે.

કૅપ્ટન ફૉસ્ટર હવે પોતાના સાથીઓ તરફ જુએ છે. છતાં સ્ટીમર ડૂબી રહી છે એ બોલવાની કોઇને જરૂર જણાતી નથી. ત્રીજો અમલદાર પૂછે છે: 'લાઈફબોટો તૈયાર કરીએ?' કરચલીઓથી ભરેલા કપાળે કૅપ્ટન હા પાડે છે. બધાને સૂચના અપાઇ જાય છે કે ઘંટ વાગતાં જ ઉપર આવી જવાનું છે. વાયરલેસ ઑપરેટરને કૅપ્ટન પૂછે છે: 'આજુબાજુમાં કોઈ જહાજ છે?'

'ના સાહેબ, નજીકમાં તો કોઇ જ નથી. પણ છેક ત્રણસો માઇલ દૂર 'રૂનિક'ના સંપર્કમાં છું.'

અંતે, કોઇ પણ સ્ટીમર ડૂબવા માંડે ત્યારે તેના એરિયલ પરથી છેલ્લી વાર જ ટ્રાન્સમિટ થતો સંદેશો કૅપ્ટન ફૉસ્ટર ઑપરેટરને આપે છે ને થોડીવારમાં જ S O S નો સંદેશો અંતરીક્ષમાં ભયની ઝણઝણાટી મચાવતો દૂરદૂરનાં જહાજોને ચમકાવી રહે છે: 'S O S. ટ્રૅવેસા જહાજને છોડી જઇએ છીએ'. એસ. એસ. રૂનિકનો જવાબ પણ આવી જાય છે. 'O.K.'

હવે સ્ટીમર પરનું કામકાજ વધી જાય છે. દૂધના થોડા ડબ્બાઓ, બિસ્કિટો તથા જરૂરી દસ્તાવેજો લઇને લાઈફબોટો નીચે ઉતારાય છે: મધરાતના અંધકારમાં દક્ષિણ હિંદી મહાસાગરનાં તોફાની મોજાંઓ પર મહામુશ્કેલીએ હોડી સ્થિર રહે છે. બધા જ શાંત છે. હૈયામાં કોઈ ભયાનક લાગણીઓ અનુભવતા છતાં એ ૪૪ જીવો મોં પર સંપૂર્ણ સ્વસ્થતા જાળવી રાખે છે. નજીકમાં નજીકની જમીન પણ ૧૫૦૦ માઇલ દૂર છે. લાંબા વિચારો કરવા પાલવે એમ નથી. કૅપ્ટન સૌને સાન્ત્વન આપે છે કે S O S નો સંદેશો સાંભળનારમાંથી એકાદ જહાજ તો આપણને જરૂર ઊંચકી લેશે.

'સલામ! વહાલી ટ્રૅવેસા, છેલ્લી સલામ! ખારા વિસ્તારની મીઠી વીરડી! તેં આપેલી સુખસગવડો ને આરામ કદી વિસરવાના નથી.'

બે હોડીમાંથી એકનું સુકાન કૅપ્ટન જાતે સંભાળે છે. બીજીનું ટ્રૅવેસાના પહેલા ઑફિસર સ્મિથ. પહેલી હોડીમાં વીસ માણસો છે, જેમાં બે બર્મીઝ, બે આરબ, બે સીદીઓ અને એક હિંદીનો પણ સમાવેશ થાય છે. બીજી હોડીમાં ૨૪ જણ છે.

શરૂઆતમાં તો બંને હોડીઓએ સાથે જ હંકારવાનું નક્કી કર્યું. નજીકમાં નજીકનો કિનારો તો ઑસ્ટ્રેલિયાનો હતો. પણ ફરી પાછા ત્યાંના તોફાની પવનોમાંથી પસાર થવું એ તો મૃત્યુને ભેટવા જવા જેવું હતું. પણ અનુકૂળ પવનનો લાભ લઈ આફ્રિકા તરફ જવાનું ચાલુ રાખવામાં આવે તો ૧૬૦૦ માઇલ દૂર મૉરિશિયસના ટાપુ પર જઈ પહોંચાય. અને એ નાનકડો ટાપુ ન પકડાય તો છેવટે માડાગાસ્કર તો જરૂર પહોંચાય. દિશા બરાબર જાળવી રાખી શકાય અને બીજી ખાસ કોઇ થાય જ. પણ પાસે ખાવાની વસ્તુઓ બહુ મર્યાદિત હોવાથી પહેલા જ દિવસથી કડક માપબંધી ચાલુ કરવામાં આવી. દરેક માણસને ચોવીસ કલાકમાં માત્ર એક જ બિસ્કીટ, સીગરેટનું ઢાંકણું ભરીને દૂધનો ભૂકો (કન્ડેન્સ્ન્ડ મિલ્ક) ને દિવસમાં ત્રણવાર ત્રણત્રણ ચમચા મીઠું પાણી. આનું પાલન છેવટ સુધી કરવામાં આવેલું.

બન્ને હોડીઓને સાથે રાખવાને મથવાથી બન્નેનો સમય નકામો જતો હતો. કારણ એક હોડી આગળ નીકળી જાય તો તેણે બીજીની રાહ જોવા થોભવું પડતું. શરૂશરૂમાં હરીફાઈ અને સંયોગોની ઉશ્કેરણીથી સાથે રહેવામાં સુગમતા ઘણી પડતી. પણ પાછળથી, ૯ મી જૂને નક્કી કરવામાં આવ્યું કે બન્નેએ હવે છૂટા પડવું. એ લોકોને છૂટા પડતી વખતે મનમાં શું થયું હશે, એનો ખ્યાલ જમીન પર સલામતીના વાતાવરણમાં રહેલા આપણને આવવો અશક્ય છે. કોનું શું થવાનું છે અને ફરી કોઇને જોઇ શકાશે કે કેમ એ કોઈ જાણતું નહોતું.

સેક્સ્ટન્ટની તથા દિવસે સૂર્ય ને રાત્રે તારાઓની મદદથી હોડીની દિશા બરાબર જાળવી રાખવામાં આવતી. અલબત્ત, એ કામ સહેલું તો નહોતું જ. બધાની વચ્ચે કામગીરી બરાબર વહેંચી દેવામાં આવી હતી. સૌ પોતપોતાની રીતે ઉત્સાહ જાળવી રાખવાનો પ્રયત્ન કરતાં હતાં. પણ એમની શક્તિઓ દિનપ્રતિદિન ક્ષીણ થતી જતી હતી. એક બિસ્કીટ અને જરા જેટલું દૂધ એ સખત અંગમહેનત કરનારા મજબૂત ખલાસીઓ માટે નહિવત્ હતું.

પણ સૌથી વધારે ભયાનક વસ્તુ હતી તરસ. શરીરમાંથી 'પાણી પાણી'ની દુર્દમનીય પુકાર ઊઠતી. માપબંધીમાં મળતું ૯ ચમચા પાણી ખૂબ જ ઓછું હતું. એથી તો ઊલટું એમની પ્યાસ વધુ તીવ્ર થતી. રાત્રે નાનકડી હોડીમાં શરીર લંબાવીને બરાબર સૂઈ પણ શકાતું નહિ. જીભ પર એવી તો સફેદ છારી બાઝી ગઇ હતી કે પેલું એક બિસ્કીટ પણ ખાઇ શકાતું નહિ. મોંમાં થૂંક જ ઉત્પન્ન થતું નહોતું! સખત ચેતવણીની અવગણના કરી પોતાનાં બિસ્કીટ દરિયાના પાણીમાં ભીંજવી બેત્રણ માણસોએ ખાધાં અને તેઓ મરણ પામ્યા! બધાયની ચામડી મોજાંઓનું ખારું પાણી સતત અથડાવાથી સખત થઈ ગઇ હતી અને વચ્ચેવચ્ચેથી માંસ પણ દેખાતું. એના પર મોજાં છંટાવાથી કેવી અસહ્ય વેદના થતી હશે એની કલ્પના તો કરો!! પગ સૂઝીને થાંભલા જેવા થઈ ગયા હતા, અને થોડા દિવસ પછી તો બધાના નખ પણ ખરી પડ્યા. આંખો લાલઘૂમ થઇ ગઈ હતી, અને ચહેરાઓ ભયાનક બની ગયા હતા. સખત દુખાવાથી માથું જાણે ફાટી જતું હતું. આમ છતાં એ વીરધીર ખલાસીઓ પોતાની ફરજો બરાબર બજાવતા અને સોંપેલું કાર્ય કરતા. શિસ્ત અને આજ્ઞાપાલન અજબરીતે નખશિખ થતું હતું. જીવનની કપરી, ભયાનક ને લગભગ છેલ્લી ગણાય એવી એ પળોમાં પણ સૌએ બતાવેલી હિંમત, કાર્યપરાયણતા અને ઉત્સાહ એ ખરેખર આશ્ચર્યજનક ગણાય.

દિવસો પર દિવસો આમ પસાર થતા હતા. કદાચ રસ્તામાં કોઇ સ્ટીમર મળે ને ઊંચકી લે એ આશા સાથે એકાદ વાદળું પણ વરસી જાય એવી ઇચ્છા યે તેઓ સેવતા, ને એવું એકાદ વાદળું વરસી જતું તો ચાતકની માફક સૌ પોતાનાં ગળાં ભીંજવતા. પવન ક્યારેક શાંત રહેતો, તો ક્યારેક સમુદ્રનાં નાનાં તોફાનોથી હોડી ખળભળી ઊઠતી. હલેસાં અને શઢની મદદથી હોડીની ગતિ તો અખંડરીતે ચાલુ રખાતી. કમ્પાસ (ધ્રુવ કાંટો) અને ક્રૉનોમીટરના અભાવથી અક્ષાંશ-રેખાંશ જાળવી રાખવાની બહુ મુશ્કેલી પડતી. દિવસે સૂર્ય પરથી ગતિ નક્કી કરવા સૂર્ય તરફ જોયા જ કરવું પડતું એથી આંખો જાણે આંધળી થઇ

જતી. રાત્રે ધુમ્મસ ન હોય ત્યારે તારાઓ તરફ સેક્સ્ટન્ટ તાકીને હિસાબ કરવો પડતો. ક્રૉનોમીટર વિના ચલાવી લેવા માટે ક્ષિતિજ-ગણત્રી જરૂરી હતી, પણ ઊંચાંનીચાં થતાં મોજાંઓ પર ખેલતી ખુલ્લી હોડીમાંથી ક્ષિતિજની સીધી લીટી જોઇ ગણત્રી કરવી બહુ અઘરું કામ હતું. સુકાન પર રાત્રે ત્રણ જણની જરૂર પડતી: એક જણનું કામ સુકાન સંભાળવાનું, બીજાનું દિશા-સૂચનો આપવાનું, ને ત્રીજાનું આ બન્નેને જાગતા રાખવાનું! આમ પૂરા ૧૫ દિવસ પસાર થયા.

હવે તો એમની શારીરિક શક્તિની મર્યાદા આવી ગઇ હતી. કૅપ્ટન ફૉસ્ટર એની ડાયરીમાં લખે છે: 'હવે જેઓ મજબૂત હતા એમને માથે વધારે કામ આવી પડતું, અને ફરજ પર ન હોય તો યે તેમને બોલાવવા પડતા. છતાં અમે બીજાથી વધારે કામ કરીએ છીએ એવો વિચાર પણ કોઈ કરતું નહિ.' અઢારમે દિવસે કૅપ્ટનની હોડીમાંનો હિંદી અને ૧૯મે દિવસે આરબ મરણ પામ્યા.

૨૬મી જૂનની બપોરે, પ્રવાસના ત્રેવીસમા દિવસે, જમીનનાં દર્શન થયાં! આનંદથી તેમનાં હૃદય નાચી ઊઠયાં. સૌ વારંવાર પ્રભુનો પાડ માનવા લાગ્યા કે આખરે અનંત કષ્ટ અને દુઃખોનું ફળ મળ્યું ખરું! રાત્રે આઠ વાગ્યે તેઓ રૉડ્રિજના કિનારે આવી પહોંચ્યા. પણ બધાના પગ થોડા સમય પૂરતા તો નકામા જ થઈ ગયા હતા.

આવતાંની સાથે જ સૌથી પહેલાં કૅપ્ટન ફૉસ્ટરે મોરિશિયસ પાસે રહેલી બ્રિટિશ ક્રૂઝર 'ક્લાંબો' સાથે તાર વ્યવહારથી ટ્રૅવેસાની બીજી હોડીની તપાસ કરવાના સંદેશા ચલાવ્યા. ફૉસ્ટરે સૂચવેલા માર્ગ પર ક્રૂઝરે તપાસ કરી, પણ નિષ્ફળતા મળી.


આખરે પ્રથમ અમલદારની હોડી પણ ૨૯મી જૂને મોરિશિયસ ટાપુના અગ્નિ કિનારા પર આવી પહોંચી. કૅપ્ટન ફૉસ્ટરની હોડીએ ૧૫૫૬ માઈલ અને બીજી હોડીએ ૧૭૪૭ માઇલ કાપ્યા હતા. બીજી હોડીને તો ખૂબ સહન કરવું પડયું હતું. લાંબો પ્રવાસ, મોટી સંખ્યા, વધારે દિવસો ને પાણીની અસાધારણ ખેંચને કારણે એમની શારીરિક હાલત અત્યંત કરુણાજનક હતી. ૨૪માંથી ૮ માણસો તો મરણ પામ્યા હતા. એમાં એક તો મુખ્ય એન્જિનીઅર હતો. કિનારે ઊતર્યા પછી થોડા જ કલાકમાં એક વધુ મરણ નિપજ્યું.

મોરિશિયસની રાજધાની પોર્ટ લૂઇના દેવળમાં એક ખાસ સભા ભરીને ટાપુના ગવર્નરે બ્રિટિશ ખલાસીઓની મહાન પ્રણાલિકા જાળવી રાખનાર એ વીરોને હાર્દિક અભિનંદન આપ્યાં. સાધારણ વેપારી માલ-જહાજનાં આ માણસોની તથા એના અમલદારોની હોશિયારી અને આવડત તથા બધાની શિસ્ત અને ખેલાડીપણાની અદ્‌ભુત કદર કરતા શબ્દો બોર્ડ ઑાવ ઈન્કવાયરીના રીપોર્ટમાં લખાએલા છે. ઇંગ્લંડનાં રાજારાણીએ કૅપ્ટન ફૉસ્ટર અને મિ. સ્મિથને બકિંગહામ પૅલેસમાં મુલાકાતે બોલાવી તેમનું બહુમાન કર્યું. ઈ. સ. ૧૯૩૦માં એ કૅપ્ટન ફૉસ્ટરનું તો અવસાન થયું; પણ જ્યાં સુધી સમુદ્રની વાતો જીવતી રહેશે ત્યાં સુધી એનું નામ અમર રહેશે.

(અંગ્રેજી ઉપરથી) **નાનાલાલ મો. વસા**

કસોટી

(૧) જાન્યુઆરીની ૧લીએ રમણલાલ શેઠે એક નોકરને નોકરીએ રાખ્યો. પણ નોકરે પગાર બાબત એવી શરત કરી કે પહેલે દિવસે તેને માત્ર ૧ પૈસો પગાર આપવામાં આવે અને રોજ તે પગાર બમણો થાય. શેઠ તો આવો ઓછો પગાર માગનાર બુડથલ નોકર જોઇને ખુશખુશ થઈ ગયા. જ્યારે ફેબ્રુઆરીની પહેલીએ નોકરે પગાર માગ્યો. શેઠે મુનીમને શરત સમજાવીને હિસાબ કરવા કહ્યું, ત્યારે હિસાબ કરીને મુનીમે જે આંકડો કહ્યો તે સાંભળીને શેઠ તો દિગ્મૂઢ બની ગયા! એટલા પૈસા તો પોતે બધું ઘરબાર વેચી દે તો ય ન આપી શકે. તો નોકરનો કુલ પગાર આશરે કેટલા રૂપિયા થયો હશે?



(૨) ગયે મહિને જ જેમનું અવસાન થયું તે જગતની આ અનન્ય વિભૂતિને ઓળખો છો?

(૩) એક માણસ પાસે ૨૦૦ કરતાં યે ઓછાં કબૂતર છે. તે જ્યારે તેમને બબ્બેની જોડીમાં હવામાં છોડે છે ત્યારે છેવટે ૧ બાકી રહે છે; ત્રણ ત્રણનાં જોડકાંમાં છૂટાં મૂકે છે ત્યારે ૨ બાકી રહે છે; ચારચારના સમૂહમાં છોડે છે ત્યારે ૩, પાંચપાંચના સમૂહમાં છોડી મૂકે છે તો ૪, અને છછના સમૂહમાં છોડે છે ત્યારે પાંચ બાકી રહે છે. પણ જ્યારે તે સાતસાતના સમૂહમાં છૂટાં મૂકે છે ત્યારે એકપણ બાકી નથી રહેતું. તો તે માણસ પાસે કેટલાં કબૂતર હશે?

(૪) તખલ્લુસ (ઉપનામ)થી લખવાની પ્રવૃત્તિ આપણે ત્યાં બહુ વિપુલ છે. તેમાંથી નીચે આપેલા કેટલાક જાણીતા તખલ્લુસધારીઓનાં સાચાં નામ કેટલા જણ કહી શકશે?

૧ સાહિત્યપ્રિય, ૨, સુંદરમ્, ૩ સેહેની, ૪ સ્નેહરશ્મિ, ૫ ધનશ્યામ, ૭ સુદામો, ૮ ચકોર, ૯ વૈશંપાયન અને ૧૦ ગિરીશ.



(૫) એક વખત મનુ બાજુના ચિત્રમાં બતાવેલા આકારનો એક પાઉં લઈ આવ્યો. ઘેર લાવ્યા પછી તેના પિતાજીએ તેની બુદ્ધિની કસોટી કરવા કહ્યું, 'મનુ, આ પાઉં પર માત્ર ત્રણ વખત જ છરી ફેરવીને તેના આઠ કટકા કરી શકીશ?' મનુએ બહુ વિચાર કર્યો. પણ સફળ ન થયો. તમે કંઇ રસ્તો બતાવી શકશો?


(૬) તમારું સામાન્ય જ્ઞાન કેટલું સમૃદ્ધ છે તેનો ખ્યાલ નીચેના પ્રશ્નો સાથે જણાવેલા તેના ઉત્તરના વિકલ્પો પૈકી તમે કયો પસંદ કરો છો તેના પરથી આવશે: (ક) એક ઘોડાની સરાસરી શક્તિ (૧) ૧૦ માણસ જેટલી (૨) પાંચ માણસ જેટલી (૩) ત્રણ માણસ જેટલી હોય છે; (ખ) મનુષ્યની ચાલવાની સરાસરી ઝડપ કલાકના (૧) એક માઇલ (૨) ત્રણ માઇલ (૩) નવ માઈલ હોયછે; (ગ) મનુષ્યની ચામડી પર દર ચોરસ ઇંચે-(૧) ૪૬૦ છિદ્રો (૨) ૧૪૦૦ છિદ્રો (૩) ૩૫૦૦ છિદ્રો હોય છે; (ઘ) પીર પુંજાલ એ-(૧) એક મુસલમાન સંત છે (૨) કાશ્મીરની એક પર્વતમાળા છે (૩) લાલ ખમીસવાળાનો નેતા છે; (ચ) કે. પી. એસ. મેનન-(૧) ઈંગ્લંડમાં હિંદી હાઇકમિશનર છે (૨) અમેરિકામાં હિંદી એલચી છે (૩) ચીનમાં હિંદી એલચી છે; (છ) બંદુક ફૂટવાનો અવાજ-(૧) ૨૫૦૦ વાર (૨) ૬૮૦ વાર (૩) ૫૩૦૦ વાર દૂર સંભળાય છે; (જ) પ્લૅટિનમ ધાતુ-(૧) ૩૦૮૦ ડિગ્રી (૨) ૬૫૧ ડિગ્રી (૩) ૧૫૬ ડિગ્રી સેન્ટિગ્રેડ ગરમીએ પીગળે છે. (ઝ) ગીતાંજલિ-(૧) મહાભારતનું એક પર્વ છે (૨) ગીતાનું ટિળકે કરેલું ભાષાંતર છે (૨) કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનો કાવ્યસમૂહ છે.

(ઉત્તરો પૃ. ૧૧ ઉપર આપ્યા છે.)

અઢી હજાર વરસ પર 'રૂપ્ય' નામે શરૂ થઇને આધુનિક એકધારા ચલણ તરીકે છેક ઈ. ૧૫૪૨ થી ચાલ્યો આવતો

આ બ્લૉક ફુલછાબના સૌજન્યથી

આપણો રૂપિયો





ઉપર: ડાબી બાજુ—ઈ. ૧૫૪૨માં શેરશાહ સૂરીએ બહાર પાડેલા રૂપિયાના આ સિક્કા પછીથી હિંદનું મુખ્ય રૂપાનાણું સિલસિલાબંધ ચાલ્યું આવે છે. વચાળે: હિંદી ચલણમાં સૌથી લાંબો કાળ ચાલુ રહેલો, મહારાણી વિક્ટોરિયાની છાપવાળો, જનતામાં જાણીતો 'રાણી છાપનો રૂપિયો'—ત્રણગણા કદમાં.

હાલમાં જ આપણા રૂપિયામાં એક શકવર્તી ફેરફાર થયો. અત્યાર સુધી જે ચાંદીનો જ બનતો તે રૂપિયો હવે સંપૂર્ણ નિકલનો બન્યો છે. આની, બેઆની, ચાર આની, અરધો, એમ ક્રમેક્રમે પગપેસારો કરી હવે નિકલે રૂપિયાને પણ વ્યાપી દીધો છે. પહેલાંના રૂપિયા કરતાં સહેજ નાનો, પણ ચળકાટમાં તેનાથી જરાયે ન ઊતરે એવો આ નિકલનો રૂપિયો આપણા ચલણમાં એક મોટું ક્રાંતિકારી પગલું છે.

નિકલના સિક્કા સૌ પહેલા ૧૮૮૧માં સ્વિટ્ઝર્લૅન્ડે કાઢ્યા. તેનું અનુકરણ ફ્રાન્સ, બેલ્જિયમ, ઈટાલી, કૅનેડા ને ઑસ્ટ્રેલિયાએ કર્યું ને અત્યારે જગતના ૨૯ જેટલા દેશોએ નિકલના સિક્કાઓને પોતાના ચલણમાં સ્વીકાર્યા છે. હિંદનો રૂપિયો ચોખ્ખા નિકલમાંથી બનાવવામાં આવ્યો છે, જ્યારે અમેરિકામાં નિકલ અને તાંબાને ૧ : ૩ ના પ્રમાણમાં મેળવીને પછી પાડવામાં આવે છે. નિકલના સિક્કાનું સરાસરી આયુષ્ય સામાન્યરીતે દસ વર્ષનું હોય છે. નિકલની વિશિષ્ટતા એ હોય છે કે તે ખૂબ ઊંચા ઉષ્ણતામાને—૧૪૫૨ ડિગ્રી સેન્ટિગ્રેડે પીગળતું હોવાથી તેના સિક્કાઓ બનાવવા માટે ખાસ ભારે કિંમતની યંત્રસામગ્રી વસાવવી પડે છે. આથી ખોટા સિક્કા પાડનારાઓનું કામ ખૂબ મુશ્કેલ બન્યું છે. નિકલમાં જો કોઈ બીજી અ-લોહ ધાતુ ઉમેરવામાં આવે તો જ ઓછા ઉષ્ણતામાને સિક્કા પાડી શકાય. પણ નિકલમાં આવી બીજી ધાતુ ઉમેરીને પાડવામાં આવેલો સિક્કો તરત પકડાઈ જાય છે, કારણ કે બીજી ધાતુ મેળવેલું નિકલ પોતાનું ચુંબકત્વ ગુમાવી બેસે છે. ચોખ્ખા નિકલના રૂપિયા આગળ લોહચુંબક ધરતાં રૂપિયો તરત આકર્ષાય છે, જ્યારે બનાવટી નિકલનો રૂપિયો આકર્ષાતો નથી. નિકલના રૂપિયાને રણકાર ઉપરથી





જગતભરના ઇતિહાસમાં સિક્કાઓ સૌ પહેલાં હિંદમાં પાડવામાં આવેલા. આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં પતરાના કટકા પર વિવિધ સંજ્ઞાઓના 'પંચ' મારીને સિક્કાઓ પાડવામાં આવતા. ત્યાર બાદ ઢાળામાં ઢાળીને સિક્કાઓ પાડવાની સાથે હાથી બળદ આદિ આકૃતિઓ પણ આલેખાવા લાગી. (જુઓ ચિત્ર પહેલું. ઉપર: ચંદ્ર અને ચૈત્યની સંજ્ઞાઓ; નીચે: હાથી). તે પછી ગરમ ધાતુ પર જ સીલની માફક ડાઈ વડે ઊંડી છાપ પાડીને સિક્કા પાડવાની શરૂઆત થઈ. (ચિત્ર બીજું: એક બાજુ કમળ પર લક્ષ્મી અને બીજી બાજુ બ્રાહ્મી લિપિમાં લખાણ). પણ પછી ગ્રીકોએ હિંદ પર સવારી કરતાં તેમના સિક્કાની અસર આપણા સિકકા પર પડી અને સિક્કાની એક બાજુ રાજાનો ચહેરો અને બીજી બાજુ કોઇ ચિહ્ન આલેખવાની પ્રથા શરૂ થઇ. ત્રીજું ચિત્ર એ વખતે થઈ ગએલા સૌભૂતિ નામના હિંદુ રાજાના એવા સિક્કાનું છે. તેની એક બાજુએ રાજાનું મોરું છે, અને પાછળ કૂકડાનું ચિત્ર, પડખે ગ્રીક ઢબનો રાજદંડ અને ગ્રીક લિપિમાં રાજાનું નામ છે. ત્યાર બાદ શકોના સમયમાં એક બાજુ રાજાનું મોરું અને બીજી બાજુએ સૂર્ય, ચન્દ્ર આદિ આકૃતિઓ આવવા લાગી, અને કુશાનોના સમયમાં એક તરફ રાજાનું ચિત્ર ને બીજી બાજુએ શિવ, બુદ્ધ, ચન્દ્ર આદિ આકૃતિઓ આલેખાવા લાગી. ઉપર કુશાન સમયના સિકકાના એવા ચોથા ચિત્રમાં એક બાજુ રાજા કનિષ્કનું ચિત્ર ને બીજી બાજુએ ચન્દ્રદેવનું આલેખન છે.



સાતમા એડવર્ડ, પાંચમા જ્યૉર્જ અને છઠ્ઠા જ્યૉર્જનાં મહોરાંવાળા રૂપાના આ હિંદી રૂપિયાઓની પાછલી બાજુ વિવિધ વર્તુલાકારી કમળવેલ જ હમેશાં આવતી; તેને બદલે હવે નવા નિકલના રૂપિયાના પાછળના ભાગમાં સિંહનું આલેખન છે, જેની છાપ છેલ્લે આપી છે.


પરખવાનો નથી, પણ ઉપર પ્રમાણે લોહચુંબકથી પરખવાનો હોય છે.

પણ આ ધાતુના ફેરફાર ઉપરાંત આપણા રૂપિયામાં બીજો પણ એક મહત્વનો ફેરફાર થવાની વકી છે. અત્યાર સુધી આપણો રૂપિયો આના–પાઇમાં વહેંચાએલો હતો, પણ એ નવા વિચારાતા ફેરફારથી તે ૧૦૦ સેંટ(દોકડા)નો બનશે. એ એક સેંટ લગભગ બે પાઇ બરાબર થશે. આ ફેરફાર અમલમાં આવતાં આના–પાઈ અદૃશ્ય બનશે. આ ફેરફારની તરફેણમાં એવી દલીલ કરવામાં આવે છે કે હિંદુસ્તાનની આજુબાજુના પ્રદેશમાં–બ્રહ્મદેશ, સીલોન ઇત્યાદિ દેશોમાં–આ પદ્ધતિ ક્યારની યે શરૂ થઇ ગઇ હોવાથી હિંદમાં પણ એવી જ પદ્ધતિ ચાલુ કરવાથી તે બીજા દેશો સાથે રહી શકશે. આ પદ્ધતિ હિંદને ખરેખર લાભદાયક છે કે કેમ એ હજુ વિવાદાસ્પદ બાબત છે; કારણ આપણાં વજનનાં માપ બે, ચાર ને આઠના વિભાગોમાં વહેંચાએલાં હોવાથી રૂપિયો પણ તેવા જ વિભાગમાં વહેંચાએલો રહે એ ઇષ્ટ છે એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે.

આમ, આપણા રૂપિયામાં શકવર્તી ફેરફાર થઇ રહ્યા છે તેવે વખતે તેનો સાદ્યંત ઇતિહાસ જાણવો ખૂબ રસિક થઈ પડશે.

એ તો હવે સિદ્ધ થએલી વાત છે કે જગતના ઇતિહાસમાં સૌ પહેલા સિક્કા હિંદુસ્તાનની આર્ય જાતિએ જ પાડેલા અને વિનિમયના સાધન તરીકે તેનો ઉપયોગ શરૂ કરેલો. આજે ડહાપણનો બોજો પોતાને માથે લઇ ફરતા યુરોપિયનો તે વખતે તદ્દન જંગલી અવસ્થામાં હતા ને માંડમાંડ પશુઓનું માંસ શેકીને ખાતાં શીખ્યા હતા. વેદકાળમાં, રામાયણ-મહાભારત કાળમાં તથા ત્યાર પછી પણ લાંબો વખત આપણે ત્યાં સોનાના સિક્કાઓ જ પ્રચલિત હતા, અને તે 'નિષ્ક' અને 'સુવર્ણ'ને નામે ઓળખાતા. ચાંદીના સિક્કા પાડવાનું ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં શરૂ થયું. તે વખતનો ત્રણ મીંડાંવાળો ચાંદીનો નાનું ચોસલું એ સૌથી જૂનો ચાંદીનો સિક્કો ગણાય છે. ચાંદીના સિક્કા તે વખતે 'રૂપ્ય' ને નામે ઓળખાતા એમ પાણિનીના ગ્રંથમાં માહિતી મળે છે. 'રૂપિયો' તથા rupee શબ્દ તેના પરથી જ આવ્યા છે. તે વખતે ઘણુંખરું ચોરસ આકારના જ સિક્કાઓ પાડવામાં આવતા અને તેના પર જુદીજુદી વસ્તુઓના સંકેતો તથા પ્રતીકો કોતરવામાં આવતા. ત્યાર બાદ હાથી, બળદ ઈત્યાદિની આકૃતિઓ સિક્કા પર આવવા લાગી, અને ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં તો બ્રાહ્મી લિપિના શબ્દો પણ સિક્કા પર જણાવા શરૂ થયા. સિકંદરના હિંદમાં આગમનથી તેના સિક્કાની અસર હિંદી સિક્કાઓ પર પડી ને તેના પરિણામ રૂપે એક બાજુ કોઈ ગ્રીક દેવતાની આકૃતિ ને બીજી બાજુ ખરોષ્ઠી લિપિમાં લખાણ, એવા સિક્કાએ પ્રચલિત થયા. પણ શકોએ ગ્રીક દેવતાને બદલે હિંદુ દેવદેવીઓની આકૃતિ સિક્કા પર ઊતરાવી. મૌર્ય કાળનો ઉલ્લેખ કરતા કોઇ ખાસ સિક્કા મળી આવતા નથી. કુશાનોએ ૧૨૮ ગ્રેનના 'દીનાર' નામના સોનાના સિક્કા પાડ્યા હતા. તેમના સોના-ચાંદીના સિક્કા પર શિવ, બુદ્ધ આદિ દેવદેવીઓની આકૃતિઓ જણાઈ આવે છે. પણ ગુપ્તોના કાળમાં તો સિક્કાઓની કળા શ્રેષ્ઠતાએ પહોંચી. તેમાં એક બાજુ ઘણુંખરું સમ્રાટની આકૃતિ તથા તેનું બિરૂદ અને પાછળના ભાગમાં લક્ષ્મીની સુંદર આકૃતિ છપાતી.

મુસલમાનોના હિંદમા આગમન સાથે સિક્કાઓના ઇતિહાસમાં





પણ સિક્કાઓની સાચી કળા શ્રેષ્ઠતાએ તો પહોંચી ગુપ્ત કાળમાં. તે કાળમાં સિક્કાઓ પર દેવદેવીઓ તથા સમ્રાટની આકર્ષક આકૃતિઓ આલેખાવા લાગી. ઉપલા પહેલા સિક્કામાં એક બાજુ રાજદંપતીની છાપ અને બીજી બાજુ સિંહ પર બેઠેલી દેવીનું ચિત્ર છે. ત્યાર બાદ હિંદમાં મુસલમાનો આવ્યા. તેમણે સિક્કામાં જબ્બર ક્રાંતિ આણી. ઈસ્લામના આદેશ અનુસાર કોઇ પણ સજીવ આકૃતિનું આલેખન થઈ ન શકે; પણ શરૂઆતમાં તો તેઓ ભારતીય સિક્કાથી પ્રભાવિત થઈ સિક્કા પર ઘોડો બળદ આદિ આકૃતિઓ આલેખતા અને નાગરી લિપિનો પણ ઉપયોગ કરતા. શાહબુદ્દીન ઘોરીના કાળનો ઉપલો બીજો સિક્કો તેનું ઉદાહરણ છે. પણ ત્યાર બાદ ઈસલામી સંસ્કૃતિને અનુસરીને વ્યક્તિની આકૃતિ કે મુદ્રા અંકિત કરવાનું બંધ કરી દઈ માત્ર ઉર્દુ લિપિમાં જ લખાણ લખવાનો શિરસ્તો તેમણે શરૂ કર્યો. તેના ઉદાહરણ રૂપ ઉપરનું ત્રીજું ચિત્ર કુતુબુદ્દીનના ચોરસ સિક્કાનું છે. તે પછી મહમદ તઘલખે હલકી ધાતુના સિક્કાઓ ચાલુ કરીને મોટી અંધાધૂંધી ઊભી કરેલી. છેલ્લું ચિત્ર તેના એવા પિત્તળના સિક્કાનું છે. તે અંધાધૂંધી દૂર કરીને રૂપિયાને પહેલવહેલો વ્યવસ્થિત રૂપે શરૂ કરવાનું માન અફઘાન બાદશાહ શેરશાહ સૂરીને ફાળે જાય છે. આ લેખને મથાળે રાણી છાપના રૂપિયાને પડખે તેનું ચિત્ર આપ્યું છે, જે આજના આપણા રૂપિયાનો વડદાદો કહી શકાય.

એક નવું જ પ્રકરણ શરૂ થયું. શરૂઆતમાં તો તેઓ પણ ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત થયા હતા અને સિક્કા પર બળદ તથા ઘોડેસવારની આકૃતિઓ આલેખતા તથા તેના પરના લખાણ માટે નાગરી ભાષાનો ઉપયોગ કરતા. પણ પાછળથી ઇસ્લામી સંસ્કૃતિને અનુસરીને, થોડાક અપવાદો સિવાય, કોઇ પણ વ્યક્તિની આકૃતિ કે મુદ્રા અંકિત કરવાનું બંધ કર્યું. તેને બદલે ઉર્દૂ લિપિમાં કુરાનના કલમાઓ, બાદશાહનાં નામ તથા બિરૂદ, હિજરી સાલ ને કયે સ્થાને પાડવામાં આવ્યા તેનો ઉલ્લેખ, એટલી હકીકત સિક્કાની બે બાજુ પર આવતી. ૧૩મી સદીમાં ઘોરી રાજાઓએ ૧૭૮ ગ્રેનના સોના તથા રૂપાના, એક બાજુ કલમા અને બીજી બાજુ મહોરવાળા 'તનકા' નામના સિક્કા ચાલુ કર્યા હતા. પોતાની નાણાની તંગી નિવારવા મહંમદ તઘલખે હલકી ધાતુની ભેળવાળા ચાંદીના સિક્કાઓ તથા બીજા હલકી ધાતુના સિક્કાઓ પાડી તેને ઊંચી ધાતુના સિક્કા તરીકે ખપાવવાનો પ્રયત્ન કરવાથી ચલણમાં ખૂબ અંધાધૂંધી વ્યાપી ગઈ.


એ અવ્યવસ્થાને દૂર કરી નાણાંને ફરી સ્થિર પાયા પર મૂકવાનું માન અફઘાન બાદશાહ શેરશાહ સૂરીને ફાળે જાય છે. તેણે વિનિમયના સાધન તરીકે રૂપાનાણું સ્વીકારીને સૌ પહેલો ૧૭૮ ગ્રેનનો ચાંદીનો સિક્કો ચાલુ કર્યો. તે જ આપણો રૂપિયો. ઈ. ૧૫૪૨ની સાલમાં તે પહેલવહેલો બહાર પડ્યો અને ત્યારથી આજ સુધી તો એકધારો એ જ નામે ઓળખાતો આવ્યો છે. શેરશાહે રૂપિયાની બાબતમાં બે મહત્ત્વનાં પગલાં લીધાં એક તો તેણે રૂપિયાને બે, ચાર, આઠ અને સોળ ભાગમાં વહેંચીને તેટલી કિંમતનું તાંબાનાણું ચાલુ કર્યું, જે પણ આજ પર્યંત ચાલુ છે; ને બીજું તેણે ઠેરઠેર ટંકશાળો ઊભી કરીને ખૂબ મોટા પ્રમાણમાં રૂપિયા લોકોમાં ફરતા કર્યા. શેરશાહના રૂપિયાની એક વધુ વિશિષ્ટતા એ હતી કે તેણે પોતાનું નામ રૂપિયાની એક બાજુ પર નાગરી લિપિમાં અંકિત કરાવેલું. મુસલમાન બાદશાહોની પરંપરાને અપવાદ રૂપ આ બીજી વાર બન્યું.

શેરશાહને હરાવીને જ્યારે મુઘલો સત્તા ઉપર આવ્યા ત્યારે તેમણે ય સુધારાઓ ઘણા કર્યા, પણ તેમણે રૂપિયાને બદલ્યો નહિ. તે તો ૧૭૮ ગ્રેનના ચાંદીના સિક્કા તરીકે ચાલુ જ રહ્યો. ટંકશાળમાં રૂપિયા બનાવવામાં શુદ્ધ ચાંદી વપરાય તે માટે અકબર ખાસ તકેદારી રાખતો જોકે છેલ્લા મુઘલ રાજાઓના વખતમાં તેમની સંમતિથી કે સંમતિ વગર ચાંદીમાં થોડી ભેળસેળ થતી, તો પણ એકંદરે રૂપિયો ચાંદી અને વજન સાથે વફાદાર રહ્યો છે. અકબરે દશાંશ ભાગવાળા પોતાના નવા સિક્કા શરૂ કર્યા હતા, પણ પ્રજામાં તે લોકપ્રિય નહોતા નીવડ્યા. જહાંગીરે પણ સિક્કામાં થોડાક સુધારા કર્યા હતા. તે દર મહીને વારાફરતી રૂપિયાનો આકાર ગોળ અને ચોરસ પડાવતો. વળી તેમણે રૂપિયામાં કલાતત્ત્વ પણ દાખલ કર્યું હતું. બહ્મનો વિજય આલેખેલા તેના રૂપિયા એવાં તો દૃશ્યમનોહર હતા કે લોકોને તે ખૂબ જ ગમી ગયેલા. ઔરંગઝેબે રૂપિયા પર સાલ આલેખવાની શરૂઆત કરેલી. આવા નાના સુધારાઓ બાદ કરતાં દેશની ૭૯ ટંકશાળોમાંથી અલગવખતે બહાર પડતા રૂપિયાઓમાં હમેશાં બીજું બધું એકધારાપણું જ જળવાઇ રહેલું વજન અને આકારમાં તે એકસરખા જ નીકળતા. આ બાબતમાં એક બ્રિટિશ અધિકારી લખે છે, 'બે ત્રણસો વર્ષના ગાળા દરમિયાન રૂપિયામાં ચાંદીની જળવાઈ રહેલી ચોખ્ખાઇ, ટંકશાળોની મોટી સંખ્યા, કેટલાક રૂપિયાઓનો ઉચ્ચ કલાગુણ, તે વખતના બીજા સિક્કાઓ પરની તેની અસર તથા એક પ્રમાણભૂત (સ તેનું મહત્ત્વ—આ બધી બાબતોનો વિચાર કરતાં કબૂ છે કે મુઘલ સમયનું ચલણી નાણું આખી દુનિયામાં તરીકે ગણાવાની પાત્રતા ધરાવે છે.'

મુઘલ સત્તા પડી ભાંગી ત્યારે હિંદના ચલણમાં ધૂંધી ઉત્પન્ન થઇ. જુદાંજુદાં રાજ્યોએ પોતાના અ શરૂ કર્યાં. એ કાળ દરમ્યાન દેશમાં સોનાચાંદીના પ્રકારનાં સિક્કાઓ પ્રચલિત હતાં, જેમાં ૫૮૦ પ્રકારના એ રૂપિયા જ હતા! અંગ્રેજોએ હિંદ પર ગુલામી ઠોકી રૂપિયામાં વ્યવસ્થા આણવાનો તેમણે પ્રયત્ન કર્યો. શ હિંદમાં જે પ્રચલિત સિક્કાઓ હતા તે જ તેમણે ચાલુ રા માં તેમણે મહંમદશાહ પાસેથી સિક્કા પાડવાની સનદ બાદશાહની છાપનો રૂપિયો પોતાની ટંકશાળામાં કર્યો. ધીમેધીમે જેમજેમ તેઓ વધુ ને વધુ પ્રદેશ કબ તેમતેમ દેશની તમામ ટંકશાળો પર તેમનો કાબૂ તો રૂપિયાની અનેક જાતોને લીધે વેપારમાં અડચણ છે એવું બહાનું બતાવી તેમણે ઈ. સ. ૧૮૩૫ ની સા રૂપિયા સિવાય બાકીના તમામ રૂપિયા પાછા ખેં આમ. રૂપિયા ઉપરની પોતાની જીત તેમણે સંપૂર્ણ પોતાનો પહેલો સ્વતંત્ર રૂપિયો વિલિયમ ચોથાની છા હતો. એ રૂપિયાનું વજન તેમણે ૧૮૦ ગ્રેન રાખ્યું શુદ્ધ ચાંદી હતી. ૧૮૦ ગ્રેન આપણા એક તોલા જેટલું આપણાં વજન જોખવામાં પણ તેથી સુલભતા આવ અત્યાર સુધી રૂપિયાનું વજન જોકે ૧૮૦ ગ્રેન કાયમ તેની અંદરની ચાંદી ધીમેધીમે ઓછી થતી ગઈ છે અને રૂપિયામાં તો ચાંદી અત્યંત જૂજ હતી. પણ હવે તો પાછી ખેંચાઈ જઈ સંપૂર્ણરીતે નિકલનો રૂપિયો આ આવ્યો છે. હજુ પણ રૂપિયામાં કેટકેટલા ફેરફાર થ ત્યારે કોણ કહી શકે? આપણે ઇચ્છીએ કે સમૃદ્ધ હિં ના પ્રતીક રૂપ આપણો રૂપિયો પાછો ને ભરપૂર ચાં

કસોટીના જવાબો

(૧) ૧,૦૩,૯૭,૨૧૬ રૂપિયા આપવા જોઇએ નિકોલસ રોરિક—જગવિખ્યાત રશિયન ચિત્રકાર, લયને પોતાનું ઘર બનાવીને તેની રૂપસૃષ્ટિને પોત રંગોમાં સજીવન કરી હતી; તેમનું વિસ્તૃત જીવન ૧૧૮મા અંકમાં આવી ગયું છે. (૩) ૧૧૯ કબૂતરો; (વર્ધમાન શાહ, ૨-ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહા કલ્યાણરાય ઠાકોર, ૪-ઝીણાભાઈ રતનજી દેસાઈ માણેકલાલ મુનશી, ૬-હરજી લવજી દામાણી, ૭ ર



૮ બંસીલા નદાસ નર્ ૧૦-ગિરિ ભટ્ટ. (૫) બતાવ્યા ખ-૨, ગ- છ-૩, જ-૧

બહારવટાને પંથે [૫]

['મારી સફર'નો અંતર્ભાગ]

આજથી એક દસકા પર 'કુમાર'ના ૧૪-૧૫મા વર્ષમાં જેમણે આ લેખકની 'મારી સફર'ની લેખમાળા વાંચી હશે તેમને એમની આ નવી આપકથાનો વિશેષ પરિચય આપવાનો નહિ રહે. ગઈ માળામાં એમણે ક્રાંતિકારી દળમાં પોતે ભાગ લીધાનાં જે કેટલાંક ઈશારારૂપ વર્ણનો કર્યાં હતાં તેની સવિસ્તર હકીકત આમાં ક્રમશઃ આવશે.

લેખક · જીવરામ જોષી

સાચી ગોળી ચલાવીને પોલીસના બાતમીદારને તેનું નિશાન બનાવવાના ઉમંગમાં હું રાચતો થયો. એક મહિનાને અંતે એ સમય સાંપડ્યો. હું ઘણી ઉતાવળ કરવા માંડ્યો હતો.

કાલિદાસ કહે, 'ભાઈ, તમંચાના ભડાકાથી કોઈ આપણી એ ક્રિયા જાણી ન શકે એવી જગ્યા જોઇએ, તેની શોધ થાય છે; કારણકે તે માટેનો પૂર્વ અભ્યાસ ખૂબ સાવધાની માંગી લે છે.

કલ્પના અને વાસ્તવિકતામાં આકાશપાતાળનું અંતર છે એ હજી મને સમજાયું નહોતું. કાલિદાસ એવી ઘણી વાતો મને કહી ગયો, પણ એનું હાર્દ હું સમજી શક્યો નહિ. કોઈ કામ કરવાનું ધારી લેવું સહેલું છે, પણ કરવા બેસો ત્યારે એ વસમું થઇ પડે છે. ઘણાં કામ નાનાં લાગે, પણ તમને તેનો અનુભવ ન હોય અને કરવા બેસો તો થીજી જાઓ. માટે જ કહ્યું છે કે 'હજાર ગુરુ અને એક અનુભવ'. કોરા જ્ઞાનથી નહિ પણ અનુભવથી જીવન કસવું આવશ્યક છે.

કાલિદાસને મેં ઉતાવળ દર્શાવી એટલે તેણે કહ્યું, 'તું ઉત્સાહના આવેશમાં કાર્યની ગંભીરતા ભૂલતો નહિ.' મેં કહ્યું, 'બહુબહુ તો હું પકડાઇ જઇશ અને ફાંસીએ લટકવું પડશે એ જ ને?'

'એમ નથી. એ તો ભાવના કહેવાય. પકડાઇ જઇને ફાંસીએ લટકી જવું એ બસ નથી. ખરું તો આપણું ધાર્યું કામ પાર કેમ પડે એ જ મહત્ત્વનું છે. એ પાર પાડવા માટે દક્ષતાની જરૂર છે.'

કાલિદાસના મોં સામે હું જોઈ રહ્યો. સંસ્કૃત ભણતો આ કાચો જુવાનિયો આવું ડહાપણ રાખે છે? હવે હું સમજી શકું છું કે અમુક પ્રકારનું ભણતર જ માણસને નથી ઘડતું. પ્રત્યેક વ્યક્તિમાં પોતાનું કંઈક તેજ હોય છે. ગમે તેવી સ્થિતિમાં પણ એ તેજ પ્રગટી ઊઠે છે.

કાલિદાસ કહે, 'કસોટીમાંથી પસાર થઇને તારી કુશળતા, જન્મભૂમિની સ્વાધીનતા માટેની ત્યાગભાવના અને સાહસિકતા બતાવી આપવાનાં છે.' આ વાક્યોનો મર્મ તો અનુભવ પછી જ સમજાયો. નદીમાં નહાતાં માછલી શરીરને અડકી જાય તો યે કૂદીને નાસીએ એવા લોહીના ને વંશના, સ્વભાવથી જ અહિંસક, એવા આપણે તમંચો હાથમાં લઇને કોઇને વીંધી નાખીએ એ વાત કપરી છે.

દિવસો વીત્યા. કાલિદાસ સૂત્રો ગોખવામાં લાગી ગયો. પછી તો હું યે થાકીને માધુકરીની દાળરોટી એકવાર જમીને મણિકર્ણિકા અને દશાશ્વમેધ વચ્ચેના ઘાટની સફર કરતો રહ્યો.

એક દિવસ કાલિદાસ પાઠશાળાએથી આવ્યો. માધુકરી માગી આવીને હું જમવા બેસતો હતો.

'કેમ, કંઈ વધારે છે કે?' તેણે પૂછ્યું.

'આજ તો ભોંસલે મંદિરમાંથી ભાતનો મોટો ગોળો લાવ્યો છું.'

ખરેખર, ભોંસલેના મંદિરમાં વિદ્યાર્થીઓને માધુકરીમાં ભાતનો ગોળો એવો જ મળતો.

'તો હમણાં એક ભાઈ આવશે. કદાચ જમશે.'

થોડી વારે એક યુવાન આવ્યો. ગંભીર અને ચતુર. હું અરધું જમ્યો હતો. યુવાન પણ સાથે જ જમવા બેઠો.

યુવાને બે કોળિયા ખાઇને કહ્યું, 'પણ ભૂલ થઈ છે. હું કાયસ્થ છું. તમને કહેતાં ભૂલી ગયો. ખાવાપીવામાં કંઈક પાળવું જોઇએ.'

મેં કહ્યું, 'મુસલમાનોમાં એકબીજાથી અભડાય છે? કહો'.

તે કહે, 'ના'.

મેં કહ્યું, 'કારણ કે એ સૌ એક ધર્મના, એક જાતના અને એક સંસ્કૃતિના છે. તો આપણે હિંદુઓ પરસ્પરમાં ખાતાંપીતાં કેમ વટલાઇએ? જેનો એક ધર્મ, એક જાત અને એક સંસ્કૃતિ, તે સૌ એક જ કુટુંબના ગણાય.'

તેણે પૂછ્યું, 'આર્યસમાજી છો?'

મેં કહ્યું, 'મને એનું અભિમાન છે.'

યુવાન કંઈપણ બોલ્યા વિના જમતો રહ્યો પછી ધીમેધીમે વાતો શરૂ કરી. જમી રહ્યા બાદ પણ ઘણી વાર સુધી તેણે વાતો કરી. કાલિદાસ તો ચૂપ જ. મેં યુવાનની વાતોનો મનથી ઘાટ બેસાડ્યો તો હું સમજી ગયો કે મારી માન્યતા અને તે પ્રમાણે વર્તવાની તાલાવેલીમાં રજકણો કેવાંક બળવાન છે એનું એ તારણ કાઢતો હતો. એના ગયા પછી મેં કાલિદાસને એ વિષે પૂછ્યું. તે તો જોકે ચૂપ જ રહ્યો, પણ વાત ખરેખર એમ જ હતી. તેના ગયા પછી કાલિદાસે મને કહ્યું કે, 'આજે આપણે સારનાથ ફરવા જઈશું.' ભગવાન બુદ્ધે જ્યાં બેસીને અહિંસાનો પુણ્ય ઉપદેશ પ્રથમ વાર કર્યો હતો ત્યાં હિંસાની તાલીમ લેવાની ગોઠવણ થઈ હતી! સાંજના ચાર વાગ્યે સાઇકલ પર અમે બંને સારનાથ પહોંચ્યા. કાશીથી ઉત્તરમાં વરણા નદીને પેલે પારથી ડામરની સુંદર સડક સારનાથ સુધી જાય છે. એ કાળે સારનાથનું નવું ભવ્ય મંદિર બંધાઇ ચૂક્યું હતું અને જાપાની કલાકારો મંદિરની દીવાલો પર ચિત્રો દોરતા હતા. એક નાનકડી પાઠશાળામાં બૌદ્ધ સંન્યાસી આજુબાજુનાં કિસાન બાળકોને ભણાવતા હતા. તીબેટ અને ચીનથી આવેલા બૌદ્ધ યાત્રીઓ ભગવાન બુદ્ધના સ્તૂપ ફરતા પ્રદક્ષિણા ફરતા હતા. છતાં બધે નીરવ શાંતિ છાઇ હતી. વસતિ જેવું કંઈ હતું જ નહિ. દૂરદૂર ખેતરોમાં કિસાનો પણ ક્યાંક જ દેખાતા.

સાઇકલો મૂકીને અમે નવું મંદિર ને સંગ્રહસ્થાન જોતા રહ્યા. ત્યાં યોજના પ્રમાણે એક યુવાન આવી પહોંચ્યો. કાલિદાસે તેને જોયો. કશી વાતચીત કે સંકેત પણ ન થયો. છતાં કાલિદાસ સમજી ગયો.

'ચાલો, ખેતરોમાં ફરી આવીએ.' કહી કાલિદાસ મને લઈ ચાલ્યો.

પાંચસાત ખેતરો વટાવી અમે દૂર નીકળી ગયા. એક આંબા તળે પેલો બેઠો હતો. ત્યાં જઇ અમે પણ બેઠા. હવે હું સમજી ગયો.

યુવાને રિવૉલ્વર કાઢી. ચાંપ દબાવી તેની ગરગડી કાઢી. તેમાં પાંચ કારતૂસ હતા. એક પછી એક બધા કાઢી લીધા. પછી ફરી પાછા અંદર ભરી દીધા અને ગરગડી બેસાડી દીધી. પછી મારા હાથમાં રિવૉલ્વર મૂકીને તેણે કહ્યું, 'મેં જેમ ખોલી હતી તેમ ખોલો, કારતૂસ કાઢો અને ફરી પાછા ભરી દો'. હું તેમ કરી શક્યો.

'શાબાશ! હવે નિશાન તાકશો કેવી રીતે?' તેણે પૂછ્યું.

મેં હાથ લંબાવીને નિશાન તાક્યું.

તેણે કહ્યું, 'એકદમ સીધો હાથ કરીને નિશાન તાકવા કરતાં, સહેજ ઊંચે હાથે કાટખૂણો વાળીને નિશાન તાકવું વધારે સારું છે, કારણકે તેથી આંખ બરાબર કામ કરે છે અને ગોળી છૂટયા પછી

એ છે કે, પોતાનું મન જેમ કહે તેમ નિશાન બેસાડી ગોળી છોડવી જોઈએ. ઘણી વાર નિશાન તાકવા જેટલો સમય પણ નથી હોતો.

થોડે દૂર આંબાવાડિયું હતું. તેમાં અમે ઘૂસ્યા. આંબાના થડ ઉપર એક પાંદડું ચોડયું. તેને વીંધવાનું હતું. મેં ચોક્કસાઈથી નિશાન લીધું અને ગોળી છોડી. હળવો ધક્કો વાગ્યો. ગોળી પાંદડાના ઉપલા ભાગ પર જઈ બેઠી.

'બરાબર છે. ગોળી ધારેલા સ્થાને ન બેઠી તેનું કારણ સમજ્યા? ગોળી છૂટતી વેળા જે ધક્કો વાગ્યો તેને લીધે રિવૉલ્વરની નળી સહેજ ઊંચી થઈ ગઈ. તમારે શું કરવાનું, કે ઘોડો દબાવો ત્યારે હાથના સ્નાયુઓને ઘણા જ દૃઢ બનાવી દેવા, કે જેથી રિવૉલ્વર ડગે નહિ. રિવૉલ્વર જાણે કે છટકી જવા માગતી હોય અને તમે એને પૂરા જોરથી દબાવી રહ્યા હો. પછી તો અભ્યાસથી બધું સુલભ છે.'

આ રીતે મેં બીજા ત્રણ વાર કર્યાં. ચોથે વારે પાંદડું વીંધાયું.

'બસ, ફરી કાલે.' કહેતો યુવાન રિવૉલ્વર કેડમાં ખોસીને પૂર્વ ભણી ચાલતો થયો.

અમે બંને પાછા સારનાથ ભણી વળવાને બદલે સીધા જ ચાલવા માંડયા. તમંચાના ભડાકા સાંભળનારાઓને આશ્ચર્ય તો થયું જ હોય. કદાચ કોઈ 'શું થયું' તે જોવા યે આવી ચડે. બેએક માઈલનો ચકરાવો લઈને અમે પાછા સારનાથ આવ્યા. સાઈકલો ત્યાં જ પડી હતી.

આ પછી બીજા બે પ્રયોગો થયા. છેલ્લો પ્રયોગ ઘણો જ સફળ બન્યો. મને તમંચો અપાયો. જે 'દેશદ્રોહી'ની હત્યા કરવાની હતી તેની ઓળખ કરાવાઈ તેને લગતી બધી સૂચનાઓ મળી.

એ દેશદ્રોહી ગુપ્તચર–વિભાગનો બાતમીદાર હતો. કાકોરી ષડયંત્ર હજી તપાસમાં જ હતું તે સંબંધે અનેક યુવાનોની ધરપકડો ચાલુ હતી. કાશીમાં વિશેષ ગરમી હતી. જિતેન્દ્રનાથ લાહિડી, શચીન્દ્રનાથ સન્યાલ અને બીજા કેટલાક પકડાએલા ક્રાંતિકારી યુવાનો કાશીના રહેવાસી હતા. શચીન્દ્રનાથ સન્યાલ અને લાહીડીના કુટુંબની હિલચાલ ઉપર આ બાતમીદાર તકેદારી રાખતો અને સાચીખોટી બાતમી ગુપ્તચર ખાતાને આપતો. તેનું નામ ભવાની સહાય હતું. લાંબો અને મજબૂત બાંધાનો આ ગુપ્તચર એવો તો સરકારપ્રિય હતો કે અંતરથી તે ક્રાંતિકારી યુવાનોને ધિક્કારતો દેખાતો.

તે કયાં રહે છે, કયાં સુધી કયાં હરેફરે છે ઈત્યાદિ વિગતો મેં મેળવી લીધી. ઘણુંખરું તે દશાશ્વમેધ ઘાટને માર્ગે બંગાળી ટોલામાં જતી એક ગલીને નાકે બેસી રહેતો. રાતના આઠેક વાગતાં તે કોટવાલીમાં—વડા પોલીસ મથકે જતો અને ત્યાં દિવસભરનો 'રીપોર્ટ' આપીને ઘેર જતો રહેતો. ઘેર પાછો ફરે ત્યારે એકાંત પડતાં માર્ગમાં તેને ગોળી મારી દેવાનો મેં નિર્ણય કર્યો.

ભવાની સહાય પણ આવું કંઈ બને એવો સંદેહ રાખતો અને તેથી ઘણો સાવધ હતો. પાસે તમંચો પણ રાખતો.

અંગ્રેજ શાસકોને આપણા વિરોધી તરીકે ભલે આપણે નિંદીએ, પણ શાસક તરીકેની એમની કુશળતાને હજારહજાર અભિનંદન આપવાં ઘટે છે. કદાચ આવી કુશળતા ભાગ્યે જ ક્યારે યે આપણે કોઈ બીજી પ્રજામાં જોઈ શકીશું. ન જાણે આપણી ભાષા, ન જાણે આપણું જીવનદાદ, આપણાથી દૂર અને અકલવાયા વસે, છતાં આપણામાં અંગ્રેજ શાસકે એક એવી ધાક બેસાડી દીધી કે ઈશ્વરથી ડરીને ભક્તો ચાલે તેમ આપણી પ્રજા તેમનાથી શેહ ખાતી રહી. એથી યે એમની વિશેષતા તો, એમણે જે શાસનપ્રથા અને નોકરિયાત-અમલદારી વર્ગ ઘડયા એમાં છે. નાનામોટા બધા અમલદારો અને આ જ દેશમાં મરવાના. આ દેશની ઉન્નતિમાં એમની તેમજ એમનાં સંતાનોની ઉન્નતિ, છતાં અંગ્રેજી શાસન પ્રત્યે એમને એવી એક મમતા બંધાઈ દેખાતી કે તેની વિરુદ્ધ જનાર દેશપ્રેમી કાર્યકરો, સ્વાધીનતાનું આંદોલન કે એવી કોઈ પણ પ્રવૃત્તિ એમને જાણે પોતાના ખુદનાં જ શત્રુ હોય એવો જ ભાસ થતો અને એવી કડુતાથી જ તેમની સામે તેઓ કામ કરતા. દેશની સ્વાધીનતા માટે પ્રાણાર્પણ કરવા નીકળેલા અમારા જેવા ક્રાંતિકારીઓ એમને મન મહાશત્રુ હતા.

૯ મી ઑગસ્ટનો દિવસ કદી ન ભુલાય એવું સ્મરણ મૂકી ગયો. એ દિવસે મારે ભવાની સહાયને વીંધી નાખવો એવી આજ્ઞા મળી. તે દિવસે કાકોરી સ્ટેશન પાસે રામપ્રસાદ 'બિસ્મિલ'ની વીર ટોળીએ ગાડી ઊભી રાખીને રેલવેનો ખજાનો લૂટયો હતો. તેના સ્મરણમાં મારે તે જ દિવસે કસોટીમાં પાર ઊતરવાનું હતું. મારા તમંચાનો એ ભડાકો લખનૌની કાળકોટડીમાં પહોંચે અને મૃત્યુને વરી ચૂકેલા એ વીરલાઓ સંતોષ પામે કે 'અમારી પાછળ કોઈક છે ખરા.'

વળાંક લેતી એક ગલીને નાકે હું જઈ ઊભો. સુધરાઈનો દીવો દૂર રહી આછો પ્રકાશ પાડતો હતો, પણ ખૂણા પરના મકાને અંધારાને ઓથ આપી હતી. રાતના સાડા નવ વાગ્યા. દૂરના દીવાના પ્રકાશવિસ્તારમાં ભવાની સહાય પ્રવેશ્યો લાંબો આદમી. તેમાં પહેરે દેશભક્ત શાઈ લાંબો ખાદીનો ઝભ્ભો. માથે રૂની પૂણી જેવી ખાદીની ટોપી. મને તો કોઈ પ્રેત આવતું હોય એમ જ ભાસ્યું. હૃદયની ગતિ વધી ગઈ. શરીરનો કણેકણ કંપન અનુભવી ઊઠયો. લાગ્યું કે આસપાસ જાણે કે ખંડેર થઇ પડયું છે અને હું જ એકલો વચ્ચે ઊભો છું.

ત્યાં તો ભવાની નજદીક આવી પહોંચ્યો. મારી સ્વસ્થતા બહેર મારી ગઈ. વિચાર કે બુદ્ધિ જાણે થીજી જ ગયાં. કેડમાં ખોસેલા તમંચા પર હાથ તો પહોંચી ગયો હતો, પણ તમંચો ખેંચી કાઢવાની આજ્ઞા એને મળતી નહોતી. માનસતંત્ર જ વિખરાઈ ગયું હતું. કોણ આજ્ઞા આપે? મન બળ કરીને બોલી ઊઠયું: 'કાઢું તમંચો? મારી દઉં? જાય છે! ગયો, હેં?'

કાયરતા કહો, ધાર્મિકતા કહો, સ્વભાવગત સંસ્કાર કે કુલસંસ્કાર કહો, ધીમેથી બોલી ઊઠયાં: 'ના, ના; માનવી જેવા માનવીને, અને તે ય આવડા મોટા માનવીને મારી નાખવો?' અર્જુને નાનકડા કૃષ્ણને વિરાટ સ્વરૂપે જોયા હતા તેમ ભવાનીનો વીંધાએલો દેહ ભયંકર સ્વરૂપે મારી દૃષ્ટિમાં ઊભરાઈ પડયો. હું સમસમી રહ્યો. મારું-- ન મારું થાય છે ત્યાં તો ભવાની દૂર નીકળી ગયો.

સ્વસ્થતાએ ફરી સંચાર કર્યો. માનસ ચેતના પામ્યું. ચારે બાજુ એનાં એ મકાનો અને દૂરનો એનો એ દીવો, બધું સ્વસ્થ દેખાયું. આપ ભલા તો જગ ભલા.

ભડાકો સાંભળવા કાલિદાસ માર્ગમાં ઊભો હતો. ભડાકો સંભળાયો નહિ અને મને આવતો દીઠો કે એનો આત્મા કકળી ઊઠયો. સામે આવી મને પૂછયું: 'કેમ?'

મેં સાચું જ કહી દીધું, 'હાથ ન ઊપડયો.'

'કાલિદાસે કહ્યું, 'ભારે થઈ. તેં જીવનું જોખમ વહોર્યું. સાથે મા માથે યે સંકટનું પોટલું મૂકયું. પહેલેથી જ તારે ના કહેવી હતી.'

હું કંઈ બોલી શકયો નહિ. મૂગે મોએ બંને કોટડીએ આવ્યા. ખાવાનું તો કોને ભાવે? સૂતાંસૂતાં કાલિદાસે કહ્યું, 'હવે તારે સહન કરવા તૈયાર રહેવું પડશે.'

'ખુશીથી.' મેં ટૂંકો ઉત્તર દીધો.

સ્વપ્નમાં ઘોર કુંડાળે ગોથાં ખાતાં ઊંઘમાં રાત વીતાવી (ચા

રોજિંદા જીવનમાં વિજ્ઞાનનો ફાળો
નિરૂપતી લેખમાળાનો ૧૧ મો હપતો

બોરિક ઍસિડ

આપણાં ઘર આરોગ્ય અને ઉદ્યોગ—સર્વમાં ઘણા અગત્યની અને વ્યાપક ઉપયોગની વસ્તુ

લેખક · **ડૉ. નરસિંહ મૂ. શાહ** એમ. એસસી. પીએચ. ડી.

બોરિક ઍસિડ ને બોરૅક્સ એટલે કે ટંકણખાર એ આપણા રોજિંદા જીવનમાં ઘણા મહત્ત્વના પદાર્થો છે. એ બંને બોરોન નામના મૂળ તત્ત્વમાંથી ઉદ્ભવેલા છે. બોરૅક્સ એ બોરિક ઍસિડનો સોડિયમ ક્ષાર છે. બોરિક ઍસિડના ક્ષારો બોરેટો કહેવાય છે.

બોરૅક્સ અને બોરિક ઍસિડ ઘરગથ્થુ ઉપયોગની અગત્યની ચીજો છે. ટંકણખાર તો ભારે પાણીને હલકું કરવા માટે, કપડાં ધોવાના સાબુની બનાવટમાં તથા એવા પરચુરણ કામ માટે સામાન્યતઃ દરેક ઘરમાં ઉપયોગમાં લેવાય જ છે. વાંદા અને કીડીઓના ઉપદ્રવ દૂર કરવા માટે પણ ટંકણખાર છાંટવામાં આવે છે. બોરિક પાઉડરનો ઉપયોગ ઔષધમાં ખૂબ જાણીતો છે. તેનો મલમ ગુમડાં મટાડવા માટે વપરાય છે. આંખો દુખવા આવે ત્યારે તે બોરિકના પાણીથી ધોવામાં આવે છે. પણ આ તો થયા તેમના ગૌણ ઉપયોગો. બોરિક અને બોરૅક્સ જુદાજુદા ઉદ્યોગોમાં એવા વિશાળ પ્રમાણમાં ઉપયોગમાં આવે છે કે તે જાણીને ઘણાને આશ્ચર્ય થાય.

જૂના કાળથી કીમિયાગરો બોરૅક્સ વાપરતાં આવ્યા છે. પહેલાં તો તે તિબેટમાંથી બધે મોકલાતું. ત્યાં તેને 'તિન્કલ' તરીકે ઓળખવામાં આવે છે. આ તિન્કલમાંથી ઈ. ૧૭૪૭માં સૌ પ્રથમ બોરિક ઍસિડ છૂટો પાડવામાં આવ્યો. ગરમ પાણીના ઝરાની આસપાસના તથા જ્વાળામુખીના પ્રદેશોની સમીપમાં આવેલાં સરોવરોને પડએથી મોટેભાગે બોરૅક્સ મળી આવે છે. આ સરોવરોનાં પાણી સુકાઇ જતાં જે જાડા પોપડા બાઝી જાય છે તેમાંથી બોરૅક્સ નીકળે છે.

આ ઉપરાંત બીજા કુદરતી બોરેટોમાંથી પણ બોરૅક્સ બનાવાય છે. એમાં કૅલશિયમ, મેગ્નેશિયમ ઇત્યાદિ બોરેટોનો સમાવેશ થાય છે. આવા બોરેટોને સોડા સાથે ઉકાળીને બોરૅક્સ તૈયાર કરવામાં આવે છે. તિબેટમાંથી હવે બોરૅક્સ થોડા પ્રમાણમાં નીકળે છે. પરંતુ હાલ તો અમેરિકા છેલ્લાં ઘણાં વર્ષો થયાં બોરૅક્સના વેપાર પર મજબૂત કાબૂ ધરાવે છે. દુનિયાની પેદાશનો ૬૫ ટકા બોરૅક્સ જે અમેરિકા ઉત્પન્ન કરતું તેની ઉત્પત્તિ આજે તો વધીને ૯૪ ટકા સુધી પહોંચી છે. બાકીના ૬ ટકામાં આર્જેન્ટિના, ઈટાલી ને તુર્કી આવે છે.

બોરૅક્સનો મુખ્ય ઉપયોગ રસોડામાં ઉપયોગી કાચનાં વાસણો, નહાવાનાં ટબ, સૉસ પૅન વગેરે ચીજોને ઇનૅમલ (મીનો) ચડાવવામાં થાય છે. માટીનાં તેમજ ચીનીનાં વાસણો, ગ્લેઈઝ્ડ નળિયાં, સંડાસમાં ઉપયોગી આરોગ્યમુલક સામાન, પાઇપો વગેરેની બનાવટમાં પણ ટંકણખાર તેમજ બોરિક પાઉડર ખૂબ વપરાય છે. કાચના ઉદ્યોગમાં તો પ્રતિદિન આ પદાર્થોનો ઉપયોગ વધતો જ જાય છે. ટંકણખારવાળો કાચ મજબૂત, વિશેષ ચકચકિત તેમજ ટકાઉ બને છે. તેવા કાચની બનાવટમાં રેતીના દર હજાર ભાગે ૧૫ થી ૨૦ ભાગ ટંકણખાર નાખવામાં આવે છે. 'પાઇરૅક્સ' તરીકે જાણીતા મશહૂર કાચની બનાવટમા બોરિક અને રેતીનું ખાસ મિશ્રણ વપરાય છે. આવો કાચ ઉષ્ણતાના શીઘ્ર ફેરફાર થાય છતાં તૂટતો નથી. આવા બોરો–સિલિકેટ કાચ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં વપરાતા કાચના સરંજામની બનાવટમાં વપરાય છે. સામાન્ય કાચની ચીમની ગરમ હોય ત્યારે તેના પર પાણીનો છાંટો પડતાં જ તે તૂટી જાય છે એ સૌનો અનુભવ છે. પણ બોરો–સિલિકેટ કાચ પર એમ થવાથી કાંઈ પણ અસર થતી નથી. તેવા કાચનો પ્રસરણાંક (coefficient of expansion) એકદમ ઓછો હોય છે.

ટંકણખાર સૂતર ધોવામાં, રંગવામાં તથા ચામડાંની બનાવટમાં પણ પુષ્કળ વપરાય છે. કપડાંને ઈસ્ત્રી કરતી વખતે ચળકાટ આણવા વૉશિંગ કંપનીઓ તેનો જ ઉપયોગ કરે છે. કાગળ, પ્લાઈવૂડ, પ્લાસ્ટર અને રંગરોગાનમાં કેસીનનો પટ મારવા માટે તેનું જે દ્રાવણ કરવામાં આવે છે તેમાં ટંકણખારનો જ ઉપયોગ થાય છે ૭૦ ટકા ટંકણખાર અને ૩૦ ટકા બોરિક ઍસિડનું પાણીમાં મિશ્રણ કરીને કાપડ, કાગળ કે લાકડા પર ચોપડવાથી તેમને અગ્નિવિરોધક (ફાયરપ્રૂફ) બનાવી શકાય છે. મીણબત્તીની દીવેટ સીધી રહે એ માટે તેને ટંકણખારમાં જ બોળવામાં આવે છે. ટંકણખારને ગરમ કરવાથી તે પીગળી જતો હોવાથી ધાતુઓના શોધનમાં તેનો ફ્લક્સ તરીકે ઉપયોગ થાય છે. કાંસું, ગજવેલ અને લોઢાનાં વેલ્ડિંગ, સોલ્ડરિંગ (રેણ) અને બ્રેઈઝિંગમાં તે પુષ્કળ વપરાય છે. ઓગાળેલા ટંકણખારમાં કેટલીક ધાતુઓના ક્ષારો નાખી ગરમ કરવાથી રંગીન પદાર્થો પેદા થાય છે; જેવા કે: ત્રાંબાના ક્ષારથી વાદળી, ક્રોમિયમ—લીલો, મૅન્ગેનીઝ—જાંબલી, કોબાલ્ટ–ઘેરો વાદળી, નીકલ–પીળો ભૂરો અને લોઢું–આછો લીલો. ડબ્બામાં ખોરાક સાચવવા માટે તથા જંતુવિનાશક તરીકે પણ ટંકણખાર તથા બોરિક ઍસિડ જ વપરાય છે. ઔષધોમાં પણ આ બંને ખૂબ વપરાય છે. નૃત્યગૃહોમાં ભોંયતળિયું લીસું રાખવા માટે તથા 'કેરમ બોર્ડ'ને સાફ રાખવા માટે બોરિક પાઉડરનો જ ઉપયોગ થાય છે. 'સોડિયમ પર–બોરેટ' દંતમંજનમાં જંતુવિનાશક તરીકે તથા કોગળા કરવા માટે તેમજ બ્લીચિંગમાં પણ વપરાય છે. કૉસ્મેટિક પદાર્થોની બનાવટમાં પણ આ વસ્તુઓ ખૂબ ઉપયોગી છે. આપણા સમસ્ત જીવનમાં ટંકણખાર અને બોરિક ઍસિડની આવી વ્યાપક મહત્તા છે.

ટસ્કની (ઇટાલી)ના જ્વાળામુખી પ્રદેશોમાં જમીનમાંથી વરાળના ફુવારા છૂટે છે. આ ફુવારાની આસપાસ ચણતર કરી લેવાથી વરાળનું પાણી તેમાં ભેગું થાય છે. આ પાણીમાં બોરિક ઍસિડ હોય છે. તેને ઉકાળવાથી તેમાંથી બોરિક ઍસિડ છૂટો પડે છે ને તેને શુદ્ધ કરી વેચવામાં આવે છે. બોરૅક્સના દ્રાવણમાં હાઇડ્રોક્લોરિક ઍસિડ નાખવાથી પણ બોરિક ઍસિડ છૂટો પડે છે. બોરિક ઍસિડ યા અન્ય કોઇ બોરેટને સલ્ફ્યુરિક ઍસિડ સાથે મેળવી તેમાં દારૂ નાખી સળગાવવાથી લીલી જ્યોત થાય છે. આ જ્યોત બોરિકની લાક્ષણિક કસોટી ગણાય છે. બોરિક ઍસિડને ગરમ કરવાથી તેમાંથી પાણી છૂટે છે, અને છેવટે નિર્જળો (ઍન્હાઇડ્રાઇડ) બોરિક રહે છે. આને મૅગ્નેશિયમ ધાતુ સાથે ગરમ કરવાથી બોરોન છૂટો પડે છે. બોરોન અ–ધાતુ છે. તેનો કાંઈ ખાસ ઉપયોગી નથી. પરંતુ તે ખૂબ સખ્ત પદાર્થ હોવાથી હીરાની ભૂકીની માફક પૉલિશ કરવાના સખ્ત પદાર્થ (abrasive) તરીકે તેનો ઉપયોગ થાય છે.

હર-વિરહ

આ અંકના પાછલા પૂઠામાં આપેલા શ્રી સોમાલાલ શાહના ચિત્રનું **ગુણદર્શન**

પુરાણકાળમાં બ્રહ્માએ એક વેળા યજ્ઞ કર્યો, અને સર્વે દેવો-મુનિઓને તેમાં આમંત્ર્યા. દક્ષ પ્રજાપતિ પણ તે યજ્ઞમાં ગયો. તેનો પ્રવેશ થતાં, યજ્ઞઆમંત્રિત સર્વે જનોએ ઊઠીને તેને સત્કાર્યો. એક માત્ર શિવ ઊભા થયા નહિ, અને આસનસ્થ જ રહ્યા. દક્ષની પ્રિય પુત્રી નામે દક્ષા કે દાક્ષાયણી અથવા સતી, તેના પતિ તે આ શિવ હતા. તેણે કરેલા આવા હડહડતા અપમાનથી તે ક્રોધિત બન્યો અને પુત્રી તથા જમાઇ ઉપર દ્વેષ રાખવા માંડયો. તે પછી એક વાર તેણે મહાયજ્ઞ આરંભ્યો. તેમાં સહુને—સુરો, અસુરો, ઋષિમુનિ, સ્વજનોને બોલાવ્યાં. એક ન બોલાવ્યાં તેમને. એ યજ્ઞોત્સવ ભણી વિમાનમાર્ગે જતાં ટોળાંને સતીએ કૈલાસમાં બેઠાંબેઠાં જોયાં. અને તેમને ત્યાં જવાની અતિશય ઉત્કંઠા થઇ આવી. શિવે તેમને સમજાવ્યાં, વાર્યાં, પણ મનસ્વિની સતી તેની ઉપરવટ થઇ ત્યાં પહોંચ્યાં. ત્યાં પોતાને પિતા તરફથી થએલા અપમાનનું દારુણ દુ:ખ અનુભવતાં, જન્મદાતા દક્ષને ધિક્કારી અંતે, 'પીળાં વસ્ત્ર પરિધાન કરી' તે જ યજ્ઞમાં પડતું મેલ્યું. અને એમ કરીને શિવ-દ્વેષ્ટા એવા પિતાના દેહમાંથી ઉત્પન્ન થએલા પોતાના દેહનો નાશ કર્યો. આ પ્રમાણે ભાગવતકારે કથાનો અંત આણ્યો છે. ત્યારે બીજી દંતકથા પ્રમાણે, સર્વજ્ઞ શિવને સતીમૃત્યુની જાણ થતાં, એ તે સ્થળે આવી પહોંચ્યા, અને અપમાનની મૂર્તિમતી વ્યથા જેવી મૃત સતીના બળતા દેહને ઉપાડી લઇ આકાશમાર્ગે હિમાલયભણી તેમણે વિયોગ અને અવમાનની વ્યથા અનુભવતાં ચાલવા માંડયું. અને તે જ આપણા ચિત્રનો પ્રસંગ છે.

એવી આ હૃદયસ્પર્શી કથાનું આલેખન કવિતા-કલામાં શ્રી રસિકલાલ પરીખે નીચે પ્રમાણે કર્યું છે:

'દક્ષે સતીપતિતણું અપમાન કીધું,
યજ્ઞાગ્નિમાંહિ નિજ દેહ સતી સમર્પે,
રુદ્રે ગ્રહી કરમહીં બળતી લતા એ
સર્વસ્વ જીવનતણું, કદિ જો બચે એ.

ગર્ગાચલે વિચરતાં ભવ હાથ માંહી
ઢાળે સતી નયન, એકલ રુદ્ર થાયે,
કંપે હિમાચલ અને મુજતી વનશ્રી
ને ભૂમિનું હૃદય ફાટી સરે વિરામ્યું.'('ચંદ્રદર્શન'માંથી)

ત્યારે શ્રી સોમાલાલ શાહની ચિત્રકળા, આખી કથાના ઉત્તમાંગ જેવા આ અંતના પ્રસંગને શી શી ખૂબીઓથી આલેખે છે તે જોઇએ.

ચિત્રમાં શિવે ઉમાની મૃત્યુવશ ઢળી પડેલી દેહવલ્લરીને ઊચકેલી જણાય છે; અને વિલાપને સ્થાને મહાનુભાવી શિવનું ગંભીર મુખ જાણે કે સતીને થએલા પેલા દારુણ અપમાનને સ્મરીને, આખી કથાનું આપણને સ્મરણ કરાવે છે અને સતીવિયોગની દારુણ વેદનાથી છવાએલું, સ્તબ્ધ થએલું જણાય છે.—તે એટલે લગી કે સ્મશાનવાસી શિવના કર્પૂરગૌર દેહ ઉપર ભભૂતિના ભૂરા રંગ સાથે ભળી જઈ, આ વેદનાનું નીલ વિષ જાણે કે કંઠ ઉપર જ નહિ પણ સારાય દેહ ઉપર આછુંઆછું પ્રસરેલું હોય, તેવા રંગે ચિત્રકારે તેમને ચીતર્યા છે. અને આખા ચિત્રની પ્રકૃતિદૃશ્યની ભૂમિકા પણ શિવની આવી હૃદયોર્મિના જ ઘેરા રંગે રંગાએલી છે. શિવ પૌરુષનો અવતાર છે-માટે જ તેમનું મુખ ગાંભીર્ય અને ગૌરવભર્યું છે. ચિત્રકારે તેનો સબળ સ્કંધપ્રદેશ અને ભ્રમણ માટે ઊચકેલા ગતિમાન જમણા પગના ઘૂંટણનો વળાંક અને ડાબાનો વેગ તથા બલશાળી બાહુનું જતનથી માર્દવથી સતીના દેહને ઉપાડવાનું સૌષ્ઠવ, સુંદર રીતે આલેખેલાં છે. શિવ શરીરે—અણુએઅણુ પૌરુષભર છે, ને છતાં જે સુકોમલપણે એણે સતીના દેહને ઊચક્યો છે તેમાં જ ચિત્રકારનું સામર્થ્ય વરતાય છે.

═══ ૩૦૦ ═══

૩૦૦મો અંક

આ અંકથી 'કુમાર' પચ્ચીસમા વર્ષમાં પ્રવેશ કરતું હોઈ પશ્ચિમી ઉત્સવપ્રણાલિ અનુસાર આ તેની કારકિર્દીનું રજત વર્ષ છે. એની સાથે બીજો સુયોગ એ આવે છે કે, પ્રત્યેક ૧૦૦ અંક પૂરા થયે એ શતકનો ખાસ અંક કાઢવાની જે નવી પ્રણાલિ શરૂ કરીને 'કુમારે' પોતાના ૧૦૦ અને ૨૦૦મા અંક ખાસ અંક તરીકે કાઢયા હતા, તે મુજબ, આ વર્ષનો છેલ્લો-ડિસેમ્બરનો અંક તેનો ૩૦૦મો અંક થશે. એ અંક અગાઉની જ માફક વિશિષ્ટ, સંગીન અને સમૃદ્ધ વાચન તથા ચિત્રસામગ્રીથી સભર એવા દળદાર ખાસ અંક તરીકે બહાર પડશે અને અત્યારથી આવતા ડિસેમ્બર સુધીનું પૂરું લવાજમ ભરપાઇ કરનાર ગ્રાહકોનો જ એના ઉપર હક્ક રહેશે.

રજત વર્ષ

═══ ૨૫ ═══

બીજી બાજુ ભાગવતકારે વર્ણવેલી રીતે પીળાં વસ્ત્રોથી આચ્છાદિત નિશ્ચેષ્ટ સતીની મૂર્તિ કંઈ ઓછી મોહક, ઓછી સજીવ-તાદૃશ નથી. ચિત્રકારે એ આકૃતિને આંકીને ચિત્રકળાની મર્યાદા અને પરમાવધિ શક્તિનો સુંદર પરિચય કરાવી દીધો છે. ભાગવતકારે, સતીએ મૃત્યુ સમયે પહેરેલા વસ્ત્રને પીળું વર્ણવેલું છે, અને ચિત્રકારે તેવી જ પીતવસના સતી આલેખેલી છે. પણ યજ્ઞમાં બળેલી સતીની દેહાકૃતિ અને તેનું પીત વસન એવું જ અખંડિત શી રીતે રહી શકે, એમ આપણને પ્રશ્ન થાય. ચિત્રકારને ત્યાં પોતાની કલાનો બાધ નડે છે; કારણ તેના દેહને કે વસ્ત્રના વર્ણને અડેલી અગ્નિની આંચ તેઓ બતાવી શકે નહિ. તેનું કારણ, સતીનું દેહસૌન્દર્ય તેમને આલેખવું છે તે. એમ કરીને ચિત્રકારે પોતાની કલાને ઉચિત ફેરફાર કરવાનો સ્વાભાવિક હક મેળવી લીધો છે. પણ તેને બાદ કરતાં ચિત્રકારે સતીનું આલેખન એટલી બધી સુરેખતાથી કર્યું છે કે તે આપણને જોતાંવેંત મૃત્યુ પામેલી જણાય જ. શિવના ઓષ્ઠની સરખામણીએ સતીના ઓષ્ઠની વિવર્ણતા, શિવનાં વિમાસણનિમગ્ન અર્ધમીંચેલાં નયનોની સરખામણીએ સતીનાં પૂર્ણમીંચેલાં નયનો પર પ્રસરેલી મૃત્યુની ઘેરી છાયા, અને એકંદરે સતીના ઢળી પડેલા સમસ્ત પાંડુવર્ણા મુખના ભાવાલેખનમાં મૃત્યુની અસર સ્પષ્ટાંકિત છે. તો સતીનાં અન્ય ગાત્રો, જેવાં કે ઢળી પડેલા સુંદર બાહુ અને પછી પગની અક્કડાઇના આલેખનમાં પણ મૃત્યુની અચેતનતાનો ભાવ ચિત્રકારે અચ્છી રીતે આણેલો છે. મૃત્યુની આવી અચેતનતા પ્રસરેલી હોવા છતાં સતીની સુંદરતાની તો મણા નથી. સતીનો પ્રત્યેક અંગવળાંક (contours) અને પ્રત્યેક ગાત્ર લાવણ્યભરપૂર છે. સ્તનભાગથી માંડીને તે એના ખુલ્લા કંઠપ્રદેશ, સુંવાળા પુષ્ટ

બાહુ તથા કેશપાશ વગેરે સૌંદર્યનાં ચિહ્નરૂપ સ્થળે મૃત્યુની અસર ન નડી હોય તેમ જ જણાય છે, સૌંદર્યનું જ સામ્રાજ્ય ત્યાં વ્યાપેલું છે.

આ સાથે સમગ્ર ચિત્રનું નિરીક્ષણ કરતાં કેટલીક બીજી પણ ખૂબીઓ છતી થાય છે. શિવનું મૃત સતી સહ પ્રયાણ, એ આ ચિત્રનો વિષય છે. એ દૃષ્ટિએ જોતાં શિવની દેહછટા (pose) તથા આખું ચિત્ર ગતિમાન સ્વરૂપે જણાય છે. શિવના પ્રયાણના વેગને અફળાતો વાયુ, શિવના કેશને પવનમાં ઊડતા અને સતીના કેશરાશિને પણ લહેરાતા ને બાહુને વીંઝતા વીંટાતા ચિત્રકારે બતાવ્યા છે. વળી એ ગતિ અને પવનને જ કારણે, સતીના ઘૂંટણથી ઊતરતા પગ સુધીના ભાગ સાથે વસ્ત્ર ચોંટી પડેલું બતાવી, તેમણે સુરુચિની સાચવણીનો અને સૌંદર્યદર્શનનો સાથેસાથે અનાયાસે ગણનો લાભ ઉપાડી લીધો છે. આ, ચિત્રકારની વાસ્તવદર્શી યથાતથ આલેખનપદ્ધતિ જણાય છે. એ પદ્ધતિ અનુસાર, ડાબેરી સતીની દેહમાળા એક તરફ ઢળી પડેલી છે. એક બાજુ, પ્રકૃતિનાં દૃશ્યમાન અંગો તે નભપ્રદેશ અને હિમાલયની પર્વતશ્રેણીના અતિ નિરાશાજનક રંગો જાણે આ પ્રસંગની ને શિવના હૃદયની શાખ પૂરે છે, તો બીજી બાજુ ચિત્રની જમણી તરફના નીચલા ખૂણા પાસે ચીતરેલો શાંત હિમપ્રદેશમાં ઊગી નીકળેલો નાનો પુષ્પછોડ તે પ્રકૃતિની ગંભીરતા ને ઘનતાને કંઈક હળવી બનાવે છે. અને શિવજીવનના ભાવિ મંગલનું જાણે સૂચન કરી સતીના પુનર્જીવનની વાણી વદે છે. આમ, કેવળ આલંકારિક પ્રયોજનાર્થે મુકાએલો છોડ પણ ઉભય પાત્રજીવનનો સંકેત બની રહે છે.

આ ચિત્રનો મુખ્ય ભાવ તે સતીમૃત્યુ અને તેથી શિવવિષાદનો કરુણ ગણી શકાય અને તેથી આ ચિત્રમાંથી પણ મુખ્ય બે રંગો જ તરી આવે છે: એક પીળો અને બીજો શ્યામ—નીલશ્યામ આકાશની બહુભીના રાની રંગરચનામાં તથા ફૂલછોડના ટેકરાની ધરતીના રંગમાં તે પીળો રંગ જ છુપાએલો છે. અને સતીનો દેહ ને વસ્ત્ર પણ પીળાં જ છે. તો આકાશની નીલશ્યામલતા, હિમાલયના પ્રદેશની નીલવેરી રંગપૂરણી અને શિવદેહ એમાં ઘેરો રંગ માલૂમ પડે છે. અને આ ઉભય રંગોનું મિલન શિવના મૃગચર્મમાં યોગ્ય રીતે જણાય છે. ટૂંકમાં, આ આખા ચિત્રની રંગરચના એટલી સંવાદપૂર્ણ છે કે સર્વાંગે તે ચિત્રપ્રસંગની ભાવવાહી બની રહે છે.

આ ચિત્રને જોતાં આપણને નંદલાલ બોઝના આ જ કથાના ચિત્ર 'કલાન્ત શિવ'નું સ્મરણ થાય. એમાં તો શિવ સતીને ખોળામાં મૂકીને હિમાલયપર શોકમગ્ન બેઠેલા છે. અત્રે શિવની ગતિમાન અંગછટા (pose) આપેલી છે અને તેમાં કથાનું ઔચિત્ય રહેલું છે. શિવ સર્વ દેવોમાં ઉગ્રતમ દેવ છે અને માટે જ તે રુદ્ર કહેવાય છે. એને સામાન્ય મનુષ્યની જેમ વિલાપ સહજ નથી. સામાન્ય જન આવી દારુણ આપત્તિમાં કાં તો નિશ્ચેષ્ટ બની જાય, કાં તો વિલાપ કરે, ત્યારે શિવ તો એના આ ભાવાતિરેકે કરીને આખા બ્રહ્માંડમાં પરિભ્રમણ કરી વળે છે. એના વેદનાશમનને અન્ય કોઈ માર્ગ નથી. અને એ દૃષ્ટિએ આ ચિત્રને એની સ્વતંત્ર શૈલીએ જોવાનું રહે છે. ચિત્રકાર શ્રી ગોપાલલાલ શાહની એક સરખા ભાવવાહી પીંછીનું આ ચિત્ર સુંદર પ્રતિનિધિ બની રહે છે.

હીરા પાઠક

કલાદૃષ્ટિની કસોટી

હિંદીકલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીની એક લેખમાળા ગયા વર્ષમાં આવી ગઈ. તેમાં પ્રતિપાદિત કરેલા કલાના સિદ્ધાંતો ઉપર એ જ લેખકે કલકત્તા યુનિવર્સિટીના કલાના અભ્યાસક્રમના પરીક્ષાર્થીઓ માટે થોડા પ્રશ્નપત્રો યોજેલા, જે, એ લેખમાળાના વાચનમાંથી મળેલા જ્ઞાનને કસવાનું એક અત્યંત ઉપયોગી સાધન બનવા ઉપરાંત સ્વતંત્ર વાચકને એક ઉપયોગી કલાખાદરૂપ પણ બને તેવા હતા. તે પૈકી એક પ્રશ્નપત્ર આ નીચે આપ્યો છે.

કલકત્તા યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષાનો પ્રશ્નપત્ર : ૧૯૪૨ : બાજુમાં લખેલા આંકડા માર્કની નોંધવા સૂચવે છે.

વિભાગ ૧ : ક્રિયાત્મક

(૧) નીચે આપેલી બે આકૃતિઓ પૈકી ગમે તે એક આકૃતિ તેના કરતાં બેવડા માપમાં દોરો. ૨૦





(૨) તમારા ઘરના પીવાના પાણીના કૂંજો સ્મૃતિથી આલેખો. ૨૦

અથવા

તમારા જોડા, ચંપલ, અથવા સૅન્ડલની જોડ સ્મૃતિથી આલેખો. ૨૦

વિભાગ ૨ : વિવેચનાત્મક

(૩) સારા સ્થાપત્યનાં જરૂરી લક્ષણો કયાં? ૧૦

અથવા

મકાનમાં 'કમાન'નું કાર્ય તથા ઉપયોગ શો છે? ૧૦

(૪) મકાનના મુખભાગ—મોરા—(દર્શન ભાગ — બાજુના ભાગ)માં બારીઓ અને અલંકરણનું કાર્ય તથા હેતુ શો છે? ૧૦

અથવા

એકલું લોઢું યા પોલાદ વાપરીને સુંદર સ્થાપત્ય નિર્મી શકાય? તમારા ઉત્તર માટે કારણો જણાવો. ૧૦

(૫) તમે જોએલું શ્રેષ્ઠ હિંદી ચિત્ર કયું? તમારા જ શબ્દોમાં એનું વર્ણન કરો. ૧૦

અથવા ચિત્રમાં 'સંયોજના' શબ્દથી તમે શું સમજો છો? તમારો ઉત્તર આકૃતિઓ દોરીને સમજાવો. ૧૦


(૬) નીચેના ડાબી બાજુના માનવ ચિત્રને તમે સારૂં કહેશો કે નરસું? તમારાં કારણો સહિત જવાબ આપો. ૧૦


અથવા જમણી બાજુએ આપેલું ગાડીનું ચિત્ર તથા સામેના પાના ઉપર આપેલાં બે ચિત્રો, એમ કુલ ત્રણ ચિત્રો પૈકી હરકોઇ બે ચિત્રોનું તમારા પોતાના જ શબ્દોમાં વર્ણન કરો. તેના સારા અંશો કયા અને દોષ કયા તે સમજાવો. ૧૦


(૭) શિલ્પના જે કે વિવિધ પ્રકારો તમે જાણતા હો તે વર્ણવો. ૧૦

અથવા આધુનિક જીવનમાં શિલ્પના શા શા ઉપયોગ થઇ શકે? ૧૦













(૮) જમણી બાજુની આકૃતિને ઓળખી બતાવી તેનું વર્ણન કરો. તેના સારા અંશો કયા છે અને દોષો કયા છે ? ૧૦

અથવા

ડાબી તરફની આકૃતિ તમને ગમે છે ? ન ગમતી હોય તો શાથી ? તમારા ઉત્તરનું સમર્થન કરતાં કારણો દર્શાવો. ૧૦

(સંપૂર્ણ)





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

હરીફાઈ માટે નિયત કરેલા ધોરણથી ચકાસી જોતાં આ વખતે હરીફાઈમાં આવેલાં કુલ ચિત્રોમાંથી એક પણ ચિત્ર ઇનામને લાયક નીવડ્યું નથી એ ઉપરથી, હરીફાની આવડત ને હરીફાઈનાં ચિત્રોના કરવામાં આવતા વિચારણ તરફનું દુર્લક્ષ દેખાઈ આવે છે. અને આવેલાં ચિત્રો પણ એટલાં નબળાં છે કે તેમાંથી સારાં તારવી કાઢેલાં ૬ ચિત્રોમાંથી ત્રણ તો એક જ વ્યક્તિ (કંચનરાય અમીન)નાં નીકળ્યાં!

તે પૈકી રમણીય સ્થળ અને ખુશનુમા વાતાવરણથી ... ને લેવાએલું 'કનાળાની મોજ'નું આ સામે આપેલું ચિત્ર ધ્યાનપાત્ર છે. તેમાં કલાત્મક દૃષ્ટિ તથા આવડત બંને જણાઈ આવે છે. જો કે પાત્ર-ગોઠવણી વિચારપૂર્વક કરી હોત તો આથી વિશેષ સારી થઈ શકી હોત. પાત્રો છે તેથી સામી દિશામાં અને વૃક્ષની નીચે કે નજીક ગોઠવ્યાં હોત તો ચિત્રને વધુ ઉઠાવ આપી શકાત. ચિત્રનો આગળનો છાયાવાળો ભાગ નકામો છે, તથા કેમેરા વાંકો હોઈ ઝાડ ત્રાંસું આવ્યું છે. ચિત્ર ઉપર સફેદ લીટી દોરી પ્રમાણે ટ્રિમ કરવાથી ચિત્ર જોરદાર બનશે.

શ્રી ...

[illegible]
તો તમે સમજી શકશો. તે સૌમાં ડૉકટરો તથા ધર્મોપદેશકો માટેની બૉન(Boun)ની યુનિવર્સિટી સૌથી પ્રખ્યાત છે. હાઇડેલબુર્ગ ને હામ્બુર્ગની યુનિવર્સિટીઓ ભાષાઓના શિક્ષણ માટે, અને કોલનની કાયદાના અભ્યાસ માટે છે, અને આખેન(Achen)તથા એસેન (Essen)માં સ્થાપત્યનું શિક્ષણ આપતી શાળાઓ છે. હું આમ ઘણી યુનિવર્સિટીઓ વિષે લખી શકું. પણ તે તો બહુ જ લાંબું થાય.

અમારા વ્યક્તિગત સ્વાતંત્ર્યની બાબતમાં તો, તમે તો કદાચ કલ્પી શકશો કે અંગ્રેજો અમને 'વધુ પડતું' સ્વાતંત્ર્ય આપતા નથી. અમારા પ્રધાનો તો લોકશાહી ઢબે જ ચુંટાય છે, પણ તેનો કંઈ જ અર્થ નથી. તેઓ તો માત્ર લશ્કરી સરકારના હાથમાં નાચતાં પૂતળાં જેવાં છે. રાજકાજમાં કરતીકરાવતી તો એ લશ્કરી સરકાર જ છે. કન્ટ્રોલ કાઉન્સિલનાં જે જે હુકમો તથા ફરમાન આવે તેનો સીધો કડક અમલ કરવાનું તેનું કામ. હિટલરની યુદ્ધનીતિનાં આ છે કટુ ફળો.

વારુ પ્યારા મિત્ર ! હવે તમારો વધુ વખત ન લેતાં, હું આ પત્ર ફરી એક વાર, તમારા સરસ કાગળ માટે આભાર માનીને પૂરો કરું છું, એવી આશા સાથે કે તમને જો વખત હશે તો નજીકના જ ભવિષ્યમાં તમારા તરફથી ફરી સમાચાર સાંભળવા મળશે. તમને, તમારાં માતાપિતાને તથા તમારા ભાઈઓને મારી શુભેચ્છાઓ અને વંદન.

તમારો નિખાલસ મિત્ર થીઓ (Theo)

એક નવો ફેરફાર

જગતસંપર્ક સાધતા 'કુમાર'ના આ વિભાગે બૃહદ ગુજરાતનાં કુમાર-કુમારીઓની દેશપરદેશનાં પત્રમિત્રો શોધવાની જિજ્ઞાસા સંતોષી છે, એટલું જ નહિ પણ તેમને પરદેશનાં મિત્રોમાં વધુ ને વધુ રસ લેતાં કર્યા છે. આ વિભાગને લગતી જે અનેક પૃચ્છાઓ રોજબરોજ અમારા પર આવે છે તે તેની લોકપ્રિયતા તથા ઉપયોગિતા સાબિત કરે છે. તેને હજુ પણ વધુ વ્યાપક બનાવવાની ઈચ્છાથી અમે આવતા અંકથી એક નવો ફેરફાર કરવા ઈચ્છીએ છીએ.

આજ સુધી હિંદી પત્રમિત્રોનાં નામ અમે ગુજરાતીમાં છાપીએ છીએ, તે એ હેતુથી કે દેશના કુમારો પરસ્પર પત્રવ્યવહાર કરી પોતાના શોખ તથા ઇતર બાબતોમાં વિનિમય-વિચારણા કરી શકે અને જરૂર જણાતાં પોતાના પરદેશના પત્રમિત્રોને તેમાંથી થોડાંક નામસરનામાં અંગ્રેજીમાં મોકલી શકે. અમારા આ હેતુઓ મોટે ભાગે સફળ થયા છે, 'મોટે ભાગે' કહેવાનું કારણ એ કે કેટલાક પત્રમિત્રો કેવળ પોતાનું નામ છપાવવાના તકલાદી મોહને કારણે જ નામ પ્રસિદ્ધ કરાવતા એ અમને ખબર છે; જ્યારે કેટલાકોએ તો પત્રમિત્રોને આકર્ષવાને માટે સ્ત્રીવાચક નામ પણ ધારણ કરેલું. પણ આ બંને પ્રકારના પત્રમિત્રો હવે ઓછા થઇ ગયા છે. ઘણા સ્ત્રીનામધારી ભાઈઓએ જાતે કબૂલાત આપી પોતાનો સાત્ત્વિક પશ્ચાત્તાપ પણ અમારી આગળ જાહેર કર્યો છે.

આવતા અંકથી અમે હવે હિંદી પત્રમિત્રોનાં નામસરનામાં પણ અંગ્રેજીમાં પ્રકટ કરવા ધાર્યું છે. તે એવી કલ્પનાથી કે દિનપર દિન બહોળો ફેલાવો પામતા જતા કુમાર દ્વારા હિંદના અન્ય પ્રાંતીય પત્રમિત્રોને ગુજરાતી પત્રમિત્રોનાં નામ પ્રાપ્ત થઇ શકે, એટલું જ નહિ પણ પરદેશનાં ગુજરાતીથી અનભિજ્ઞ પત્રમિત્રોને પણ મબલખ ગુજરાતી સરનામાં સરળતાથી મળી રહે. તે સાથે દેશ-વિદેશમાંની પત્રમિત્રોની સંસ્થાઓમાં 'કુમાર' પહોંચે એવી ગોઠવણ પણ અમે કરવા ધારીએ છીએ. આથી ઉપર જણાવેલા હેતુઓ સરવા ઉપરાંત 'કુમાર'માં પ્રગટ થએલાં નામો પરદેશ પણ જશે અને વાચકોને પરદેશના પત્રમિત્રોની મૈત્રી સહેલાઈથી પ્રાપ્ત થશે.

[illegible] નામ છપાવવાના નિયમો અમે નીચે મુજબ અને વધુ કડક કરવા માગીએ છીએ. નિયમો: (૧) ઈચ્છુકે પોતાના જ હસ્તાક્ષરમાં એક પોસ્ટકાર્ડ પર અંગ્રેજીમાં (પહેલી એ. બી. સી. ડી.માંજ) પોતાનું સંપૂર્ણ નામ, પોતાના ઘરનું (શાળા અગર દુકાનનું નહિ) પૂરું સરનામું, ઉમર અને શોખ જણાવવાં; (૨) પોતે ક્યાં સુધી ભણેલા છે અથવા ભણે છે તે જણાવવું. માત્ર અંગ્રેજી છઠ્ઠું કે મૅટ્રિક ભણતા કે ભણી ચૂકેલા લોકોનાં જ નામો પ્રગટ થશે, કારણ પરદેશમાં પત્રવ્યવહાર કરવા ઓછામાં ઓછું અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું આવશ્યક છે; (૩) આ માહિતી નીચે પોતાના વાલીની અગર શાળાશિક્ષકની સહી કરાવવી. ઉપર પૈકી એકાદ પણ વિગત લખવી રહી ગઇ હશે અથવા જે પત્ર અમને શંકા પડતો લાગશે તેને રદબાતલ ગણવામાં આવશે અને તે બાબતનો કોઈપણ પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. આવા પત્રોમાં કાર્યાલયની વ્યવસ્થા અંગેની કે બીજી કોઇ વિગત લખવી નહિ તથા કાગળની પાછળ 'પત્રમિત્ર વિભાગ' એમ લખવું. આ વિભાગને લગતી બીજી કોઈ પણ પૃચ્છા માટે જવાબી કાર્ડ સાથે જ બીડવું. જરૂરી પોસ્ટેજ સાથે નહિ હોય તે પત્રોના જવાબ નહિ અપાય.

હિંદી પત્રમિત્રોનાં સરનામાં

(૪૬૪) રણજીતસિંહ ટોપરાણી, ઠે. દામોદર આણંદજી, કારવાર સ્ટ્રીટ, કોટ, મુંબાઈ-૧—૧૬, ક્રિકેટ, ફોટોગ્રાફી; (૪૬૫) ધીરજલાલ ના. બખાઇ, ઠે. નાગરદાસ નાનજી બખાઈ, ૩ ચર્ચગેટ સ્ટ્રીટ, પારેખ મહાલ, પહેલે માળ, બ્લોક નં. એ ૧, મુંબાઈ-૧—૧૫, ક્રિકેટ, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૪૬૬) રમેશચન્દ્ર મગનલાલ શાહ, ઠે. મણીલાલ પદમશી, ઝાંપાશેરી, વાંકાનેર (કાઠિયાવાડ)—૧૬, ટિકિટસંગ્રહ, ફૂટબૉલ; (૪૬૭) પ્રવીણચન્દ્ર એસ. ઝવેરી ઠે. એસ સી. ઝવેરી, રતન પોળ, વાઘણ પોળ, અમદાવાદ—૧૭, મૅચલેબલસંગ્રહ, વાચન; (૪૬૮) બાબુલાલ બાગડીઆ, સાંકડી શેરી, ખોજાખાના પાસે, ગામમાં, બોટાદ (કાઠિયાવાડ)—૧૭, વિજ્ઞાન, સાહિત્ય, રાજકારણ; (૪૬૯) દેવેન્દ્ર આર. પટેલ, ઠે. ભાટિયા બાળાશ્રમ, માંડવી (કચ્છ)—૧૭, યોગવિદ્યા, વૈદક, પત્રકારત્વ; (૪૭૦) અશોક વી. મહેતા, ઠે. ડિરેકટર ઑાવ એજ્યુકેશન, જ્યોતિ નિવાસ, ધાંગધ્રા (કાઠિયાવાડ)—૧૫, ક્રિકેટ, ટિકિટસંગ્રહ, ખેલાડીઓની સ્વાક્ષરીસંગ્રહ; (૪૭૧) નિલકંઠરાય રામજી પુજારા, રાવળવાળો ડેલો, ચોરા પાસે, જોડીઆ (કાઠિયાવાડ)—૧૪, સંગીત, ટિકિટસંગ્રહ, સ્વાક્ષરીસંગ્રહ; (૪૭૨) બચુભાઈ જીવાભાઇ વસાવડા, ઠે. જીવાભાઈ માધવરાય વસાવડા, હેડમાસ્તર સાહેબ, મિડલ સ્કૂલ, મુ. બગસરા (કાઠિયાવાડ)—૨૦, સાહિત્ય, અવતરણસંગ્રહ; (૪૭૩) ધીરજલાલ બાળકૃષ્ણ મહેતા, ઉડી વખાર, ભાવનગર—૨૦, પ્રવાસ, વ્યાયામ, રાજકારણ; (૪૭૪) પ્રકાશ ગાંધી, શ્રીરામ મેન્શન, ૩૯ સેન્ડહર્સ્ટ રોડ, પારેખ સ્ટ્રીટ, મુંબાઇ-૪—૧૯, ટિકિટસંગ્રહ, પ્રવાસ, સીનેમા; (૪૭૫) ચંપકલાલ રતીલાલ શાહ, શ્રી સરસ્વતી એજ્યુકેશન સોસાએટી છાત્રાલય, હરગોવિંદ ભુવન, સરખેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ—૧૬, ચિત્રકળા, સંગીત; (૪૭૬) વસંતકુમાર ગાંડાલાલ સંઘવી, મોટા દેરાસર પાસે, પોરબંદર (કાઠિયાવાડ)—૧૭, સાહિત્ય, ક્રિકેટ, રમતગમત; (૪૭૭) પ્રવીણ નાગરદાસ જાની, પરમાનંદ રતનજીની ચાલ, નવરોજી લેન, ઘાટકોપર, મુંબાઈ—૧૪, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ; (૪૭૮) પ્રાણલાલ મ. મહેતા ૫૫/૧૩૧ જનરલ ગંજ, કાનપુર (યુ. પી)—૧૯, ફોટોગ્રાફી. સાહિત્ય; (૪૭૯) વિમલકાન્ત પી. શાહ, ૩૨, વાલકેશ્વર રોડ, મુંબાઇ-૬—૧૮, ક્રિકેટ, પ્રવાસ; (૪૮૦) સી જય-

વિદ્ય, ૧૩-૨ રોડ, ચામરાજ પેટ, બૅંગલોર સીટી (C. Jayavidya 13 II road, Chamaraj Pet, Banglore City)—૨૦, રમતગમત, સંગીત, ફોટોગ્રાફી, ચિત્રકળા; (પત્રવ્યવહાર અંગ્રેજીમાં); (૪૮૧) લક્ષ્મીદાસ તુલસીદાસ, ઠે. તુલસીદાસ નરસીદાસ કરાંચીવાલા, જગનાથ પ્લોટ, શેરી નં. ૮, પંથકી સાહેબની બાજુમાં, રાજકોટ—૧૬, ટિકિટસંગ્રહ, વિજ્ઞાન; (૪૮૨) જગદીશ દીનુભાઈ મહેતા, ઠે. દીનુભાઈ ચંદુલાલ મહેતા, ૧૭૭૭ દેસાઈપોળ, ખાડિયા, અમદાવાદ—૧૯, ફોટોગ્રાફી, સંગીત, વ્યાયામ, કાંતવું; (૪૮૩) ચંદ્રકાન્ત એમ. ઠાકર, ચંદ્ર-જ્યોતિ બિલ્ડિંગ, સેકન્ડ રોડ, ઘાટકોપર, મુંબાઇ—૧૮, ટિકિટસંગ્રહ, વાચન; (૪૮૪) વિજયેન્દ્ર ધીમંતલાલ પટેલ, વકીલ-બ્લૉક, ગાણેકવાડી, ભાવનગર—૧૭, સિક્કાસંગ્રહ: (૪૮૫) બાબુલાલ મોતીલાલ શાહ, ઠે. મોહનલાલ મોતીલાલ, ગાંધી બજાર, કડોદ (જી. સુરત)—૧૫, તરવું, ક્રિકેટ, દેશી રમતો; (૪૮૬) શશીકાન્ત વિઠ્ઠલદાસ ઉંડેવીઆ, ઠે. વિઠ્ઠલદાસ હરજીવનદાસ, ઉંડેવીઆ ડી.પી.આઈ. રાજકોટ સદર—૧૭, હસ્તલિખિત માસિકો, ચિત્રકળા, દેશી રમતો; (૪૮૭) કનુભાઇ એમ. શાહ, ખત્રીવાડા, બાલાસિનોર (વાયા આણંદ)—૧૮, ચિત્રકળા, ફોટોગ્રાફી, પત્રકારત્વ; (૪૮૮) પ્રવીણચન્દ્ર વ્રજલાલ મહેતા, ઠે. વ્રજલાલ કેશવલાલ મહેતા, કુંજગલી, પાલણપુર—૧૪, ટિકિટસંગ્રહ, ચિત્રકળા; (૪૮૯) કનક કે. બબલા, પો. ઑ. નં. ૪૩, મોમ્બાસા (બી. ઇ. એ.)—૧૬, ટિકિટસંગ્રહ, સંગીત, ચિત્રકળા; (૪૯૦) પ્રવીણચન્દ્ર રતીલાલ શાહ, ૧૨૭૭ શામળાનીપોળ, રાયપુર, અમદાવાદ— ૧૫, ફોટોગ્રાફી, ટિકિટસંગ્રહ; (૪૯૧) બળવંત એમ. ત્રિવેદી, ભંડેરીવાડા, બાલાસિનોર —૧૮, પ્રવાસ, વ્યાયામ, હસ્તલિખિત માસિક; (૪૯૨) મંજુલાબેન વલ્લભદાસ માધવાણી, ૨૩ ડોંગર સી રોડ, મલબાર હિલ, મુંબાઈ —૧૫, ટિકિટસંગ્રહ, મેચલેબલસંગ્રહ; (૪૯૩) અખ્તરગોસી, ઠે. ઍવરેસ્ટ ટ્રેડર્સ, પાનકોર નાકા, અમદાવાદ—૨૫, સાહિત્ય, ફોટોગ્રાફી, સિક્કાસંગ્રહ, શૂટિંગ; (૪૯૪) લલિત શેઠ, ઠે. તુલસીદાસ પરમાનંદ, મોરીસન રોડ, પોરબંદર—૧૨, ક્રિકેટ, પ્રવાસ; (૪૯૫) ભિખાલાલ મોહનલાલ શાહ, ખડાયતા છાત્રાલય, મોડાસા, વાયા તલોદ (એ.પી.રેલ્વે.)—૧૮, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી, ક્રિકેટ; (૪૯૬) હસમુખરાય કરસનજી શાહ, સંઘવી શેરી, વાંકાનેર (કાઠિયાવાડ) —૧૬, ટિકિટસંગ્રહ, સાહિત્ય; (૪૯૭) દયારામ કા. મહેતા, ઠે. મસ્કા બાલાશ્રમ, મસ્કા-કચ્છ,—૧૭, ટિકિટ-મૅચલેબલસંગ્રહ; (૪૯૮) રજનીકાન્ત મણિલાલ જોશી, ઠે. હેડ માસ્તર, બોટાદ હાઇસ્કૂલ, બોટાદ (કાઠિયાવાડ)—૧૩, તરવું; (૪૯૯) જયંતકુમાર દેત્રાજવાલા, ત્રીજો બંગલો, ખોલી નં. ૨૬, બુલ્સરોય કૉલોની, સાન્તાક્રુઝ-મુંબાઇ—૧૮, પત્રકારત્વ, સાહિત્ય; (૫૦૦) પ્રવીણચંદ્ર ગોરધનદાસ ભણસાળી, ગોરધનદાસ જુઠાભાઈ, નવા નાગરવાડા, પોરબંદર—૧૬, ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી, વ્યાયામ; (૫૦૧) મોરારભાઇ દયાળજી પટેલ, દોલા ફળીઆ, મટવાડ, તા. જલાલપુર (જિ-સુરત) ૨૦—ટિકિટસંગ્રહ; (૫૦૨) લાલભાઈ બી. ઇટવાલા, દેશરા રોડ, બીલીમોરા,—૨૩, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ; (૫૦૩) પુરુષોત્તમ છોટાલાલ અમીન, શિક્ષક ધી એ. વી. સ્કૂલ, ગોઝારિયા (ઉ. ગુજરાત)—૨૩, વ્યાયામ, વૉલીબૉલ, વૈદક; (૫૦૪) કનુભાઈ ઓચ્છવલાલ ગાંધી, બી. કૅામ્, બૅંક ઓવ્ બરોડા લિ., ઊંઝા (ઉ. ગુજરાત)—૨૮, સંગીત, ટિકિટસંગ્રહ, (૫૦૫) રસિકચન્દ્ર જી. અમીન, પો. ઓ. ૨૩, કિલિન્દિની (Killindini)—મોમ્બાસા (પૂર્વ આફ્રિકા)—ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ, ફોટોગ્રાફી, રમતો; (૫૦૬) ચિમનભાઇ પટેલ ઠે. એમ. જી. પટેલ, ઍંજિનિયર, રેમંડ બંગલો, રેમંડ વુલન મિલ્સ, થાણા (જી. આઇ. પી. રેલ્વે)—૨૦, ફોટોગ્રાફી, ટિકિટસંગ્રહ; (૫૦૭) બાલકૃષ્ણ ભોગીલાલ દેસાઇ, તંબોડી વાડો, કડી (ઉ. ગુજરાત)—૧૯, ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ; (૫૦૮) જેઠીશનદાસ તુલસીદાસ ગાંધી, મિશન રોડ, પોરબંદર—૧૭, ફોટોગ્રાફી ક્રિકેટ; (૫૦૯) કાંતિલાલ રણછોડદાસ છાટબાર, ૮-૧૨ ભાસ્કર લેન, કૅથેડ્રલ સ્ટ્રીટ, મુંબાઇ-૨—૨૧, ફોટોગ્રાફી, ચિત્રકલા, પ્રવાસ; (૫૧૦) રામદાસ મોરારજી તલાટી, ૮-૧૨ ભાસ્કર ગલી, લાલજી મંદિર સામે, ભુલેશ્વર, મુંબાઇ-૨—૨૨, ફોટોગ્રાફી; (૫૧૧) મોહન શાહ આગરવાવાળા, મુ. આગરવા, પો-ડાકોર, (જી-ખેડા) —૨૧, દોડવું, રોજનીશી લખવી; (૫૧૨) પ્રવીણકુમાર શાહ. ચતુરલાલ છોટાલાલ શાહ ઝવેરર, કડાકોટડી, જૂની મંડાઈ, ખંભાત (જી. ખેડા)—૨૦, ટિકિટસંગ્રહ, મહાન પુરુષોના ફોટા તથા સ્વાક્ષરીનો સંગ્રહ; (૫૧૩) કાન્તિલાલ એમ. કાપડિયા, ટાવર રોડ, ઝગડીઆ, વાયા અંકલેશ્વર, (રાજપીપળા સ્ટેટ)—૧૬, ક્રિકેટ, સંગીત, ટિકિટસંગ્રહ; (૫૧૪) પદ્મકાંત શિવલાલ, દરબાર રોડ, ઝગડીઆ, વાયા અંકલેશ્વર, (રાજપીપળા સ્ટેટ)—૨૦, સંગીત, ટિકિટસંગ્રહ; (૫૧૫) એ.એ. ભામનગીનાલેન, રાંદેર (જી-સુરત)-૧૮, ટિકિટસંગ્રહ, સાહિત્ય.

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

(1) Cyril B. Alwatura, Kuruwita Ceylon—20, Reading, hiking, correspondence; (2) Miss Merle Williams, 110 Kotahena street, Kotahana, Colombo, Ceylon—16, Stamps, film, stars; (ઉ: રમણિક માધવાણી); (3) Kobina Daniel Gurra, Sekondi, Gold coast (B. W. Africa); (ઉ. વસંતકુમાર જસાણી).

ચેકોસ્લોવેકિયાનાં સરનામાં


આ નીચેનાં બધાં સરનામાં ચેકોસ્લોવાકિયાનાં છે, એટલે પત્રવ્યવહાર કરનારે દરેક ગામના નામને છેડે Chechoslovakia એ શબ્દ ઉમેરી લેવો. આ જ દેશનાં બીજાં વધુ સરનામાં આવતે અંકે.

(1) Vladimir Skutina, Bystrina Str. 180, Prague xvi-Radlice,—Sex: Boy, Age: 17, Hobbey: Scouting, tennis; (2) Radmila Kaspuova, Slovanska Kolej, Mesice u Prahy, Prague—Girl-17; (3) Dagmar Hamsi Kova, English College, Misice, Near Prague—Girl-17, Indian life; (4) Slovka Pavlikova, Sokolska ii, Praha ii—Man-22, Indian life; (5) Vlada Richtr, Ostrov Karlovy Vary, Vam Repuliky 8,—Man-24, Indian life; (6) Karel Picka, Kamenice Nad Lipou, Vackova 107,—Man-24, Indian life; (7) Dagmar Pelantova, Wachterlova 16, Prague xix—Girl-17, Sports, politics, cultural life; (8) Zdenek Vacata, Na dolinch 29, Praha-Podoli— Boy, 19, Indian life; (9) Miloslav Krupicka, Stara Role, 42, u Karlovych Varu, Prague—Boy, 19-Stamps, Youth organisations; (10) Frantisek Rynes, Obchodni akademie, Ceske Budejovice—Boy-19, Indian life; (11) Sona Apfelbe Kova, Praha xiii Pripotocni c 23 Prague xiii.-Girl-17, Indian life, books; (12) Galina Kolomietzova, ul 1 Listopadu no. 14, Praha xiv—Girl-17 Books, present day questions. (ઉલ્લેખ: કૃષ્ણવદન જેટલી).

માસમાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા

આપણી વનસ્પતિ ૧૧

શીમળો



ઉપરઃ શીમળાનાં પાન, કળી તથા ફૂલ, જમણી બાજુઃ શીમળાનું ફળ, તથા તેની ઉપર ઉઘડેલું ફળ બીજ સાથે

આ વૃક્ષ તો હિંદમાં ઘણા જૂના કાળથી જાણીતું છે. આપણાં પુરાણો તથા જૂના સાહિત્યમાં 'શાલ્મલી' વૃક્ષનું જે વર્ણન આવે છે તે આ શીમળો જ. મહાભારતમાં શાલ્મલી વિષે ઉલ્લેખ છે કે પિતામહે પૃથ્વીનું સર્જન કર્યા પછી શાલ્મલી વૃક્ષ નીચે આરામ લીધો હતો. શીમળાને સંસ્કૃતમાં શાલ્મલી, મરાઠીમાં સાવર અથવા કાંટેસાવર અને અંગ્રેજીમાં 'સિલ્ક-કૉટન ટ્રી' (Silk-Cotton Tree) કહે છે. શીમળાના વૃક્ષમાં યમનો નિવાસ હોય છે એવી લોકમાન્યતા હોઇ તેને 'યમદ્રુમ' પણ કહે છે. એનું શાસ્ત્રીય નામ બૉમ્બૅક્સ મલબેરીકમ (Bombax malabaricum D. C.)

એનું ઉત્પત્તિસ્થાન હિંદ, બ્રહ્મદેશ, સિલોન, યુનાન, કોચીન, ચીન, સીઆમ, જાવા, સુમાત્રા, ક્વીન્સલૅન્ડ ને ઉત્તર ઑસ્ટ્રેલિયા. હિંદમાં તો તે બધે જ જોવામાં આવે છે. વાયવ્ય હિમાલયમાં તે ૩૫૦૦ થી ૬૦૦૦ ફીટની ઊંચાઈએ પણ ઊગે છે. મુંબાઇ ઇલાકામાં આ વૃક્ષ વધુ પ્રમાણમાં કોંકણમાં દેખાય છે; બીજે બધે સામાન્ય થાય છે.

શીમળાનું ઝાડ બહુ ઊંચું અને વિસ્તારવાળું થાય છે. તેનું થડ સીધું ઊંચું ઊગે છે અને તેની લાંબી શાખાઓ અવકાશમાં ચોમેર ફેલાય છે. થડ અને તેની લાંબી શાખાઓ પર પહોળી પડઘીવાળા શંકુઆકારના કઠણ અણીદાર કાંટા હોય છે શીમળનાં પાન સંયુક્ત, લીસાં અને મોટાં હોય છે. દરેક પાનને ૮ ઇંચ લાંબી દાંડી હોય છે અને તે પર ૩ થી ૭ નાનાં પાંદડાં આવેલાં હોય છે. આ નાનાં પર્ણ ૩ થી ૭ ઇંચ લાંબાં, ૧ થી ૧ ½ ઇંચ નાની દાંડીવાળાં હોય છે અને તેનો દાંડી આગળનો સાંકડો ભાગ વચમાં પહોળો થતો જઇ ફરી ટોચે સાંકડો થતો લાંબી અણીવાળો બને છે. આ નાનાં પાંદડાં સંયુક્ત પાનની મુખ્ય દાંડી ઉપર હાથની આંગળીઓની માફક ગોઠવાએલાં હોય છે. શિયાળામાં બધાં પાન પાકીને ખરી પડે છે.

શીમળાનાં ફૂલોનો ઉદ્‌ભવકાળ જાન્યુઆરીથી માર્ચ માસ. શરૂઆતમાં ડીસેમ્બર માસમાં લીલી પરંતુ પાછળથી ઘેરી ભૂરી મોટી કળીઓ વૃક્ષ પર દેખા દે છે. પણ જાન્યુઆરી આવતાં તો આ કળીઓ પૂર બહારમાં ખીલી ઊઠે છે. અને જેમજેમ વસંત ઋતુ આવતી જાય છે તેમતેમ આખું વૃક્ષ મોટાં, સુંદર, ઘેરાં લાલ ફૂલોથી ભરાઈ જાય છે. ફૂલોના આ ઉદ્‌ભવ વખતે વૃક્ષ તદ્દન પાનરહિત હોય છે, એટલે એ વેળાએ કેવળ ફૂલોથી ઊભરાતા શીમળાનો દેખાવ ખૂબ સુંદર લાગે છે, અને ઘણે દૂરથી તો લાલ બિછાતનું દૃશ્ય આપતાં એ વૃક્ષો જાણે ઋતુરાજ વસંતનાં ક્રીડાસ્થાન હોય એવાં સોહી રહે છે. નાના પ્યાલાના આકારનાં શીમળાનાં આ ફૂલો ઝૂમખાંબંધ અને મબલખપણે ઊગે છે અને તે શાખાઓને છેક છેડે આવેલાં હોય છે. દરેક ફૂલને નાની જાડી દાંડી હોય છે.

એપ્રિલ–મે માસ આવતાં એ ફૂલમાંથી ૪ થી ૫ ઈંચ લાંબું શીમળાનું ફળ પ્રકટે છે. તે કાળું ભૂરું તથા આકારમાં ઇંડા જેવું લંબગોળ થાય છે અને તેમાં રેશમી કપાસથી વીંટાએલાં સંખ્યાબંધ ઘેરાં ભૂરાં બીજ હોય છે. સામાન્ય રીતે ફળ ઝાડ પર હોય છે ત્યારે જ પાકું થતાં ઊઘડે છે અને તેમાં રહેલાં રૂ વાળાં બીજ પવનના સ્પર્શથી બહાર નીકળી હવામાં ઊડવા માંડે છે. કેટલીક વખત ફળ વૃક્ષ પરથી નીચે જમીન પર પડયા પછી ઊઘડે છે. બીજ રૂંવાટીવાળાં હોઇ પવનથી સહેલાઇથી હવામાં ખૂબ ઊંચે સુધી આમતેમ ઊડતાં દૂરદૂર જઈને પડે છે; અને કેટલાંક બીજ તો આવી રીતે હવામાં ઊડતાં-ઊડતાં ડુંગરાઓ અને પર્વતો પર જઇ પડી ત્યાં ઊગે છે અને આ રીતે તે પર શીમળાનો વિસ્તાર થાય છે. શીમળાના બીજનું વિમાન માફક હવામાંનું આ ઉડ્ડયન ખૂબ રમણીય દેખાવ આપે છે. બીજ વડે વૃક્ષનો વિસ્તાર કરવા કુદરતે કેવી લીલા કરી છે! બીજ ઉપરાંત શીમળો કાપ–કલમથી પણ ઊગે છે.

પ્રાચીન કાળથી આપણું પરિચિત આ વૃક્ષ ખૂબ ઉપયોગી વનસ્પતિ છે. તેમાંથી ગુંદર નીકળે છે, જે બજારમાં મોચરસના નામથી વેચાય છે. તેનો આયુર્વેદમાં ઔષધ તરીકે ઉપયોગ થાય છે. યુનાનીમાં તેને મુરગા કહે છે. આ મોચરસને ગાંધી લોકો સોપારીનાં ફૂલ કહે છે, પરંતુ આ ભૂલ છે. મોચરસ તો શીમળાનો ગુંદર છે અને આ ગુંદરમાં ટૅનિક તથા ગૅલિક ઍસિડ હોય છે. હિંદી-ચીનમાં ખલાસીઓ હોડકાંમાં કાણાં પડયાં હોય તો પૂરવા માટે શીમળાની તાજી ગુંદરવાળી છાલનો ઉપયોગ કરે છે. શીમળાની અંદરની છાલમાંથી રેસા નીકળે છે તે દોરી દોરડાં-બનાવવામાં વપરાય છે, તેનાં બી સાથેનો જે રેશમી કુમાશવાળો કપાસ મળે છે તે તો ખૂબ જાણીતો અને માનીતો છે. તેના તાર ટૂંકા હોઇ વણી શકાતા નથી, પણ તે ખૂબ સુંવાળા હોઈ ગાદી, ગાદલાં, તકિયા, ઓશીકાં, રજાઈઓ વગેરે ભરવામાં તેનો ઉપયોગ થાય છે. [શીમળાને મળતું, તેના જ વર્ગનું, એક બીજું વૃક્ષ છે જેને આપણે સફેદ શીમળો કહીએ છીએ અને મરાઠીમાં પાંઢરી સાવર તથા અંગ્રેજીમાં 'કપોક' વૃક્ષ તરીકે ઓળખાય છે. તેને સફેદ ફૂલ આવે છે. તેનું સુંવાળું રૂ 'કપોક' નામથી ઓળખાય ને તેનો ઉપયોગ બહુ મોટા પ્રમાણમાં ગાદી, ગાદલાં, તકિયા, ઓશીકાં, રજાઈઓ તથા બીજાં સુંવાળાં સાધનો બનાવવામાં થાય છે. આ રૂ પણ હિંદમાંથી યુરોપ જાય છે.]

શીમળાનું લાકડું સફેદ, કણીદાર, નરમ ને વજનમાં હલકું હોય છે. એના એક ઘન ફૂટનું વજન લગભગ ૨૮ રતલ હોય છે. મું-

બાઈ ઈલાકામાં શીમળાનાં પાટિયાં ખોખાં બનાવવા માટે બહુ મોટા પ્રમાણમાં વપરાય છે બ્રહ્મદેશમાં તેનો ઉપયોગ મૃતદેહને રાખવા માટેની પેટીઓ, બારણાં અને ખોખાં બનાવવામાં થાય છે પંજાબમાં તે કૂવાનાં ચક્કર, પાણીની પરનાળો, પીપો વગેરે બનાવવામાં વપરાય છે. કાંગરા અને યુસુફઝાઇમાં શીમળાનું લાકડું તલવારનાં મ્યાન બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

શીમળાનો ઘરગથ્થુ ઉપયોગ પણ થાય છે. બ્રહ્મદેશમાં તેનાં ફૂલ (ખાસ કરીને વજ)નું શાક બનાવાય છે અને તેનાં પાન તથા ડાંખળાં ઢોર માટે ચારા તરીકે વપરાય છે. શીમળાનો દરેક ભાગ—બીજ, ફળ, ફૂલ, મૂળ અને છાલ આયુર્વેદમાં ઉપયોગમાં લેવાય છે. યુનાની ડૉકટરો ફક્ત તેના ગુંદરને જ ઉપયોગમાં લે છે. શીમળાનું મૂળ પ્રમેહ તથા મરડામાં વપરાય છે. તેનાં પાનને વાટી ગૂમડાં પર ચોપડવાથી તે ઝટ ફૂટે છે યા બેસી જાય છે. તેનો પોટીસ તરીકે પણ ઉપયોગ થાય છે. તેના ચૂર્ણને દૂધ સાથે શક્તિ માટે આપવામાં આવે છે. કેટલાક લોકોમાં એવી માન્યતા છે કે શીમળાનાં ફૂલ તથા ફળમાં સર્પ તથા વીંછીના દંશના વિનાશક ગુણો રહેલા છે; પરંતુ કાયસ ને મ્હસ્કરે પ્રયોગ કરીને તે એ રીતે બિનઅસરકારક હોવાનું સાબિત કર્યું છે.

પૅલેસ્ટાઈન

યુરોપ, એશિયા ને આફ્રિકા એ ત્રણે ખંડોના સરહદ સંગમ રૂપે તેમની વચ્ચે આવી રહેલો આ નાનકડો દેશ આજે જગતની ચિંતા ને ચર્ચાનો વિષય બન્યો છે. જોકે લગભગ ૧૫૦ માઈલ લાંબા ને ૭૦ માઈલ પહોળા એવા દસ હજાર ચોરસ માઇલના આ પ્રદેશની વસતિ તો આપણા મુંબાઈ શહેર કરતાં યે ઓછી–૧૮ લાખની છે.

છતાં આ નાનકડા દેશમાં છેક પ્રાચીન કાળથી જ મોટાંમોટાં યુદ્ધો તથા અસાધારણ બનાવો બનતા આવ્યા છે. ત્રણ ધર્મ–યહૂદી ખ્રિસ્તી અને ઈસ્લામ–નું તે ઉદ્ભવ અને સંવર્ધનસ્થાન છે. ઈ. પૂર્વે ૧૪૦૦ની સાલમાં જોશુઆના નેતૃત્વ નીચે ઇજિપ્તમાંથી યહૂદીઓ સૌ પહેલા આ દેશમાં આવ્યા અને પોતાનો અતિ પ્રાચીન ધર્મ તેમણે ત્યાં પ્રસ્થાપ્યો. ત્યાર પછી ખ્રિસ્તી ધર્મનો ઉદ્ભવ થયો અને ઇ. ૫૦ ની સાલમાં રોમનોએ પૅલેસ્ટાઇન જીતી લીધું. આ હાર પછી ઘણાખરા યહૂદી લોકો પોતાનો આ પિતૃદેશ છોડીને આખા જગતમાં ઠેકઠેકાણે વિખરાઈ ગયા. હવે તેમનો ‘પોતાનો’ કહેવા જેવો કોઇ દેશ રહ્યો નહિ ત્યાર પછી આવ્યા મુસલમાન અરબો. સાતમી સદીમાં ઈસ્લામનો ઉદ્ભવ થયો ને અરબોનાં ધાડાંઓએ પૅલેસ્ટાઇનને પાદાક્રાન્ત કરી જીતી લીધું તેમના તરફથી ખ્રિસ્તી ધર્મોને થતી



સતત પજવણી અને જુલમને કારણે પૅલેસ્ટાઈનમાં મોટાં ધર્મયુદ્ધો થયાં જેમાં ખ્રિસ્તી ધર્મની જીત થઇ. પણ ફરી ઈ. ૧૨૬૧ માં અરબોએ આખું પૅલેસ્ટાઇન જીતી લીધું. ત્રણ સદી પછી તુર્કસ્તાને તેના પર કબજો જમાવ્યો, જે છેક પહેલા વિશ્વયુદ્ધ સુધી ચાલુ રહ્યો.

પહેલા વિશ્વ યુદ્ધમાં જર્મની પક્ષે ભળેલા તુર્કસ્તાનની હાર થયા પછી ‘મૅન્ડેટ’ના બુરખા હેઠળ બ્રિટનનું વર્ચસ્વ આ તથા પાસેના બીજા અરબ દેશો પર સ્થપાયું. બ્રિટનને માટે પૅલેસ્ટાઇન એ બહુ મોકાનું સ્થાન હતું કારણકે હિંદુસ્તાન તથા પોતાનાં બીજાં સામ્રાજ્યનાં અંગો સાથે સંબંધ રાખવા તેને જે સુએઝની નેહર મારફત વ્યવહાર ચલાવવો પડતો એ જીવાદોરી જેવી નહેરનું રક્ષણ પૅલેસ્ટાઇનમાં પોતાનું થાણું જમાવવાને કારણે જ બરાબર થઇ શકે તેમ હતું તેમની હાજરીથી અરબોમાં અસંતોષ ઉત્પન્ન થતાં બ્રિટને ઈરાક, ટ્રાન્સજૉર્ડન ઇત્યાદિ દેશોને વધુ સ્વતંત્રતા આપી, પણ પૅલેસ્ટાઇનને તો તેણે દબાવી જ રાખ્યું.

બીજી બાજુ યુરોપમાં જર્મની, રશિયા ઈત્યાદી દેશોમાં વસતા યહૂદી લોકો પર ઘણા અત્યાચારો થવા લાગ્યા પણ અગાઉ જોઈ ગયા તે મુજબ એ લોકોને પોતાનો કોઇ દેશ ન હોવાથી તેમને આશરાનું કોઈ સ્થાન નહોતું આથી પોતે ગુમાવી બેઠેલા પૅલેસ્ટાઈનને જ ફરી પોતાનો ‘Promised land’ બનાવવાની ઝંખેશ તેમણે ઉપાડી. ૧૮૯૬માં સ્થપાએલી ઝીઓનિસ્ટ સંસ્થાએ યહૂદીઓને ફરી પૅલેસ્ટાઇનમાં વસાવવાની ચળવળ શરૂ કરી અને વીસ વરસ સુધી એને ઉછેરાવા દીધા બાદ ઇ. ૧૯૧૭માં બ્રિટનના પરદેશખાતાના પ્રધાન બાલ્ફરે પૅલેસ્ટાઇનને યહૂદીઓનો રાષ્ટ્રીય દેશ બનાવવાને અનુમતિ આપી જર્મની આદિ સ્થળોએથી હાંકી કાઢવામાં આવેલા યહૂદી લોકો હવે ધીમેધીમે પૅલેસ્ટાઇનમાં આવવા લાગ્યા ને બીજા વિશ્વયુદ્ધને અંતે તો તેમની સંખ્યા, જે ઈ. ૧૯૨૮માં ૧૦ હજારની હતી તે વધીને ત્યાં ૪ લાખ પર પહોંચી !

પૅલેસ્ટાઇનને યહૂદી લોકોનો દેશ બનાવવાની આ ચાલ સામે અરબોનો ઉગ્ર વિરોધ હતો. આથી તેમણે સાત દેશોએ મળીને ‘અરબ લીગ’ સ્થાપીને યહૂદી આયાત સામે વાંધો ઉઠાવ્યો. બ્રિટનને મધ્ય પૂર્વના પ્રદેશમાં પેટ્રોલની બાબતમાં સ્વાર્થ હોવાથી અરબોને નાખુશ કરવાની તેની ઈચ્છા નહોતી. વળી અરબો ને યહૂદી આપણા હિંદુ અને મુસ્લિમની પેઠે પરસ્પર લડીને નબળા પડે એવી મકસદ પણ એની ખરી. તેથી તેણે યહૂદીઓના મોટા પ્રમાણમાં પૅલેસ્ટાઇનમાં આવવા સામે પ્રતિબંધ મૂકયો અને યહૂદીઓનો ખોફ વહોરીને પણ તેણે મક્કમતા દાખવી. આથી યહૂદીઓ ખૂબ છંછેડાયા અને બ્રિટન સામે યુદ્ધ જાહેર કર્યું હોય તેમ ચોરીછુપીથી પૅલેસ્ટાઈનમાં દાખલ

થવા લાગ્યા. ૧ લાખ જેટલું બ્રિટનનું સૈન્ય પેલેસ્ટાઈનમાં હોવા છતાં તેમણે બ્રિટનને ખૂબ ત્રાસ આપ્યો. આ ધૂંધવાટ શાંત કરવા વચ્ચે બ્રિટને હિંદની માફક પૅલેસ્ટાઇનને યહૂદીઓ અને અરબો વચ્ચે વહેંચવાની વાતો પણ કરી જોઇ. પણ એથી તો બંને પક્ષ વધુ ધૂંધવાયા. આખરે બ્રિટને કંટાળીને પૅલેસ્ટાઇનનો આખો પ્રશ્ન રાષ્ટ્રસંઘ (યૂનો)ને સોંપ્યો. રાષ્ટ્રસંઘે પૅલેસ્ટાઈનને અરબ અને યહૂદી એમ બે ભાગમાં વહેંચી દેવાની યોજના જાહેર કરી જે અરબોએ અમાન્ય કરી છે. અરબો એ યોજના સામે આખર સુધી લડી લેવાનો નિશ્ચય કરીને સર્વ તૈયારીઓ કરી રહ્યા છે.

આજે પૅલેસ્ટાઈનમાં ૧૨ લાખ અરબો અને ૬ લાખ યહૂદીઓ છે. પૅલેસ્ટાઈન દેશ અત્યાર સુધી યુદ્ધ ભૂમિ જ બનતો આવ્યો છે પણ હવે તો અત્યંત ભયંકર—કદાચ ત્રીજા મહાયુદ્ધનાં વાદળ ત્યાં ઘેરાઈ રહ્યાં છે. અમેરિકાને પણ મધ્યપૂર્વમાં કોઈ મહત્ત્વના થાણાની જરૂર હોવાથી તે અત્યારે યહૂદીઓને પડખે ઊભું છે.

પૅલેસ્ટાઇન જગતનો સૌથી પવિત્ર દેશ ગણાય છે. ૧॥ કરોડ યહૂદીઓ તથા ૩૫ કરોડ ખ્રિસ્તીઓની તે અત્યંત મોટી પુણ્યભૂમિ છે. યહૂદી ધર્મના પયગંબરો મોઝીઝ, આબ્રાહમ આદિ આ જ ભૂમિ પર ધર્મપ્રચાર કરી ગયા. ખ્રિસ્તી ધર્મના સંસ્થાપક ઈશુ ખ્રિસ્તનું જન્મસ્થાન પણ આ જ દેશ. યહૂદીઓનું ધર્મપુસ્તક 'તલામા' તથા

ખ્રિસ્તીઓનું 'બાઈબલ' પણ આ જ દેશમાં સર્જાયાં. પૅલેસ્ટાઇન
મુખ્ય શહેર જેરૂસલેમ યહૂદી, ખ્રિસ્તી અને ઈસલામ એ ત્રણે ધર્મ
પવિત્ર સ્મારકો ધરાવે છે. તેનાં બીજાં મુખ્ય શહેરો તેલ અવી
હૈફા, જાફા, ગાઝા, એકર, નેબ્યુલિસ આદિ છે. પૅલેસ્ટાઈનમાં જૉર્ડ
નામની એક જ નદી છે, જે તેની પૂર્વમાં આવેલા મૃત સરોવર
પડે છે. આ મૃત સરોવર એક અજબ સરોવર છે. તેમાંનું પા
એટલું તો ક્ષારવાળું છે કે તેમાં માછલાં તો જીવી જ શકતાં નથી
તેને કિનારે વનસ્પતિ પણ ઊગી શકતી નથી. ભૂમધ્ય સમુદ્રને
નારે આવેલા આ દેશમાં ત્રણ ભાષા બોલાય છે: અરેબિક, હિબ્રુ અ
અંગ્રેજી. ત્યાંનાં હવાપાણી સારાં છે ને ઘઉં, જવ આદિ અનાજ ત
બદામ, નારંગી આદિ ફળો ત્યાં ભરપૂર થાય છે. આ દેશ મે
ભાગે ખેતીપ્રધાન છે. અને તેમાં જે કંઇ ઔદ્યોગિક પ્રગતિ થઇ છે
યહૂદીઓને આભારી છે. ઇરાકમાંથી નીકળતા તેલની એક ન
પૅલેસ્ટાઇનના હૈફા બંદર સુધી જાય છે.

જમીન, સમુદ્ર અને હવાઇમાર્ગ એ ત્રણે દૃષ્ટિથી પૅલેસ્ટાઇ
કેન્દ્રમાં હોવાથી તેનું ઘણું જ મહત્ત્વ છે. આથી લશ્કરી દૃષ્ટિએ
મોકાનું સ્થાન છે. આ કારણસર પૅલેસ્ટાઇનને યહૂદી ને અરબ વચ
વહેંચી નાખી ત્યાં કાયમ માટે ઝગડો ઊભો કરી પોતાનો પગદં
જમાવવાનો તો જગતની મહાસત્તાઓનો વિચાર નહિ હોય ને

નાનાસાહેબ પેશ્વા (અનુસંધાન પૃ. ૫ થી)

પણ કરાવતા. વળી નાનાના નિરાડંબરી વર્તન તથા નિર્વ્યસની સ્વભાવની અંગ્રેજો પર ઊંડી છાપ હતી. આમ, અંદરથી અંગ્રેજ સત્તાને હિંદમાંથી મિટાવી દેવાની જ્વાલા તેમના હૃદયમાં પ્રજ્વલિત થઈ હોવા છતાં તેમને અંગ્રેજ વ્યક્તિ તરફ દ્વેષ નહોતો. તેમની સાથે માન તથા પ્રેમથી જ તે વર્તતા. વળી નાનાસાહેબ પોતે સુશિક્ષિત અને સંસ્કારી પુરુષ હતા ને દેશમાં તથા પરદેશમાં શા શા બનાવ બની રહ્યા છે તેની તપાસ રાખતા. આ માટે તેમણે એક અંગ્રેજને રોજ પોતાને વર્તમાનપત્રો વાંચી સંભળાવવા રાખ્યો હતો. નાનાના સૌજન્ય તથા આતિથ્ય માટે અંગ્રેજ ઇતિહાસકાર કહે છે: 'Nothing could exceed the cordiality which he constantly displayed in his intercourse with our country-men. The personsin authority placed an implicit confidence in his friendliness and good faith, and the ensigns emphatically pronounced him a capital fellow.'

એક બાજુ નાના આ પ્રમાણે અંગ્રેજો સાથે હળતામળતા હતા ત્યારે બીજી બાજુ વિપ્લવની યોજનાઓ ઝપાટાબંધ આગળ વધતી હતી. તે માટે તેમણે ત્રણ મુદ્દાઓ નક્કી કર્યા: (૧) હિંદુ–મુસલમાનોએ એકત્ર થઇ અંગ્રેજોને હાંકી કાઢવા ને વૃદ્ધ બાદશાહ બહાદુરશાહને ગાદીએ બેસાડી નવેસરથી શાસનનો પ્રારંભ કરવો; (૨) તે માટે એક વિશાળ છતાં ગુપ્ત સંગઠન ઊભું કરવું; (૩) તે સંગઠનને એવું મજબૂત તથા શિસ્તવાળું બનાવવું કે જેથી એકીવખતે સમસ્ત હિંદભરમાં સ્વાતંત્ર્ય-સંગ્રામ શરૂ થાય.

નાનાસાહેબના નેતૃત્વ નીચે આ યોજનાનો અમલ શરૂ થયો. ૧૮૫૬થી થોડા સમય પહેલાં જ ચારે દિશામાં ગુપ્ત દૂતો તથા પ્રચારકો મોકલાવા લાગ્યા ને નાનાના ખાસ દૂતો દિલ્હીથી માંડી મ્હૈસુર સુધીના રાજદરબારોમાં પહોંચી ગયા. અને ઘણા ખરા દરબારો તરફથી નાનાને આશાજનક જવાબો મળ્યા. આ પછી કંપની સરકારની પલટનોમાંના હિંદી સૈનિકોને તથા એકંદર સમસ્ત જનતાને સ્વાતંત્ર્યયુદ્ધ માટે તૈયાર કરવાની જરૂર હતી. તે માટે ખાસ પ્રચારકો

તૈયાર કરવામાં આવ્યા. આ પ્રચારકોએ ફકીર–સંન્યાસીના વેશ
ક્રાંતિની ચીનગારી હિંદના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહે
ચાડી દીધી. હજારો લોકોની ગુપ્ત સભાઓ શહેરોમાં ને સૈનિકો
છાવણીમાં થવા લાગી અને યોજનાઓ ઘડાવા લાગી. આમ, મહિન
ઓ સુધી આ 'કાવતરા'ની જાળ મજબૂતરીતે બિછાવાતી રહ
વિપ્લવના ગુપ્ત સંકેત તરીકે બે અવનવાં ચિહ્નો 'કમળ' અને 'રોટલ
નિર્માણ થયાં. કમળનું ચિહ્ન સૈનિકો માટે હતું. જે પલટન વિપ્લ
ની યોજનામાં ભળતી તે પલટનમાં કમળનું ફૂલ દરેક સૈનિક
હાથમાં થઇ પસાર થતું. એનો અર્થ એ કે દરેક સૈનિક આગા
સ્વાતંત્ર્યયુદ્ધમાં મનઃપૂર્વક કૂદી પડવા તૈયાર છે. છેલ્લો સૈનિક
ફૂલ બીજી પલટનમાં પહોંચાડતો. આ રીતે કલકત્તાથી પેશા
સુધી હજારો કમળોએ મુસાફરી કરી હતી. જનતા અને બીનલશ્ક
લોકો માટે રોટલીનો સંકેત નક્કી કરવામાં આવ્યો. એક ગામનો મુ
થોડીક રોટલીઓ લઇને પાસેના ગામના મુખીને આપી આવતો.
રોટલીમાંથી થોડોક ભાગ તે મુખી જાતે ખાઈ બાકીનો ભાગ ગામ
બીજા લોકોને ખવડાવતો અને પછી નવી રોટલીઓ બનાવી બી
ગામ પહોંચાડતો. આનો અર્થ એ હતો કે ગામના સર્વ લો
વિપ્લવ માટે તૈયાર છે. આશ્ચર્યની વાત તો એ છે કે આવી રોટલ
ઓ આ વિશાળ ભારતનાં લાખો ગામડાંમાં પહોંચી ગઇ હતી.

ધીરેધીરે વિપ્લવનાં ગુપ્ત કેન્દ્રો વધવાની સાથે અરસપરસ ગુ
પત્રવ્યવહાર પણ ચાલુ થયો. પણ આ કેન્દ્રોને એક સૂત્રમાં બાં
વાની જરૂર હતી. વળી, હવે સંગઠનનું કાર્ય પણ પૂર્ણ થવા આવે
હોવાથી વિપ્લવનો દિવસ પણ નક્કી કરવાની વેળા આવી પહોંચ
હતી. આ બંને કાર્યો પાર પાડવા માટે નાનાસાહેબે સર્વ કેન્દ્રો
મુલાકાત લેવાનું નક્કી કર્યું. પણ અંગ્રેજોને બિલકુલ શક ન જાય તે
આ અતિ મહત્ત્વનું કાર્ય કરવું કેવી રીતે? તેણે જાહેર કર્યું કે હિંદ
જુદાંજુદાં તીર્થ સ્થળોની પોતાને યાત્રા કરવાની ઇચ્છા હોવા
પોતે થોડાક દિવસ બિઠુરથી પ્રવાસે નીકળશે. આ રીતે યાત્રા
બહાના નીચે નાનાસાહેબ, તેના ભાઈ બાલાસાહેબ, આઝિમુલ્લ

ાન આદિ નેતાઓ પ્રવાસે ઊપડચા અને દિલ્હી, અંબાલા, લ-
ાૈ, કાલ્પી આદિ સ્થાનોની મુલાકાત લીધી. રસ્તે આવતી દરેક
શ્કરી છાવણી તથા ગુપ્ત કેન્દ્રની તેઓ અચૂક મુલાકાત લેતા અને
ાગ્ય સૂચનોની આપલે કરતા. તે સાથે તે તે સ્થાનના અંગ્રેજ
ાધિકારીને મળવાનું પણ નાનાસાહેબ ભૂલતા નહિ. આ 'યાત્રા'
રમ્યાન જ વિપ્લવનો સમય ૧૮૫૭ના જૂનનું પહેલું અઠવાડિયું
ક્કી થયો. પણ તેની ખબર માત્ર દરેક કેન્દ્રના મુખ્ય નેતા તથા
લટનના ત્રણત્રણ અમલદારોને જ આપવામાં આવી હતી.

આ રીતે એક મહત્ત્વનું કાર્ય પાર પાડીને નાનાસાહેબ બિઠુરમાં
ાછા આવ્યા. ત્યાં ૧૦મી મેએ અચાનક સમાચાર આવ્યા કે મે-
ઠમાં વિપ્લવ શરૂ થઇ ગયો છે. મેરઠ પછી દિલ્હી પર પણ ક્રાંતિનો
ાજયી ધ્વજ ચઢી ગયો. આ વિજયના સમાચાર કાનપુર આવતાં
ાં એક ગુપ્ત સભા થઈ અને હવે શું કરવું તેનો વિચાર થયો. તે
ભામાં જૂનની શરૂઆત સુધી શાંત રહેવાનો નાનાસાહેબે કડક
ાદેશ આપવાથી સિપાહીઓ ઉતાવળા ન થતાં યોગ્ય સમયની
ાહ જોવા લાગ્યા.

ઠેકઠેકાણેથી સૈનિકોના બળવાના સમાચાર આવવાથી કાનપુર-
ા અંગ્રેજ અધિકારી વ્હીલર ખૂબ ગભરાયો. તેણે પોતાના મિત્ર(!)
ાનાસાહેબની મદદ માગી અને કાનપુરના ખજાના તથા દારૂગોળા-
ા ભંડારનું રક્ષણ કરવા કાનપુર આવવાનું આમંત્રણ આપ્યું.
ાનાસાહેબને તો એ જ જોઇતું હતું. '૫૭ના મેની ૨૨મીએ નાના-
ાહેબ પોતાના ૩૦૦ ચુનંદા સવારો તથા બે તોપો લઇ અંગ્રેજોને
ાદદ કરવાને બહાને કાનપુરમાં પ્રવેશ્યા અને ખજાના તથા દારૂગોળા
ડાર પર કબજો મેળવ્યો. આમ જેણે આ આખા સ્વાતંત્ર્ય-સંગ્રામની
ાજના કરી હતી તેને જ અંગ્રેજોએ પોતાનો શસ્ત્રભંડાર સોંપી દીધો!

એક બાજુ નાનાસાહેબ આમ અંગ્રેજોને મદદ કરવાનો દેખાવ
રતા હતા તો બીજી બાજુ કાનપુરના વિપ્લવના નેતાઓ સાથે તેમની
ાજ ગુપ્ત વાટાઘાટો ચાલતી હતી. નાનાસાહેબ, આઝિમુલ્લાખાન,
ુબેદાર ટીકાસિંહ, સુબેદાર શમ્સુદ્દીનખાં, જ્વાલાપ્રસાદ આદિ નેતા-
ાે ગંગા નદીમાંની હોડીમાં રોજ બબ્બે કલાક મસલતો કરતા.

આખરે ૪થી જૂનની મધરાતે યોજના પ્રમાણે કાનપુરની છાવ-
ણીમાં ત્રણ ધડાકા થયા. વિપ્લવ શરૂ થયાનો એ સંકેત હતો. તરત
સપાહીઓની પલટનો અંગ્રેજ આધિપત્ય ફગાવી દઈ બહાર પડી.
કઠેકાણે યુનિયન જૅકની જગ્યાએ બહાદુરશાહનો હરિત ધ્વજ ફર-
વા લાગ્યો. અંગ્રેજોનાં ઘરોને આગ લગાડવામાં આવી. અંગ્રેજ
ખાય ત્યાંથી યમસદને પહોંચાડવામાં આવતો. ખજાનો અને દારૂ-
ાળો તો પહેલેથી જ હાથમાં હતો. અંગ્રેજો બધા નાસીને કિલ્લામાં
ારાયા. જોતજોતામાં આખું કાનપુર પાકેલા ફળની માફક નાનાસાહે-
ાના હાથમાં પડ્યું.

કાનપુરની પ્રજા તથા સૈનિકોએ એકમુખે નાનાસાહેબને પોતાનો
ાજા બનાવ્યો અને બધે નાનાસાહેબની દુહાઈ ફેરવવામાં આવી.
યાર પછી એક ઘડીનો ય વિલંબ ન કરતાં નાનાએ પોતાના અધિ-
ારીઓ નીમી દઈ વ્યવસ્થિતરીતે રાજ્યકારભાર શરૂ કર્યો. પ્રજાની
ાંમતિથી તેણે હોલાસિંહને શહેરનો મુખ્ય ન્યાયાધીશ નીમ્યો અને
ાુલ્લાંને લશ્કરને જોઇતું સાહિત્ય પૂરું પાડવાનો અધિકારી નીમ્યો.
ાજ્યમાં શાંતિ ને વ્યવસ્થા જળવાય તે માટે કડક બંદોબસ્ત નાનાએ
ર્યો. અંધાધૂંધીના તે કાળમાં આવી વ્યવસ્થા કરવી ઘણું મુશ્કેલ કામ
ાય છે. પણ નાનાએ એવી સરસ વ્યવસ્થા કરી હતી કે નાની ચોરી
રનારને પણ યોગ્ય શિક્ષા થતી. ત્યાર પછી તેમણે અંગ્રેજો જેમાં
ભરાયા હતા તે કિલ્લાને ઘેરો ઘાલ્યો અને અગાઉની ક્ષત્રિય પરં-
પરાની યાદ આપતું એક પ્રશંસનીય પગલું ભર્યું. અંગ્રેજો પર
તેમણે એક પત્ર મોકલ્યો: 'અમે હુમલો શરૂ કરવાના છીએ અને
તમને તેની ચેતવણી આપવાને જ આ પત્ર મોકલીએ છીએ. આ
ચેતવણીનો કંઈ જવાબ ન આવતાં કિલ્લા પર નાનાસાહેબનો હુમલો
શરૂ થયો. નાનાસાહેબ પાસે તોપો આદિ શસ્ત્રસામગ્રી મબલખ
હતી. તેમ કિલ્લાના અંગ્રેજો પાસે પણ રણસાહિત્ય સારા પ્રમાણમાં
હતું. કિલ્લામાં સ્ત્રી, બાળકો તથા પુરુષો મળીને હજારેક અંગ્રેજો હતા.
નાનાના ગોળાઓએ અંગ્રેજોનો કચ્ચરઘાણ કાઢવા માંડ્યો. કિલ્લામાં
એક જ કૂવો હતો. બરાબર ત્યાં જ નાનાની સેનાએ એવા તો તાકીને
ગોળા ઝીકવા માંડ્યા કે અંગ્રેજોને પાણી ભરવું જ મુશ્કેલ થઈ પડ્યું.
ઘણા કૉલેરા ને પ્લેગનો ભોગ બન્યા. તા. ૧૮મી અને ૨૩મી જૂને
ભયંકર યુદ્ધ થયું. અંગ્રેજોની એટલી બધી ખુવારી થઈ કે
શરણે ગયા સિવાય કોઈ માર્ગ ન રહ્યો. ૨૫મી જૂને સુલેહનો વાવટો
કિલ્લા પર ફરકતાં જ નાનાસાહેબે તત્કાળ યુદ્ધ બંધ કરવાનો હુકમ
કર્યો અને કિલ્લા પર સંદેશો મોકલ્યો: 'મહારાણી વિક્ટોરિયાની
પ્રજા જોગ—જે લોકોનો ડેલહાઉસીની નીતિ સાથે સંબંધ નથી
અને જેઓ હથિયાર હેઠાં મૂકી શરણે આવવા તૈયાર છે તેમને
સહીસલામત રીતે અલ્લાહાબાદ પહોંચતા કરવામાં આવશે.'

બધા અંગ્રેજો નાનાને શરણે આવ્યા અને કિલ્લો, તોપખાનું
તથા સર્વ શસ્ત્રભંડાર નાનાને હવાલે કર્યો. વચન અનુસાર નાનાએ
સતી-ચૌરા ઘાટ પર અંગ્રેજો માટે ૨૫ હોડીઓ તૈયાર કરાવી અને
તેમાં તેમને રસ્તામાં ખાવા માટે ભરપૂર ખાદ્ય-સામગ્રી મુકાવીને
કિલ્લામાંના સર્વ અંગ્રેજોને હાથી પર તથા પાલખીમાં બેસાડીને દોઢ
માઇલ દૂર આવેલા તે ઘાટ પર પહોંચાડ્યા.

આ કાળ દરમિયાન હજારો લોકો બહારથી કાનપુર આવ્યા
હતા. તેમાંના ઘણાખરા તો અલ્લાહાબાદથી અંગ્રેજ સરદાર કર્નલ
નીલના અત્યાચારથી ત્રાસીને આવ્યા હતા. કર્નલ નીલે એ બાજુ
પર ઇતિહાસમાં ન સાંભળેલા અત્યાચારો કર્યા હતા. ગામોનાં ગામો
સળગાવી દીધાં હતાં, હજારો નિર્દોષ ગામડિયાઓને ફાંસીએ લટ-
કાવી દીધા હતા તથા સ્ત્રીઓ તથા બાળકોને જીવતાં બાળી મૂક્યાં
હતાં. અને કાનપુરમાં ઘણા એવા હિંદી સિપાહીઓ આવ્યા હતા
જેમનાં સ્ત્રી—બાળકોને અંગ્રેજોએ જીવતાં સળગાવી દીધાં હતાં. આ
રીતે અંગ્રેજો વિરુદ્ધ ક્રોધાગ્નિથી જલતા સેંકડો સિપાહીઓ તથા
ઇતર લોકો કાનપુરમાં જમા થયા હતા. આ લોકોનું તપ્ત થએલું
લોહી એક જ શબ્દ પોકારતું હતું: 'વેર! વેર!' આવા ક્રુદ્ધ થએલા
લોકો સતી-ચૌરા ઘાટ પર ભેગા થયા. બધા અંગ્રેજો ઘાટ પર આવ્યા
અને સામગ્રીથી ભરેલી હોડીઓમાં બેઠા પણ ખરા. પરંતુ નાવિકોએ
હોડીઓ હંકારી ન હંકારી, ત્યાં તો એકાએક એક ખૂણેથી બ્યૂગલ
ફૂંકાયું અને તરત કાપાકાપી શરૂ થઇ. હોડીઓને આગ લગાડવામાં
આવી અને અંગ્રેજોની કારમી કતલ શરૂ થઇ. આ વખતે નાનાસાહેબ
પોતાના મહેલમાં હતા. ત્યાં દોડતા જઈ એક સવારે આ બનાવની
તેમને ખબર આપી. નાનાસાહેબે તત્કાળ ક્રુદ્ધ થએલા સૈનિકોને
સંદેશો કહેવડાવ્યો: 'તમારે વેર લેવું હોય તો એકલા પુરુષો પર
લો! પણ સ્ત્રીઓ તથા બાળકો તો નિર્દોષ છે. એમનો વાળ પણ
વાંકો ન થવો જોઇએ!' સવારે દોડતા જઈ ઘાટ પર આ ખબર આપ્યા.
આથી ૧૨૫ જેટલાં સ્ત્રી બાળકો બચી ગયાં. પુરુષો બધા જ માર્યા
ગયા! ઇતિહાસમાં બહુ ગવાએલી કાનપુરની કતલ તે આ જ. આ
કતલનું કલંક અંગ્રેજોએ નાનાસાહેબ પર ઓઢાડવા પ્રયત્ન કર્યો છે.

... નાનાસાહેબનો તેમાં ... બિલ-
કુલ હાથ ન હતો. ઉલટું એક રીતે જોઇએ તો આ કતલની સર્વ જવાબદારી હિંદીઓ પર રાક્ષસી અત્યાચારો ગુજારનાર કર્નલ નીલની જ હતી. પાછળથી પણ નાનાસાહેબે કેદી અંગ્રેજ સ્ત્રીબાળકોની ઉત્તમ સંભાળ રાખી હતી એમ અંગ્રેજ ઈતિહાસકારોએ જ કબૂલ્યું છે, એટલું જ નહિ પણ સતી ચૌરા ઘાટ પરની ધાંધલમાં કેટલાક સિપાહીઓ ચાર અંગ્રેજ સ્ત્રીઓને ઉઠાવી ગયા હતા, તેમને તાબડતોબ પકડી મંગાવી તેમને કડક શિક્ષા કરીને અંગ્રેજ સ્ત્રીઓને છોડાવી હતી!

કાનપુર શહેર તથા કિલ્લા પરથી અંગ્રેજ સત્તાનાં સર્વ ચિહ્નોનો નાશ કર્યા પછી ર૮મી જૂને નાનાસાહેબે એક મોટો દરબાર ભર્યો પહેલાં બાદશાહ બહાદુરશાહને ૧૦૧ તોપોની સલામી અપાયા પછી નાનાસાહેબને ૨૧ તોપોની સલામી અપાઇ. આ પ્રસંગે નાનાએ એક લાખ રૂપિયા ફોજમાં વહેંચ્યા અને સૈનિકોને તેમની બહાદુરી માટે ધન્યવાદ આપ્યા. આ લશ્કરી શિરસ્તો પતાવીને નાનાસાહેબ, બાલાસાહેબ તથા તાત્યા ટોપે વગેરે બિઠુર ગયા. ત્યાં ૧લી જુલાઇએ નાનાસાહેબનો પેશ્વાની ગાદીએ વિધિસર રાજ્યાભિષેક થયો અને ૧૮૧૮માં પરાધીન બનેલી પેશ્વાની ગાદી ૧૮૫૭માં નાનાસાહેબે ફરી સ્વતંત્ર કરી.

આમ, કાનપુર જેવું મહત્ત્વનું મથક વિપ્લવકારીઓના હાથમાં પડવાથી અંગ્રેજોની આબરૂ ઉપર મોટો ફટકો પડ્યો અને બીજી બાજુ સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિકોને ખૂબ ઉત્સાહ મળ્યો. કાનપુર ઉપરનો વિપ્લવકારીઓનો એ વિજયી ધ્વજ અંગ્રેજ સત્તાનો મૃત્યુઘંટ વગાડી સમસ્ત જગતને હિંદના સ્વાતંત્ર્યનો સંદેશ સુણાવતો હતો. આથી અંગ્રેજોએ ગમે તે ઉપાયે સૌ પહેલાં કાનપુર જીતી લેવાનો નિર્ણય કર્યો અને તે માટે અલ્લાહાબાદથી જનરલ હૅવલૉક અને મેજર રીનૉડ મોટા સૈન્ય સાથે નીકળ્યા. રસ્તામાં જેજે ગામ આવે તેને લૂંટતા, બાળતા, નિર્દોષ લોકોને ફાંસીએ લટકાવતા તેઓ કાનપુર તરફ ધસતા હતા. હૅવલૉકના આ અમાનુષી અત્યાચારોથી કાનપુરના સૈનિકો તથા લોકોનાં લોહી ઊકળી જ રહ્યાં હતાં, ત્યાં વળી કેટલાક અંગ્રેજ જાસુસો પકડાયા, જેમની પાસેથી કેટલાક ગુપ્ત કાગળપત્રો મળી આવ્યા. તે પરથી જણાયું કે કાનપુરમાં બીબીગઢમાં નાનાસાહેબે જે અંગ્રેજ સ્ત્રીઓને બચાવીને રાખી હતી તેઓ જ નાનાના લશ્કર વિષેની સર્વ માહિતી દુશ્મનને પહોંચાડતી હતી! આ સમાચાર શહેરમાં પહોંચતાં જ બળતામાં ઘી હોમાય તેમ સૈનિકોનો ગુસ્સો કાબુ બહાર જતો રહ્યો. તેમાંના કેટલાક બીબીગઢની કોઠી પાસે પહોંચી ગયા અને તે સ્ત્રીઓની કતલની માગણી કરી. નાનાના પહેરેગીરીઓ તેની સ્પષ્ટપણે ના પાડી. આથી પેલા સૈનિકોએ જાતે જ બળજબરીથી તે કોઠીમાં ઘૂસી એ સર્વ અંગ્રેજ સ્ત્રી-બાળકોની કતલ કરી નાખી અને તેમની લાશો ત્યાંના એક કૂવામાં ફેંકી દીધી! આ કલંકિત કૃત્ય સાથે પણ નાનાનો લેશ માત્ર સંબંધ નહોતો અને એ બાબત નાનાએ કશા પણ હુકમ આપ્યા નહોતા એ ખીના તો તેના આકરામાં આકરા દ્વેષી અંગ્રેજ ઇતિહાસકારોએ પણ કબૂલી છે.

કાનપુર તરફ ધસ્યા આવતા હૅવલૉકના સેનાસાગરને થંભાવવા નાનાએ પોતાના બે સેનાપતિઓ જ્વાલાપ્રસાદ અને ટીકાસિંહને મોકલ્યા. પણ તેમને હારીને પાછા આવવું પડ્યું. એટલે નાનાએ પોતાના ભાઈ બાલાસાહેબને મોકલ્યો. પણ તેના ખભામાં ગોળી વાગવાથી તે પણ પાછો આવ્યો. હવે નાનાસાહેબે જાતે જ સેનાની સરદારી લીધી. સામસામાં લશ્કરો ગોઠવાયાં. નાનાની સેનાની

વ્યૂહરચના ... યુદ્ધ શરૂ થયું. સફેદ ઘોડા પર બેઠેલા નાનાસાહેબ ઠેરઠેર ઘૂમી સૈનિકોને ઉત્તેજિત કરતા હતા. પણ નસીબ પાંશરૂં નહોતું. નાનાની સેનાએ પીછેહઠ કરવા માંડી. એ જોઇ નાનાએ પોતાની જોરદાર બાની વડે ફરી સેનાને ઉત્સાહિત કરી અને જોરદાર વળતો હુમલો કર્યો, જેમાં સૈનિકોએ અપ્રતિમ બહાદુરી બતાવી અને છેવટે હાથોહાથની લડાઇ પર તે આવી ગયા. પણ અંગ્રેજોના શિસ્તબદ્ધ જોરદાર ધસારા આગળ તે ટકી શક્યા નહિ અને બિઠુર તરફ પીછેહઠ કરી ગયા. આમ ૪૪ દિવસ સ્વાતંત્ર્યની મુક્ત હવા માણ્યા પછી ૧૭મી જુલાઇએ કાનપુર અંગ્રેજોને હાથ ગયું.

કાનપુર તથા બિઠુર કબજે કરીને હૅવલૉક બે હજારની સેના લઈ લખનૌ જીતવા નીકળ્યો. સાધનસામગ્રી ભેગી કરવા ફતેહગઢ ગએલા નાનાસાહેબને આ વાતની ખબર પડતાં તેમણે વ્યવસ્થાવ્યૂહથી હૅવલૉકના માર્ગમાં ડગલે ને પગલે વિઘ્નો ઊભાં કરવા માંડ્યાં. રસ્તામાં આવતા દરેક ગામડાએ અને દરેક જમીનદારે હૅવલૉકનો એવો તો સામનો કર્યો કે તેને થાકીને લખનૌ જવાનું બંધ રાખી કાનપુર પાછા ફરવું પડ્યું. વળી ફરી તે જેવો મોટી સેના લઇ લખનૌ જવા નીકળ્યો કે તરત જ નાનાએ સીધો કાનપુર પર જ હુમલો કર્યો. આથી હૅવલૉકને ફરી કાનપુર પાછા દોડી આવવું પડ્યું. ત્યાં આવીને જોયું તો નાનાના સૈન્યે બિઠુર કબજે કર્યું હતું! બિઠુરમાં ફરી યુદ્ધ થયું. ક્રાંતિકારીઓએ હાથોહાથ આવી જઇ બૅયોનેટો વડે હુમલો કરીને મોટું પરાક્રમ કર્યું. પણ કેવળ શિસ્તને અભાવે તેમને હારીને પીછેહઠ કરવી પડી. અંગ્રેજ સેના જ્યાંજ્યાં જીતતી તે તેની શિસ્તથી.

બિઠુરમાંથી ક્રાંતિકારીઓને હઠાવીને હૅવલૉકે હજી પૂરો શ્વાસ પણ ન લીધો, એવામાં સમાચાર આવ્યા કે નાનાએ કાલ્પી બાજુ મોટું સૈન્ય ભેગું કર્યું છે. નાનાના આવા થકવનારા વ્યૂહથી હૅવલૉક હવે ગભરાયો અને તેણે કલકત્તા કાગળ લખ્યો: 'અમે ભારે સંકટમાં સપડાયા છીએ. તુરત મદદ નહિ મળે તો લખનૌ તરફ વધવાનું છોડી દઇ અમારે હવે અલ્લાહાબાદ તરફ પીછેહઠ જ કરવી પડશે'. આમ, નાનાસાહેબે કાનપુરના એ વિજેતા હૅવલૉકને એવો તો હતપ્રભ કરી નાખ્યો કે કંપની સરકાર આગળ તેની કિંમત કોડીની થઇ ગઈ. અંગ્રેજ સરકારે તાબડતોબ હૅવલૉક પાસેથી સેનાપતિપદ લઇને જેમ્સ આઉટ્રામને આપ્યું અને આઉટ્રામ મોટા સૈન્ય સાથે કાનપુર આવી પહોંચ્યો.

એ અરસામાં તાત્યા ટોપેએ કાલ્પી જીતી લીધુ હોઇ નાનાસાહેબે પોતાનું મુખ્ય મથક કાલ્પી ફેરવ્યું. ત્યાં તો તાત્યા ટોપેએ અપ્રતિમ પરાક્રમ બજાવીને કાનપુર પણ કબજે કર્યું અને ત્યાં નાનાસાહેબ પણ તેની મદદે પહોંચી ગયા. પણ કૉલિન કૅમ્પબેલે મોટી સેનાની મદદ વડે ફરી કાનપુર પાછું જીતી લીધું અને તાત્યા ટોપે તથા નાનાસાહેબ કાલ્પી પાછા આવ્યા. કાનપુર જીતીને કૅમ્પબેલે પહેલું કાર્ય એ કર્યું કે બિઠુરમાંનો નાનાસાહેબનો મહેલ આદિ સર્વ મકાનો તોપો વડે જમીનદોસ્ત કર્યાં. નાના પરની રીસ તેણે તેની ઇમારતો પર ઉતારી! આમ, ૧૮૫૮ના જાન્યુઆરી સુધી ભેગા રહ્યા. પછી તાત્યા ટોપે તથા નાનાસાહેબ જુદા પડ્યા. તાત્યા દક્ષિણ બાજુ સંભાળવા રહ્યો ને નાનાસાહેબ ઉત્તરમાં યુદ્ધસંચાલન કરવા ગયા.

આ અરસામાં અંગ્રેજોને હવે ખબર પડી ગઈ હતી કે પોતાની સામે આ બળવાનું આ જંગી યુદ્ધસંકટ ઊભું કરનાર બીજો કોઈ નહિ પણ નાના જ હતો. એટલે તેમણે ખૂબ કડક રીતે નાનાની શોધ

અને અગ્નિને નાનાની ધરપકડ માટે [illegible] જંગી રકમનું ઇનામ જાહેર કર્યું. પણ નાનાને પકડવો એ અગ્નિને પકડવા જેવું હતું. નાના હવે ઉત્તરમાં મૌલવી અહમદશાહને જઇ મળ્યા. એ સમયે ઉત્તરનાં બધાં મહત્ત્વનાં મથકો–દિલ્હી, લખનૌ, કાનપુર અલ્લાહાબાદ આદિ અંગ્રેજોને હાથ પડી ગયાં હતાં. આથી બંને જણા શાહજહાંપુર પહોંચ્યા. આ વાતની સેનાપતિ કૉલિન કૅમ્પબેલને ખબર પડતાં તેણે ચારે બાજુથી શાહજહાંપુરને ઘેરી લીધું. પણ નાનાસાહેબ અને મૌલવી મારમાર કરતા આખી અંગ્રેજ સેનાને આરપાર વીંધીને નીકળી ગયા. ત્યાંથી વિપ્લવના બધા નેતાઓ બરેલીમાં ભેગા મળ્યા. ઉત્તરમાં વિપ્લવકારીઓના હાથમાં હવે જો છેલ્લું કોઈ મોટું શહેર રહ્યું હોય તો તે બરેલી. ત્યાં નેતાઓએ નક્કી કર્યું કે અંગ્રેજોની વિશાળ શિસ્તબદ્ધ ને શસ્ત્રસજ્જ સેના સાથે ખુલ્લા મેદાનમાં યુદ્ધ આપવાનો કોઈ અર્થ ન હોવાથી હવે ગેરિલા પદ્ધતિથી યુદ્ધ કરવું. આથી કૅમ્પબેલ બરેલી આવે તે પહેલાં જ નાનાસાહેબ વગેરે આસપાસના પ્રદેશમાં વહેંચાઈ ગયા. કૅમ્પબેલે બરેલી કબજે કર્યું ન કર્યું ત્યાં સમાચાર આવ્યા કે મૌલવી અહમદશાહે શાહજહાંપુર ફરી જીતી લીધું છે. આથી કૅમ્પબેલે તરત શાહજહાંપુરને ઘેરો ઘાલ્યો. તે ઘેરામાંથી મૌલવીને છોડાવવા નાનાસાહેબે આકાશપાતાળ એક કર્યાં અને અંતે મૌલવીને છોડાવ્યા પણ ખરા.

પણ હવે વિપ્લવનો સૌથી નિરાશામય અંક શરૂ થયો હતો. ક્રાંતિકારીઓના હાથમાં કોઈ મજબૂત મથક નહોતું. સાધનસામગ્રી અને માણસોની ઘણી અછત હતી. એવા કપરા કાળમાં પણ સ્વાતંત્ર્ય-યુદ્ધની જ્વાલા જલતી રાખવાનું મહત્કાર્ય નાનાસાહેબે કર્યું. અયોધ્યા પ્રાંત તો છેવટ સુધી અણનમ રહ્યો હતો. મૌલવી અહમદશાહના મૃત્યુ પછી હજારો સ્વયંસેવકો સ્વેચ્છાએ નાનાસાહેબ, બાલાસાહેબ, વિલાયતશાહ તથા અલીખાં મેવાતી આદિ નેતાઓની સરદારી હેઠળ નવાબગંજ આગળ એકઠા થયા અને ફરી એક વાર લખનૌ પર હુમલાની તૈયારી કરવા લાગ્યા. યુદ્ધ શરૂ થયાને તેરતેર માસ વહી ગયા પછી પણ કોઈ લખનૌ પર હુમલો કરવાનું સાહસ કરે તે સાંભળીને અંગ્રેજો આશ્ચર્યચકિત થઇ ગયા. અંતે ૧૮૫૮ના જૂનની ૧૩મીએ હોપ ગ્રાન્ટ ને ક્રાંતિકારો વચ્ચે ભયંકર યુદ્ધ થયું. તે દિવસે સ્વાતંત્ર્યના તે અણનમ સિપાહીઓએ જે શૌર્ય બતાવ્યું તેનો જોટો ક્યાંય જડે તેમ નથી. અંગ્રેજોની તોપો સામે ખુલ્લી છાતીએ તેઓ ધસી ગયા. એક પડતો તો તરત બીજો તેની જગ્યા લેતો. આખો દિવસ ભીષણ સંગ્રામ ચાલ્યો. પણ આખરે તોપોને કારણે અંગ્રેજો જીત્યા.

આ હાર છતાં પણ નવાનવા માણસો એકઠા કરીને નાનાસાહેબ યુદ્ધને સળગતું રાખતા હતા. જે લોકો હથિયારો છોડી શરણે આવશે તેમના પર દયા દાખવવામાં આવશે એવો રાણી વિક્ટોરિયાનો ઢંઢેરો બહાર પડવા છતાં સ્વાતંત્ર્યના તે ભેખધારીઓ પર તેની જરા પણ અસર થઈ નહિ. આખરે સર કૉલિન કૅમ્પબેલને એક વિશાળ સેનાની મદદ વડે આખા અયોધ્યા પ્રાંતમાંથી નવેસરથી આ ક્રાંતિકારીઓને હાંકી કાઢવાનો નિશ્ચય કરવો પડ્યો. તસુ તસુ જમીન માટે ભયંકર સંગ્રામો ખેલાવા લાગ્યા; અને બીજા ૬ માસ સુધી નાનાસાહેબની સરદારી હેઠળ વિપ્લવકારીઓએ અભૂતપૂર્વ ટક્કર ઝીલી. શંકરપુર, ડૂંડિયાખેડા, સીતાપુર, બકીપુર આદિ સ્થળોએ લડાઇઓ થઈ. આખરે અયોધ્યા પ્રાંતમાં જ્યારે યુદ્ધ ચલાવવું અશક્ય થઈ પડ્યું ત્યારે નાનાસાહેબ, બાલાસાહેબ, [illegible] આદિ નેતાઓએ ૬૦,૦૦૦ માણસો સાથે ૧૮૫૯ના એપ્રિલમાં નેપાળમાં પ્રવેશ કર્યો;—એ આશાથી કે નેપાળનો હિંદુ રાજા તેમને આ સ્વાતંત્ર્ય-યુદ્ધમાં મદદ કરશે. પ્રથમ નાનાસાહેબે પોતાના ભાઇને એક કાગળ સાથે નેપાળના જંગબહાદુર પાસે મોકલ્યો. અને મદદની માગણી કરી, એટલું જ નહિ પણ જો નેપાળના રાજા આ સ્વાતંત્ર્ય-યુદ્ધમાં નેતૃત્વ લે તો તેમના હાથ નીચે લડવાની તૈયારી બતાવી. પણ નેપાળના રાજાએ તે માગણી ધુત્કારી કાઢી એટલું જ નહિ, પણ અંગ્રેજોને પોતાના રાજમાં દાખલ થઈ સ્વાતંત્ર્યના તે અણનમ સિપાહીઓ પર હુમલો કરવાની રજા આપી. એ આક્રમણથી ઘણા માર્યા ગયા, ઘણા જંગલોમાં જતા રહ્યા અને કેટલાક પકડાયા.

આ પછી નાનાસાહેબ પેશ્વાનું આખરે શું થયું તે વિષે કશી ચોક્કસ માહિતી મળતી નથી. કેટલાકના મતે નાનાસાહેબે નેપાળના જંગબહાદુરને અંદરખાનેથી ફોડ્યો હતો અને તેણે નાનાસાહેબને ગુપ્તરીતે પોતાના રાજ્યમાં રાખ્યા હતા. નાનાને પકડીને સોંપી દેવાની અંગ્રેજો તરફથી વારંવાર જંગબહાદુર પાસે માગણી થતી હતી એ વાત આ બીનાને ટેકો આપે છે. આવી માગણીઓથી ચીડાઈને અંતે જંગબહાદુરે અંગ્રેજોને લખ્યું, 'નાના તો ક્યારનો યે મરી ગયો. તેનાં માણસોએ તેનો અગ્નિસંસ્કાર પણ કરી નાખ્યો છે અને તેની રાખ પણ થઇ ગઇ છે. તેનાં થોડાંક હાડકાં રહ્યાં છે; તે જોઇએ તો લઈ જાઓ અને નાના માટેની અમારી પાછળની આ ટકટક હવે બંધ કરો.' પણ નેપાળના રાજદરબારમાં રહેલા અંગ્રેજ રેસિડેન્ટ રામ્સેએ લૉર્ડ કૅનિંગને લખ્યું: 'જંગ બહાદુરના આ કથન પર રજમાત્ર વિશ્વાસ ન રાખશો. નાના હજુ જીવતો છે અને તેને નેપાળમાં બીજે ક્યાંક મોકલી દેવામાં આવ્યો છે.' આ વખતે અંગ્રેજોને ખબર મળી કે નાના વૈરાગીના રૂપમાં ફરે છે. આથી તેમણે નાના જેવો કોઈ વૈરાગી દેખાય કે તરત ફાંસીએ લટકાવી દેવાનો હુકમ કર્યો. આવા કેટલા યે નિર્દોષ વૈરાગીઓને અંગ્રેજોએ ફાંસીએ લટકાવી દીધા; છતાં નાનાનો પત્તો ન મળ્યો તે ન જ મળ્યો.

નાનાનું મૃત્યુ ક્યાં અને ક્યારે થયું તે હજુ અચોક્કસ છે. કેટલાકના મતે ૧૮૬૦ના ઑક્ટોબરમાં મૅલેરિયા તાવથી તેમનું મૃત્યુ થયું હતું. જ્યારે 'લંડન ટાઇમ્સ'માં પ્રસિદ્ધ થએલા એક પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે નાના હજુ તિબેટમાં જીવતો હતો. અરે, છેક ૧૯૧૮માં સરકારના એક બાતમીદારે સોગન ખાઇ જણાવ્યું હતું કે નાનાસાહેબ હજુ જીવતા છે અને જાહેર કર્યા મુજબ પોતાને ૧ લાખ રૂપિયા આપવામાં આવે તો તેમનો છુપો આવાસ બતાવવા પોતે તૈયાર છે. પણ સરકારે તે વાત તરફ કંઈ ન લક્ષ આપ્યું. પાછળથી તે વિશ્વાસુ બાતમીદારની તેમણે શોધ કરી. પણ તે પહેલાં જ તે મૃત્યુ પામ્યો હતો. આ છેલ્લી માહિતી જો ખરી હોય તો ૧૯૧૮ એટલે કે ૯૩ વર્ષનું લાંબું આયુષ્ય ભોગવી નાનાસાહેબ મૃત્યુ પામ્યા હોવા જોઈએ! જોકે હજુ નાનાસાહેબનું મૃત્યુ એક કોયડારૂપ જ છે.

ઇતિહાસમાં બે નાના પ્રખ્યાત થઇ ગયા. એક નાના ફડનવીસ અને બીજા નાનાસાહેબ પેશ્વા. કુસંપને લીધે પડી ભાંગતી મરાઠી સત્તાને નાના ફડનવીસે પોતાની કુશાગ્ર બુદ્ધિમત્તાને બળે ટકાવી રાખી, જ્યારે નાનાસાહેબ પેશ્વાએ કુશળ સંગઠનશક્તિ તથા પરાક્રમ વડે થતી આ દેશની સ્વાતંત્ર્ય-ભાવનાને વીજળીની માફક ભલેને એક ક્ષણ માટે પણ ચમકાવી દઈ અમર કરી દીધી.

આજને તમારી બનાવશો તો જ આવતી કાલ તમારી બનશે.

લગ્ન એ જીવનનું બંધન નથી—જીવનનું બંધારણ છે.



માધુકરી

માગું : રહો દૂરનું દૂર લક્ષ્ય તો
ઉતારશો ના ધ્રુવને ધરા પરે
સંપૂર્ણતા દૂર રહો; સદા મને
હો ઊણપોના ઉકળાટ અંતરે
વિશ્વે હું જે વારસ ચેતનાનો
વિરામ વાંછું નહિ પૂર્ણતાનો.
(આતિથ્ય) —ઉમાશંકર જોષી

સ્વ. સર ચીમનલાલ હરિલાલ સેતલવાડ

પોતાની પ્રખર બુદ્ધિમત્તાના દીપ વડે માત્ર કાયદાના જ ક્ષેત્રમાં નહિ પણ સામાજિક, રાજકીય, શૈક્ષણિક ઈત્યાદિ દરેક ક્ષેત્રમાં પ્રકાશ પાથરનાર હિંદના અગ્રણી વિનીત નેતા સર ચીમનલાલ હરિલાલ સેતલવાડના ગયા માસમાં થએલા મૃત્યુથી હિંદે એક તેજસ્વી સપૂત ગુમાવ્યો છે. તેમના જ્ઞાનની વિશાળતા એવી તો અમર્યાદ હતી અને જાહેર જીવનના પ્રત્યેક પ્રશ્ન બાબતનો તેમનો અભ્યાસ એટલો તો ઊંડો હતો કે રોમન સમયના દેશહિતૈષી સેનેટરનું તે સ્મરણ કરાવતા, એટલું જ નહિ પણ એક વ્યક્તિ કરતાં એક સંસ્થા જેટલો પ્રભાવ તેમણે જમાવ્યો હતો.

ઈ. ૧૮૬૫ના જુલાઈમાં, કાયદાના ક્ષેત્રમાં ખ્યાતિ મેળવેલા બ્રહ્મ-ક્ષત્રિય કુટુંબમાં, ભરૂચ મુકામે તેમનો જન્મ થએલો. ઉમરેઠમાં પ્રાથમિક શિક્ષણ લઈ અમદાવાદમાંથી મૅટ્રિકની પરીક્ષા પાસ કર્યા બાદ તેમણે મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. ની પદવી મેળવી, ને પિતાજીના અતિ આગ્રહને કારણે તેમને સાણંદમાં સરકારી રેવન્યૂ ખાતામાં અનિચ્છાએ નોકરી સ્વીકારવી પડી. પરંતુ ચાર જ દિવસમાં રાજીનામું આપી દઈ કાયદાનો અભ્યાસ કરવા તે મુંબાઈ ઊપડી ગયા. ખ્યાતનામ વકીલ કે ન્યાયાધીશ થવાની નાનપણથી જ સેવેલી આરઝૂથી તેમણે એલએલ. બી.ની પરીક્ષા પાસ કરીને ઈ. ૧૮૮૭માં ઍપેલેટ સાઈડમાં વકીલ તરીકે કારકિર્દી શરૂ કરી.

મેધાવિન ને મહત્ત્વાકાંક્ષી માનવીને જગત આપમેળે જગ્યા કરી આપે છે, તેમ આ તરુણને પણ એક બાહોશ વકીલ તરીકે નામના મેળવતાં વાર ન લાગી. એવામાં ચઢતીના એ કાળમાં જ તે મુંબાઈના બેતાજ બાદશાહ ફિરોઝશાહ મહેતા સાથે સંપર્કમાં આવ્યા ને એ સંપર્કે તેમના આખા આયુષ્યનું સુકાન બદલી નાખ્યું. માત્ર ખ્યાતનામ વકીલની નામના મેળવવાનું જ તેમનું હવે ધ્યેય ન રહ્યું, પણ સાર્વજનિક કાર્યોમાં ઉત્સાહથી ફાળો આપી દેશની શક્ય તેટલી સેવા કરવી એવી તીવ્ર ઈચ્છા તેમનામાં જાગી, અને જાહેર જીવનમાં ભાગ લેવાથી ધીકતા ધંધાને નુકસાન થશે એવી ઘણા મિત્રોની હિતસ્વી ચેતવણી અવગણીને પણ તેમણે ફિરોઝશાહ મહેતાના નેતૃત્વ નીચે રાજકીય તથા સાર્વજનિક ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને થોડા જ વખતમાં મ્યુનિસિપાલિટી, ઍસેમ્બલી, યુનિવર્સિટી, કૉંગ્રેસ, વિનીત પક્ષ આદિ દરેક પ્રવૃત્તિમાં મનઃપૂર્વક આગળપડતો ભાગ લેવા લાગ્યા. ફિરોઝશાહ મહેતાની વિચારસરણીના તે એવા તો કટ્ટર પુરસ્કર્તા હતા કે ઈ. ૧૯૧૫માં ફિરોઝશાહનું મૃત્યુ થઈ ગયા બાદ તે મતપ્રણાલિને છેવટ સુધી ટકાવી રાખનાર અંતે તે વિનીતોમાં એકલા પણ અટલ રહ્યા હતા.

પ્રખર ધારાશાસ્ત્રી તરીકે તેમની વિદ્વત્તા અને પ્રતિભા તો અજોડ હતાં. કોઇ પણ મુદ્દાનું બળાબળ પરખી લેવાની તેમની શક્તિ, પૃથક્કરણ કરવાની આવડત તથા કાયદાના સિદ્ધાંતો પર તેમની અદ્‌ભુત પકડ આદિ ગુણોને કારણે માત્ર મુંબાઇ ઇલાકામાં જ નહિ પણ સમસ્ત હિંદમાં તે પ્રથમ કક્ષાના ધારાશાસ્ત્રી તરીકે પંકાતા. તેમની આ ઉચ્ચ શક્તિઓને કારણે ઇ. ૧૯૨૦માં તે હાઈકોર્ટના વધારાના ન્યાયધીશ પણ નીમાએલા.

આ માસનું પંખી
રૂપ-લટોરો



હોલા જેવડું આ પંખી તેનો ચાંચથી આંખ લગી પહોંચતો ઉઠાવદાર કાળો પટો, પોપટ જેવી વાંકી, અણીદાર, પણ કાળી ચાંચ ને લાંબી પૂંછડી ને કારણે સહેલાઇથી પરખી કાઢી શકાય તેવું છે. ગુજરાતમાં તો તે ઠેરઠેર દેખાય છે. પણ નવાઈની વાત એ છે કે આપણે ત્યાં તેનું કોઈ ખાસ નામ નથી. 'લટોરો' એ તો તેનું હિંદી નામ.

તીડગોલ્લાં, તમરાં, ગોકળગાય, ક્વચિત્ ગરોળી ને પંખીના બચ્ચાં એ એનો આહાર. આથી તે વસતિમાં દેખાતું નથી. ખુલ્લા, તેમાંયે રણ જેવાં સુક્કાં મેદાન તેને બહુ ગમે. ખાસ કરીને બાવળના ઝાડની ડાળ પર તે શાંત ચિત્તે આહારની ભાળ રાખતું બેસે છે. ક્યાંક શિકાર દેખાય કે તરત નીચે ઊતરી તેને ઉદરમાં સમાવી પાછું ઝાડ પર આવી બેસી જાય. આવું સ્વભાવે શાંત ને એકાકી આ પંખી તદ્દન નિરુપદ્રવી તથા ખેતીને ઉપકારક છે.

આ પંખીની અનેક જાતો પૈકી ત્રણ આપણે ત્યાં વ્યાપક રીતે જોવામાં આવે છે: (૧) દૂધિયા લટોરો, જેનું ચિત્ર ઉપર આપ્યું છે, તે આ લટોરાનો સમગ્ર વર્ણ રાખોડિયા શ્વેતરંગનો, પાંખો અને પૂંછડીના પીંછાં કાળા રંગનાં, પાંખોમાં ધોળો પટો, શરીરનો નીચેનો ભાગ સફેદ તથા આંખો તપખીરિયા રંગની હોય છે. જાન્યુઆરીથી જુલાઇ એ તેનો ગર્ભાધાન કાળ; (૨) મિટ્ટિયા લટોરો. લગભગ દૂધિયા જેવા જ આ લટોરાનાં ખભા કેડ અને પૂંછડી પરનાં પીંછાં રતુમડા રંગનાં તથા પડખાં બદામી રંગનાં હોય છે. (૩) રાતુમડી પીઠવાળો લટોરો. તેની પીઠ અને ખભા ઘેરાં તપખીરીયા રંગનાં અને છાતી ઈંટાળિયા લાલ રંગની હોય છે.

બાવળ જેવાં કાંટાળાં ઝાડ પર જ આ પંખી પોતાનો વાડકી જેવો માળો બાંધે છે અને ૩ થી ૬ ઈંડાં મૂકે છે. ('વનેચર'ના લેખ પરથી)



મુંબાઈ કૉર્પૉરેશનમાં તો છેક ૧૮૯૨થી તેમણે પ્રવેશ કરેલો અને ૧૯૨૦ સુધી યુનિવર્સિટી તરફથી સતત જાગરૂક સભ્ય રહેલા. ૧૮૯૩થી વખતોવખત મુંબાઈની વડી ધારા સભાના સભ્ય તરીકે તથા ૧૯૩૦માં મધ્યસ્થ આમ ધારાસભાના સભ્ય તરીકે સરકારી બિલો પર કડક સમાલોચના કરીને તેમણે લોકહિતની જે જાગરૂકરીતે રક્ષા કરેલી તેથી, તથા જાહેર પ્રશ્નો પરની પોતાની તલસ્પર્શી પકડને કારણે તો તે બિનસરકારી સભ્યોના બેતાજ નેતા હતા. મધ્યસ્થ ધારાસભામાં વિઠ્ઠલભાઇ પટેલ પ્રમુખ થયા તે પહેલાં તેના કામચલાઉ પ્રમુખ નીમાવાનું માન પણ તેમને જ મળેલું. ઈ. ૧૯૨૦માં ગવર્નરની કારોબારી સમિતિમાં તે નીમાએલા. પણ પોતાની પાંચ વરસની મુદ્દત પૂરી થતાં પહેલાં જ એ પદનું તેમણે રાજીનામું આપી દીધેલું જેથી તે કાળે ખૂબ ચકચાર ફેલાએલી.

પણ સૌથી વધુ ચિરસ્મરણીય તો રહેશે તેમની શૈક્ષણિક સેવાઓ. ઇ. ૧૯૧૭થી લાગલાગટ ૬ વખત (કુલ ૧૨ વર્ષ સુધી) મુંબાઇ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ થવાનું તેમને મળેલું માન અત્યાર અપૂર્વ ગણાય છે. એ પદે રહી યુનિવર્સિટીમાં લશ્કરી શિક્ષણ, રીઝર્વ ફંડ, શૈક્ષણિક સુધારા આદિ અનેક મહત્ત્વની બાબતોમાં તેમણે જે કામગીરી બજાવી છે તે ખાસ નિર્દેશ યોગ્ય છે. અને તેમાં યે ૧૯૨૭માં વિશ્વવિદ્યાલયમાં મહત્ત્વના સુધારા કરતો 'મુંબાઈ વિશ્વવિદ્યાલયમાં ધારો' ઘડવા પાછળ તેમણે લીધેલી જહેમત તો તેમને માટે માન પ્રેરે તેવી હતી. વિશ્વવિદ્યાલયે પણ તેમને 'ડૉકટર ઑવ્ લૉઝ' પદવી એનાયત કરી તેમનું ઉચિત ગૌરવ કર્યું.

રાજકીય ક્ષેત્રમાં ફીરોઝશાહ મહેતાના નેતૃત્વ નીચે તેમણે ઈ. ૧૮૮૯માં હિંદી રાષ્ટ્રીય મહાસભામાં પ્રવેશ કરેલો અને પોતાના અંત સુધી વિનીત પક્ષના કટ્ટર પુરસ્કર્તા રહેલા. મૉંટેગ્યુ-ચેમ્સફર્ડ સુધારા પછી ઇ ૧૯૧૮ માં વિનીત પક્ષે કૉંગ્રેસથી જુદા પડીને 'નૅશનલ લિબરલ ફેડરેશન ઑવ્ ઈન્ડિયા' નામે નવો પક્ષ સ્થાપ્યો પણ ૧૯૨૮ ને ૧૯૩૭માં તેના પ્રમુખપદે પણ તે ચુંટાએલા. હિંસક વા અહિંસક લડતોથી નહિ, પણ કાયદેસરની બંધારણીય લડતોથી જ દેશને સ્વાતંત્ર્ય મળશે એવી વિનીત વિચારસરણીમાં તેમનો એવો તો દૃઢ વિશ્વાસ હતો કે તેમને 'વિનીત પક્ષના ભીષ્માચાર્ય'નું એક વર્તમાનપત્રે આપેલું બિરુદ તદ્દન સાર્થક લાગે છે.

પણ સર ચીમનલાલની કારકિર્દીનો સૌથી તેજસ્વી વિભાગ તો ઈ. ૧૯૧૮માં જલિયાંવાલા બાગના ભયંકર હત્યાકાંડની તપાસ કરવા નીમાએલી હંટર કમિટિના સભ્ય તરીકે તેમણે કરેલું કાર્ય. એ હત્યાકાંડના મુખ્ય સૂત્રધારો ડાયર તથા ઑડવાયરની તપાસને અંતે, સમિતિના બીજા યુરોપિયન સભાસદોથી લેશ પણ ન દબાતાં, તેમનો ક્રોધ વહોરી લઈને પણ, તેમણે પોતાનો જુદો સ્વતંત્ર અહેવાલ લખ્યો, જે તેમની રાષ્ટ્રીય બુદ્ધિની પ્રતીતિ કરાવે છે. એ જ રીતે પ્રાંતિક તથા મધ્યસ્થ સરકારો વચ્ચે ખાતાંની વહેંચણી માટે નીમાએલી સાઉથબરો સમિતિના સભ્ય તરીકેની તેમની કામગીરી પણ નોંધપાત્ર છે. ઈ. ૧૯૩૦ની ગોળમેજી પરિષદમાં પણ તે સભ્ય તરીકે ગએલા ને કોમી પ્રશ્નના ઉકેલ માટે જહેમત લીધેલી.

સેતલવાડના જીવનનો સાર જો એક જ શબ્દમાં કહેવો હોય તો 'નિર્ભયતા'. પોતાની સ્વતંત્ર નિર્ણયબુદ્ધિને યોગ્ય લાગે તે કોઈની પણ શેહમાં તણાયા વગર તે કહી અને આચરી બતાવતા, પછી ભલે તેમના વિચારો કોઇ ઉપરી અમલદારની વિરુદ્ધ હોય, સરકારની વિરુદ્ધ હોય, ગાંધીજીની વિરુદ્ધ હોય, કૉંગ્રેસ જેવા દેશના મહાન પક્ષની વિરુદ્ધ હોય કે ખુદ જનતાને પણ અપ્રિય લાગે તેવું હોય. તે કહી પણ સ્પષ્ટ કહેતાં અચકાતા નહિ. પોતે લોકોમાં અપ્રિય થશે એ ભયે તેમણે પોતાનો સ્વતંત્ર અભિપ્રાય કદી દબાવી રાખ્યો નથી કે બદલ્યો નથી. આવી અસાધારણ નૈતિક હિંમત બહુ ઓછામાં જોવા મળે છે. તેમણે પોતાનાં જીવન-સંસ્મરણો આલેખતું તથા પોતાના વિચારો દર્શાવતું 'રીફલેક્શન્સ ઍન્ડ રીફલેક્શન્સ' નામનું જે મનોરંજક અને માહિતીપૂર્ણ પુસ્તક લખ્યું છે તે દરેકે જોવા જેવું છે.

માત્ર ૨૬ વર્ષની વયે જાહેર જીવનમાં પડીને તેમણે વિશ્રાંતિ શું એ જાણ્યું નથી. ૮૨ વર્ષની પાકટ ઉમર થઈ અને મૃત્યુનો દૂત બારણા આગળ આવીને ઊભો રહ્યો ત્યાં સુધી તે સતત કાર્યરત હતા, એ તેમની પ્રકૃતિ કેવી ખડતલ હશે તેનો ખ્યાલ આપે છે. આખરે આવી અષ્ટપૈલુ બુદ્ધિમત્તા ધરાવનાર સર ચીમનલાલનું ગઈ ૧૦ મી ડિસેમ્બરે ટૂંકી માંદગી પછી મૃત્યુ થયું છે. તેમના અવસાનથી આપણે એક બાહોશ ધારાશાસ્ત્રી, પ્રખર કેળવણીકાર, વિનીત પક્ષના એક અધ્વર્યુ અને સ્તંભ, નિષ્ઠાવાન લોકસેવક તથા જન્મજાત દેશભક્ત ગુમાવ્યો છે, એટલું જ નહિ પણ નવી અને જૂની પેઢીને જોડતો એક તેજસ્વી અંકોડો તેમના મૃત્યુથી ખરી પડ્યો છે.

ખસ

આજકાલ એક પણ ઘર એવું નહિ હોય કે જ્યાં ખસ–ખરજવાના રોગે પ્રવેશ કર્યો નહિ હોય. ઘણાંએ તેનો અનુભવ પણ કર્યો હશે. ઘણા મોટા પાયા પર આપણામાં પ્રસરી ગએલા આ રોગના કારણ વિષે તથા તેના યોગ્ય ઉપચાર બાબત આપણામાં ઘણું જ અજ્ઞાન દેખાઈ આવે છે. તેના ઉદ્ભવ માટે કોઈ રૅશનિંગના અનાજને જવાબદાર ગણે છે, કોઇ લોહીના બગાડને દોષી ગણે છે, તો કોઈ વળી આજની આપણી કૃત્રિમ રહેણીકરણીને માથે દોષનો ટોપલો ઓઢાડે છે. પણ ખરી વાત તો એ છે કે આ રોગ ભયંકર સંસર્ગજન્ય રોગ છે ને તેના ઉત્પાદકો છે નાનાનાના જંતુઓ.

આ જંતુઓને Itch mite કે acarus કહેવામાં આવે છે. ગોળ ાં જેવા આકારના આ જંતુઓ દેખાવમાં કાચબા જેવા લાગે છે. ાગના આખા શરીરે ભીંગડાં (Bristles) તથા મોઢા આગળ મજબૂત જડબાં હોય છે અને રંગે તે ભૂખરા-ધોળા રંગના હોય છે. નર કરતાં માદા ઘણી મોટી હોય છે અને ઘણી વખત તો તે નરી આંખે પણ જોઈ શકાય છે. સૂક્ષ્મદર્શક કાચ વડે તો ખસ થએલી જગ્યામાં સળવળતા સેંકડો જંતુઓ સહેલાઇથી જોઈ શકાય છે.

નર ઘણુંખરું ચામડીની નીચે જ રહે છે. પણ ઘણી વાર માદાસાથે સંપર્કમાં આવવા ચામડી પર આવે છે. માદા ગર્ભવતી થતાં જ તે પોતાનાં મજબૂત જડબાં વડે ચામડીમાં કાણું પાડીને ચામડીની નીચે ચાલી જાય છે. સામાન્ય રીતે તે કોમળ ને પાતળી ચામડી પસંદ કરે છે આથી જ લોકોને આંગળીઓની વચ્ચેના ગાળામાં, કોણીએ કે કાંડાં આગળ ખસ શરૂ થાય છે. નાના બાળકના તો કોઈ પણ ભાગ પર તે હુમલો કરે છે. ચામડીમાં જે બોગદો તે બનાવે છે તે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચામડીને સમાંતર હોય છે અને ઉપરથી જોનારને ટપકાંવાળા વાંકાચૂંકા ઉઝરડા જેવો લાગે છે.

પણ આ બોગદો ખરું જોતાં તે જંતુની કબર જ હોય છે કારણ તેનાં ભીંગડાં પાછળની બાજુ ઢળતાં હોવાથી તે આગળ જ જઈ શકે છે, પણ પાછળ ફરી શકતા નથી. રોજનું $\frac{1}{10}$ ઇંચ જેટલું ખોદતો



આ જંતુ મહિનાઓ સુધી જીવતો રહી શકે છે. બોગદો ખોદવાની પોતાની આ ક્રિયા તે ઘણુંખરું રાતના-જ્યારે ઉષ્ણતામાન સરખું હોય છે બધું શાંત હોય છે અને માનવી નિરાંતે સૂતો હોય છે ત્યારે જ કરતા હોય છે. તેની એ ખોદવાની ક્રિયા વખતે અસહ્ય ખંજવાળ આવે છે. ખસવાળાને રાતના વધારે ખંજવાળ આવવાનું કારણ આ જ છે.

માદા દરરોજ મોટા આકારનાં એક કે બે ઇંડાં મૂકે છે. માદાએ કરેલા એવા એક ખાડામાંથી તો ૨૧ જેટલાં ઈંડાં મળી આવ્યાં છે! ૩ થી ૬ દિવસમાં આ ઇંડાં સેવાઇ જઈ તેમાંથી ૬ પગવાળી ઇયળો બહાર આવે છે. પછી આ ઈયળોનું આગળ શું થાય છે તે હજુ ચોક્કસ જણાયું નથી. ઘણા એમ માને છે કે તે તે બોગદામાંથી બહાર આવીને નવો બોગદો ખોદે છે, જ્યારે કેટલાક એમ માને છે કે તે બોગદામાંથી જ તે બીજો બોગદો ખોદે છે. ઇયળની અવસ્થામાંથી સંપૂર્ણ વિકાસ પામેલા જંતુમાં તેનું રૂપાંતર થતાં બીજા ૮થી૧૦ દિવસ થાય છે. ઈંડામાંથી જંતુ બનેલા આ નર અને માદા ચામડીની સપાટીએ આવીને શરીર પર અને કપડાં પર ભટકે છે, જ્યાં ફરી તેમનું સંયોગીકરણ થતાં પહેલાંની માફક પ્રજનનનું ચક્ર શરૂ થાય છે.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થશે કે જો માણસે પોતાની ખસ મટાડવી હોય તો આ જંતુઓનો પહેલાં નાશ કરવો જોઇએ. ગંધકનો મલમ અને બીજા કેટલાક ઝેરી મલમો આ ઉપર રામબાણ ઉપાય છે. તે આ જંતુઓ તથા તેનાં ઇંડાંને સહેલાઈથી મારી નાખે છે.

શરૂઆતમાં ગરમ પાણીથી ખૂબ ચોળીને સ્વચ્છ રીતે નહાવું. શરીરનો દરેકે દરેક ભાગ જાડા કપડાવતી અથવા બ્રશ વડે ખૂબ ઘસવો જેથી શરીર પર થએલાં ખસનાં ભીંગડાં તથા નિશાનીઓ દૂર થઈ નીચેના જંતુઓના બોગદા ખુલ્લા થાય. પછી ગંધકનો મલમ ચામડી પર ખૂબ ઘસવો. જેમને ગંધકનો મલમ માફક ન આવતો હોય તેમણે બીજો કોઈ ખસનો મલમ વાપરવો. તે મલમ ત્રણ દિવસ સુધી સવારે અને રાત્રે લાગલાગટ લગાડવો આ ત્રણ દિવસ દરમિયાન દરદીએ ન તો સ્નાન કરવું કે અંદરનાં કપડાં બદલવાં. ચોથે દિવસે મલમ લગાડયા પછી થોડાક કલાક પસાર થવા દેવા ને ફરી ખૂબ સાબુ લગાડી ગરમ પાણીથી સ્નાન કરી સ્વચ્છ કપડાં પહેરવાં.

ખસ અત્યંત સંસર્ગજન્ય રોગ હોવાથી ખસના દરદીથી બધાએ દૂર રહેવું. માત્ર તેના શરીરને અડવાથી કે તેની સાથે હાથ મેળવવાથી જ નહિ પણ તેનાં કપડાં, બિછાનું, ચોપડીઓ કે બીજું સાહિત્ય વાપરવાથી પણ તે રોગ આપણને થવા સંભવ છે. અરે, કૂતરો, બિલાડી, ઘેટું ગાય, બકરી, ઘોડો, સિંહ અને ઊંટને પણ ખસ થાય છે અને તેમનો ચેપ માણસોને લાગે છે! (ટ્રેઝર ચેસ્ટ)

જમીનથી ઊંચે જીવસૃષ્ટિ

હિમાલયના એવરેસ્ટ શિખર પર ચડનારી ટોળીએ ૨૮,૨૦૦ ફૂટની ઊંચાઈએ છાવણી નાખીને સાબિત કર્યું કે ૨૭,૦૦૦ફૂટની ઊંચાઇ સુધી મજૂરો સામાન લઈ જઇ શકે છે અને માણસ એટલી ઊંચાઇએ નિરાંતે ઊંઘી પણ શકે છે. સાહસવીર અર્વિન અને મૅલરીએ તો ૨૮,૬૫૦ફૂટની ઊંચાઈ સર કરી હતી મનુષ્યે ઊંચામાં ઊંચી જગ્યાએ પગ મૂક્યાનો એ આંક છે. જીવસૃષ્ટિમાં એકલો કાળા માથાનો માનવી જ આટલી ઊંચી જગ્યાએ પહોંચ્યો છે. આટલી ઊંચાઇ સુધી કોઈ પશુ કે એકાદ પંખી પણ હોતું નથી.

કેટલી ઊંચાઈ સુધી પશુપંખીઓ તથા વૃક્ષો અસ્તિત્વ ધરાવે છે તેની રસમય વિગત એવરેસ્ટના આરોહણ દરમ્યાન જાણવા મળી છે.

એશિયામાં હંસરાજ૭,૦૦૦ને વાંસ૧૦,૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી ઊગે છે. લીલોતરી આ ૧૫ હજાર ફૂટની ઊંચાઇએ દેખાય છે અને સ્કૃબ તથા બુશ તો ૧૭ હજાર ફૂટની ઊંચાઈ સુધી ધરતીને હરિયાળી બનાવે છે. ધરતીની અગાસી ગણાતા તિબેટના પ્રદેશમાં વસતા લોકો ૧૪ થી ૧૫ હજાર ફૂટની ઊંચાઇએ જમીન ખેડી પાક લણે છે. પાઈન અને બર્ચ ૧૪,૪૦૦ ફૂટ, આલ્પાઈન ૧૬,૫૦૦ ફૂટ, સેકસીફ્રેઈજ અને બ્લુવેચ ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઇએ ધરતીને શોભાવે છે.

વૃક્ષો હોય ત્યાં પશુઓ પણ હોય જ. હિમાલયનું આરોહણ કરનારાઓએ ૧૭ હજાર ફૂટની ઊંચાઇએ શરમાળ જંગલી ઘેટું ચરતું જોયું છે. આ ઊંચાઇએ તૃણ ખાતાં સસલાં પણ શિકારીઓને શિકાર પૂરો પાડવા તૈયાર હોય છે.

પશુ કરતાં પક્ષીઓ વધુ ઊંચાઇએ પહોંચે છે. ૧૯,૦૦૦ ફૂટની ઊંચાઈએ પર્વતની કંદરાઓ ઓળંગતાં ઘણાં પક્ષીઓ જોવામાં આવે છે. સ્થળાંતર કરતાં પક્ષીઓ તો આથી યે ઊંચે ઊડે છે. માછલીનો ભક્ષ્ય શોધતાં પક્ષીઓ ૧૬,૦૦૦ ફૂટ ઊંચાઇએ અને થરથરો તો ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઇ સુધી પહોંચે છે એરોપ્લેનની જેમ ઘૂમતાં લૅમેરજીયર (Lammer-geier) ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઈએ વિહરે છે. ૨૪,૦૦૦ ફૂટની ઊંચાઇએ ટોળાબંધ ઘૂમતાં ચૉફ (Chough) પક્ષીઓ નજરે પડે છે અને એવરેસ્ટ ચડનારાઓની પાછળપાછળ ખાવા મળવાની આશાએ ૨૭,૦૦૦ ફૂટ સુધી જાય છે.

મકરસંક્રાન્તિ

હિંદુઓનો અતિ પવિત્ર ગણાતો આ તહેવાર અનેક રીતે મહત્ત્વનો છે. તે દિવસે સૂર્ય કર્ક રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે છે માટે જ તેને મકર-સંક્રાન્તિ કહે છે. વળી તે દિવસથી સૂર્ય દક્ષિણ તરફ જતો અટકી જઇ ઉત્તર તરફ પ્રયાણ શરૂ કરે છે, માટે તેને ઉત્તરાયન ('અયન' એટલે જવું) પણ કહે છે. મકરસંક્રાન્તિને દિવસે રાત્રિ લાંબામાં લાંબી હોય છે, પણ ત્યાર પછી તે ટૂંકી થતી જાય છે અને દિવસ લાંબો થતો જાય છે. આમ આ તહેવાર, દિવસનો રાત્રિ પરનો વિજય, તડકાનો ટાઢ પરનો વિજય અને પ્રવૃત્તિનો આસાયેશ પરનો વિજય સૂચવે છે.

મકરસંક્રાન્તિ એ હિંદુઓનો મોટો તહેવાર છે. કેટલાક વિદ્વાનોના મતે આર્યોનું મૂળ રહેઠાણ ઉત્તર ધ્રુવ પાસે હતું. ત્યાં છ માસનો દિવસ ને છ માસની રાત હોય છે. તે કાળમાં છ માસની ઘોર રાત્રિ પૂરી થયા પછી સૂર્યનારાયણનું પ્રથમ કિરણ જ્યારે ઉત્તરાયણના પ્રારંભમાં પૃથ્વી પર પડતું ત્યારે સ્વાભાવિકરીતે જ તેમને ખૂબ આનંદ થતો ને તે મોટો ઉત્સવ કરતા. તે ઉત્સવનું જ આજનું રૂપાંતર તે મકરસંક્રાન્તિનો તહેવાર એમ ઘણા વિદ્વાનોનું માનવું છે.

જોકે મકરસંક્રાન્તિના આ દિવસ વિષે વિદ્વાનોનો એવો મત છે કે સાચી મકરસંક્રાન્તિ પોષ માસમાં ૧૪મી જાન્યુઆરીએ નહિ પણ માગશરમાં ૨૩ મી ડિસેમ્બરે હોવી જોઈએ, કારણકે લાંબામાં લાંબી રાત્રી તે જ દિવસે હોય છે. પણ આપણાં રૂઢ પંચાંગો તો પરાપૂર્વથી ચાલી આવેલી ૧૩-૧૪ મી જાન્યુઆરીને જ મકરસંક્રાન્તિ માને છે.

મકરસંક્રાન્તિ માટે ધાર્મિક માન્યતા જુદી જ છે. લોકો તેને સંક્રાન્તિદેવી માને છે, જે સંકરાસુર નામના રાક્ષસનો નાશ કરે છે. અનેકભુજા તે દેવી વિશિષ્ટ વાહન પર બેસી એક દિશામાંથી બીજી દિશામાં જાય છે એમ ગણીને ફલજ્યોતિષીઓ સંક્રાન્તિ-ફળ કહે છે.

આ તહેવારનો શાસ્ત્રોક્ત વિધિ જોકે બધે પળાતો નથી, પણ તે જાણવો ઘણો રસભર્યો છે. તે દિવસે તિલતર્પણ કરી દેવોની પૂજા કરવી,' તલ અને સુવર્ણનું દાન કરવું, શંકર પર તલચોખા ચઢાવી ઘીનો અભિષેક કરવો, સૂર્યદેવ માટે વ્રતો કરવાં, સ્નાન દાન તથા શ્રાદ્ધ કરવું, સ્ત્રીઓએ ખોળો ભરવો ઈત્યાદિ ઘણા વિધિ શાસ્ત્રમાં કહ્યા છે. પણ હિંદના દરેક પ્રાંતમાં તો ત્યાંત્યાંની જૂની રૂઢિઓ મુજબ જુદીજુદી વિધિ થાય છે.

મહારાષ્ટ્રમાં આ દિવસે તલ અને ગોળની વિવિધ વસ્તુઓ બનાવીને એકબીજાને આપી 'तिळगुळ घ्या आणि गोडगोड बोला' એમ કહેવાનો રિવાજ છે. સ્ત્રીઓ એકબીજાંને મળી હળદર-કંકુ તથા 'તિળગુળ' આપે છે. બંગાળમાં ગોળ અને ખજૂરના રસમાં તલ નાખીને બનાવેલો 'તિળુઆ' નામનો મેવો આપવાનો રિવાજ છે તથા ચોખાના લોટમાં ઘી સાકર મેળવી બનાવેલું 'પિષ્ટક' નામનું પકવાન્ન વહેંચવામાં આવે છે. આ પરથી બંગાળમાં આ તહેવાર 'તિળુઆ-સંક્રાંતિ' અથવા 'પિષ્ટક-સંક્રાંતિ' કહેવાય છે. દક્ષિણ હિંદમાં એ 'પોંગલ' નામે ઓળખાય છે. ત્યાં ત્રણ દિવસ ખૂબ ધામધૂમથી ઊજવાતા આ તહેવારમાં દૂધચોખા રાંધીને દેવને ધરાવી આરોગવા તથા ગાય, ઘોડા આદિ ઢોરોની પૂજા કરી વાજતેગાજતે ફેરવવાં આદિ વિધિ થાય છે. સંક્રાંતિને દિવસે તીર્થસ્નાન કરવાથી સદ્‌ગતિ મળે છે એવું શાસ્ત્રવચન હોઈ તે દિવસે લાખો લોકો ગંગા ને બીજી નદીઓ પર આવેલાં ક્ષેત્રોમાં જઈ સ્નાન કરે છે. ઉત્તર હિંદના કુંભના મહામેળા પણ આથી સંક્રાન્તિને દિવસે ભરાય છે.

આપણે ત્યાં ગુજરાતમાં પણ આ તહેવાર 'મહાપર્વણી' લેખાયો હોઇ તે દિવસે દાનધર્મ કરવાનો મહિમા ગણાયો છે. ગરીબોને અન્ન તથા વસ્ત્રનું દાન, ગાય આદિ પશુઓની પૂજા, તલ અને ગોળના નાના લાડુનું ભોજન આદિ થાય છે. જોકે આપણી આમપ્રજાની મુખ્ય આનંદ-પ્રવૃત્તિ તો તે દિવસે પતંગ ઉડાડવાની છે. પતંગો ઉડાડવાની એ પ્રથાની શરૂઆત ક્યારથી થઈ તે હજુ ચોક્કસ થયું નથી; પણ મૂળ તો તે પવન કઈ બાજુનો છે તે જાણવા માટે થઇ લાગે છે; કારણ પવન જો ઇશાન તરફનો હોય તો તે સૂકો હોઈ 'ક-વા' ગણાય છે જ્યારે પશ્ચિમ અને પૂર્વનો વાયુ 'સ-વા' ગણાય છે. તડકામાં પતંગ ઉડાડવાથી બાળકો તથા મોટેરાંઓને નિર્દોષ આનંદ ઉપરાંત વિટામિન 'ડી' પણ મળે છે. પણ હવે એ પતંગ તથા દોરી સ્વદેશી જ વાપરવાનો આગ્રહ રાખવામાં આવે તે રાષ્ટ્રીય દૃષ્ટિએ ઈષ્ટ છે.

પણ સંક્રાન્તિને દિવસે જો સૌથી વધુ અને બધા પ્રાંતોમાં એકસરખું માન્ય મહત્ત્વ કોઈનું હોય તો તે તલ અને ગોળનું. એનું કારણ કે એ બંને વસ્તુઓ આ ઋતુમાં વિપુલ હોય છે અને આ ઋતુમાં આરોગ્ય માટે તે બંને વસ્તુઓ ખૂબ પુષ્ટિકારક હોવાથી તે દિવસે તથા ત્યાર પછી પણ તે ખાવાથી શરીરમાં તાકાત વધે છે. ઉપરાંત તે બન્નેમાં આપણા સામાજિક જીવન માટે બે ભાવપ્રતીક રહેલાં છે. તલમાં સ્નેહ (સંસ્કૃતમાં તલને સ્નેહ કહે છે) છે અને ગોળમાં મિઠાશ છે. એટલે તે એકબીજાને આપીને પરસ્પરમાં પ્રેમ અને મિઠાશની વૃદ્ધિ વ્યક્ત કરવાની ભાવના તેની પાછળ રહેલી છે. આમ, મકરસંક્રાંતિ એ કપરી ઋતુ પરના વિજયના તહેવારની સાથેસાથે પ્રેમ અને એખલાસની અભિવૃદ્ધિનો પણ તહેવાર છે.

ઋતુરાજ વસન્તના આગમનનો સંદેશ આપતી મકરસંક્રાન્તિ સમસ્ત માનવજાતને પ્રેમ-ઐકયનો આદેશ પણ આપે છે.

—માસમાસના તહેવારો-૧—

નાનાં પ્રાણીઓ પૈકી ગરોળી તિબેટની તળેટમાં ૧૫૦૦૦ ફૂટની ઊંચાઇએ દેખા દે છે. ભમરા, માખો અને તંદુરસ્તીના દુશ્મન મચ્છરો પણ ત્યાં અસ્તિત્વ ધરાવે છે. ઉદ્યમી કીડીઓ પણ ત્યાં હાજર હોય છે, પણ ત્યાં તેમની પ્રવૃત્તિ મંદ અને શિથિલ હોય છે. માટીનાં નાનાં 'છાપરાં' બનાવવામાં મશગૂલ રહેતી સોહામણી ભમરી પણ સૂર્ય પ્રકાશ દરમ્યાન ત્યાં કાર્ય કરતી દેખાય છે.

૧૭૦૦૦ ફૂટની ઊંચાઇએ રૂપરાશિ પતંગીઆંઓ સ્વૈર વિહારનો આનંદ લૂંટતા હોય છે. તેમની સાથમાં ફુદાં પણ હોય છે. પાંખો વિનાના તીતીઘોડા ૧૮૦૦૦ ફૂટની ઊંચાઇએ આમતેમ ઠેકાઠેક કરતા દેખાય છે. ૧૫ હજાર ફૂટની ઊંચાઇએ કાનખજૂરાઓ (Centipeds), તેથી હજાર ફૂટ ઊંચે જુવા અને એથી હજાર ફૂટ ઊંચે ધિક્કારપાત્ર માંકણો જીવન ગુજારતા દેખાય છે.

પણ આ બધાંને હરાવી દે તેવું પૃથ્વીથી ઉન્નતોન્નત ઊંચાઇએ સદાકાળ રહેનારું જંતુ તે કાળો કરોળિયો, હિમપ્રપાતો, પવનના ભીષણ સૂસવાટા અને સોતમ ઠંડા વચ્ચે ૨૨૦૦૦ ફૂટની ઊંચાઇએ તે વસે છે. નિષ્પ્રાણ અને અફાટ બરફના વેરાન પ્રદેશમાં રહેવાનું તેને કેમ ગોઠતું હશે તે કોઈ કહી શકે તેમ નથી.

—ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ડિસેમ્બરની તવારીખ

તા. ૫ બ્રહ્મદેશના ત્રણ જિલ્લાઓમાં કૉમ્યુનિસ્ટોએ પ્રતિસરકારસ્થાપીને તે વિભાગ પોતાને કબજે લીધો ◖ દક્ષિણ ફ્રાન્સમાં કૉમ્યુનિસ્ટ સંચાલિત હુલ્લડો ફાટી નીકળ્યાં. તેમણે બે મોટાં શહેરોનો કબજો મેળવ્યો.

તા. ૬ ગુજરાતના સુપ્રસિદ્ધ નટ બાપુલાલ નાયકનું વડોદરા મુકામે અવસાન.

તા. ૭ હિંદ સરકારે ખાંડ તથા ગોળ પરના સર્વ પ્રતિબંધો તથા અંકુશો રદ કર્યા.

તા. ૮ ચૌદ વર્ષ સુધી આંદામાનની કાળાપાણીની જેલ ભોગવી આવેલા હિંદના એક આદ્ય ક્રાંતિકારી, તથા આર્યસમાજના અગ્રગણ્ય નેતા ભાઈ પરમાનંદનું અવસાન

તા. ૧૦ હિંદના પીઢ વિનીત નેતા સર ચીમનલાલ સેતલવાડનું ૮૩ વર્ષની વયે મૃત્યુ.

તા. ૧૩ છેલ્લાં ૧૦ વર્ષથી હિમાલવાસી જગતના શ્રેષ્ઠ ચિત્રકાર નિકોલસ રોરિકનું મૃત્યુ.

તા. ૧૫ ઓરિસા તથા છત્તીસગઢનાં દેશી રાજ્યોનું હિંદ સાથે જોડાણ.

તા. ૧૮ ગુજરાતના એક વયોવૃદ્ધ સાક્ષર શ્રી મણિલાલ છબારામ ભટ્ટનું અવસાન.

તા. ૨૦ અલ્લાહાબાદ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. તારાચંદ અફઘાનિસ્તાનમાંના હિંદના એલચી તરીકે નિમાયા.

તા. ૨૩ મુંબાઈના ગવર્નર તરીકે પહેલા હિંદી સર મહારાજસિંગની નિમણૂક.

તા. ૨૪ પારીસ ખાતેના હિંદી પ્રતિનિધિ તરીકે સર એન. રાઘવન પીલાઈની નિમણૂક

તા. ૨૫ હૈદ્રાબાદમાં હિંદ સરકારના એજન્ટ તરીકે શ્રી કનૈયાલાલ મુનશીની નિમણૂક. ◖ ડૉ. અમરનાથ ઝા બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિમાયા.

તા ૩૦ રૂમાનીઆના રાજા કિંગ માઇકેલનો ગાદીત્યાગ અને પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના. ◖ બ્રહ્મદેશના લાડીલા નેતા આઉંસાનના ખૂનના ૯ આરોપીઓને (જેમાં બ્રહ્મદેશના એક વખતના મુખ્ય પ્રધાન ઉ સો નો પણ સમાવેશ થાય છે) ફાંસીની સજા. ◖ ચેકોસ્લોવેકિયા ખાતેના હિંદી એલચી તરીકે શ્રી એમ. કે. વેલોડીની નિમણૂક

આ માસ જાન્યુઆરી ઈતિહાસમાં

તા. ૧ ઇંગ્લંડના પ્રખ્યાત પત્ર 'ધ ટાઇમ્સ'ની 'ધ થંડરર' તરીકે સ્થાપના, ૧૭૮૫.

તા. ૨ 'વેંતિયા' જાપાનીઓએ રશિયનોને હરાવી પોર્ટઆર્થર પર વિજયધ્વજ ફરકાવ્યો, ૧૯૦૫.

તા. ૪ હિંદની ત્રીજી સવિનયભંગની લડતનાં મંડાણ; નેતાઓની સામટી ધરપકડ, ૧૯૩૨.

તા. ૫ વિજ્ઞાન, વૈદક ને ઉદ્યોગોમાં ખૂબ ઉપયોગી એવાં 'ક્ષ' કિરણો પ્રો. રૉન્જને શોધ્યાં, ૧૮૯૬.

તા. ૧૫ અમૂલ્ય સંગ્રહ માટે જગતખ્યાત બ્રિટિશ મ્યૂઝિયમ ખુલ્લું મુકાયું, ૧૭૫૯.

તા. ૧૬ અનન્ય બંગાળી નવલકથાકાર શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાયનું અવસાન, ૧૯૩૮.

તા. ૨૦ રાજ્યવહિવટ માટે જગતમાં નમૂનારૂપ બ્રિટિશ પાર્લામેન્ટની શરૂઆત ૧૨૬૫.

તા. ૨૩ સ્વાતંત્ર્યના ઉગ્ર અને અનુપમ લડવૈયા સુભાષચન્દ્ર બોઝનો જન્મ, ૧૮૯૬.

તા. ૨૬ સ્વાતંત્ર્ય સિદ્ધિના આપણા નિરધારરૂપ પહેલો 'સ્વાતંત્ર્ય દિન' ઉજવાયો, ૧૯૩૦.

તા. ૩૧ બીજા વિશ્વયુદ્ધમાં સ્ટૅલિનગ્રાડમાં જર્મનોની શરણાગતિ, ૧૯૪૩.



આ માસની વ્યક્તિ-વિશેષ : **સિસેરો**

રોમન સામ્રાજ્યના વૈભવકાળે પોતાના અસરકારક વક્તૃત્વ ને શકવર્તી સાહિત્યસર્જનથી ખ્યાત આ મહાપુરુષનો જન્મ ઇ. પૂર્વે ૧૦૬ની ત્રીજી જાન્યુઆરીએ ઈટાલીના ઍર્પિનમ ગામે એક રોમન સરદારને ઘેર થયો હતો. નાનપણથી જ સાહિત્યનું આકર્ષણ હોઇ જુદેજુદે ઠેકાણે સાહિત્ય, તત્ત્વજ્ઞાન ને કાયદાનો ઊંડો અભ્યાસ કરી, ઉચ્ચ શિક્ષણ માટે તે ગ્રીસ ગયો. ત્યાંથી ઈ. પૂ. ૭૭માં રોમ પાછા આવી થોડા જ વખતમાં પોતાના ઊંડા જ્ઞાન તથા આકર્ષક વાક્પાટવથી તે કાયદાના ક્ષેત્રમાં ચમકી ઊઠયો ને અલ્પકાળમાં જ ઈ. પૂ. ૬૩ માં તે વડો ન્યાયાધીશ (Consul) બન્યો. ન્યાયાધીશ તરીકેની પોતાની એ કારકિર્દી દરમ્યાન તેણે રોમન પ્રજાસત્તાકને ઉથલાવી પાડવાનો પ્રયત્ન કરતા કૅટેલાઈનના કાવતરાખોરોને સખત હાથે દબાવી દઈ ફાંસીએ લટકાવવા માટે તેના પર તેના એક શત્રુએ કેસ દાખલ કરવાથી તેને દેશવટો લેવાની ફરજ પડી. પણ બીજે જ વર્ષે તે પ્રતિભાશાળી તત્વવેત્તાને સબહુમાન પાછો બોલાવવામાં આવ્યો.

તે પછીના શાંતિકાળમાં તેણે કેટલાક મહત્ત્વના ગ્રંથો લખ્યા જે આજે યે પ્રમાણભૂત ગણાય છે. ઈ પૂ. ૫૨ માં તે સાઇલેસિયા પ્રાંતનો સુબો નીમાયો. ત્યાં ઉદ્ભવેલો બળવો તેણે દાબી દીધો. તેથી તેની કીર્તિ ચોદિશ પ્રસરી. ઈ. પૂ. ૪૯ ની ૪ થી જાન્યુઆરી તે રોમ પાછો ફર્યો ત્યારે જુલિયસ સીઝર અને પોમ્પે વચ્ચે જે આંતરવિગ્રહ ફાટી નીકળ્યો હતો તેમાં, પોતે સીઝરનો મિત્ર હોવા છતાં, ન્યાયને ખાતર તે પોમ્પેના પક્ષ તરફથી લડયો. સીઝરની જીત થવાથી ફરી તેણે દેશવટો લીધો. પરંતુ સીઝરે માનભેર તેને પાછો બોલાવી સેનેટમાં નીમ્યો. ઈ. પૂ. ૪૪ ની ૧૫ મી માર્ચે સીઝરનું ખૂન થયું, તેમાં સિસેરોનો બિલકુલ હાથ નહોતો. પણ ત્યાર બાદ રોમના સત્તાધીશ બનેલા ઍન્ટનીની વિરુદ્ધ તેણે નિર્ભય રીતે પ્રચાર કરવાથી ઍન્ટનીએ તેને મારી નાખવા મારા મોકલ્યા. સિસેરોએ વહાણમાં ઇટાલી છોડી જવાનો પ્રયત્ન કર્યો, પણ પવન પ્રતિકૂળ હોઇ તે શક્ય ન બન્યું અને ઈ. પૂ. ૪૩ ની ૭ મી ડિસેમ્બરે મારાઓએ તેનો વધ કર્યો.

સિસેરોએ વક્તૃત્વકળાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ ૫૭ ઉપરાંત વિસ્તૃત ભાષણો આપવા ઉપરાંત વક્તૃત્વકળા, તત્ત્વજ્ઞાન, કાયદો, રાજકારણ આદિ વિષયો પર અનેક પુસ્તકો લખ્યાં છે. તેની ગદ્યશૈલી એવી સુંદર અને પરિપૂર્ણ હતી કે તેની ઊંડી છાપ ત્યાર પછીના પશ્ચિમના સાહિત્ય પર બે હજાર વર્ષ સુધી રહી.

પાણીપતનું ત્રીજું યુદ્ધ (આ માસનો પ્રસંગ-વિશેષ): મરાઠીસત્તાનો જ્યારે મધ્યાહ્ન તપતો હતો ત્યારે, તેના આધિપત્યથી અકળાએલા હિંદના મુસલમાનોના આમંત્રણથી ૮૦,૦૦૦ની સેના સાથે ચઢી આવેલા અફઘાનિસ્તાનના અહમદશાહ દુરાનીને યુદ્ધ આપવા, મોટી સેના સાથે નીકળેલા મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઉએ ૧૭૬૧ની ૧૩મી જાન્યુઆરીએ પાણીપતના મેદાનમાં તેનો સામનો કર્યો. સૂર્ય ઊગતાં જ મરાઠાઓએ મરણિયું આક્રમણ શરૂ કર્યું ને બપોર સુધી મરાઠાઓનો હાથ ઉપર રહ્યો. પણ પેશ્વાનો પુત્ર વિશ્વાસરાવ ઘવાઈને ઘોડા પરથી નીચે ઊતરતાં જ સૈનિકો પર તેની વિપરીત અસર થઈ. એ જ વખતે દુરાનીના તાજા ઘોડેસવારોએ હતાશદિલ થએલા મરાઠાઓ પર જોરદાર હુમલો કરવાથી તેઓ પીછેહઠ કરવા લાગ્યા અને આખરે નાસભાગ શરૂ થઈ. સદાશિવરાવ, વિશ્વાસરાવ ઉપરાંત ઘણા અમલદારો તથા હજારો સૈનિકો માર્યા ગયા. આ સંપૂર્ણ હાર પછી મરાઠી સત્તાને મોટો ફટકો પડયો ને તેની ઊતરતી કળા શરૂ થઈ.

અણદીઠાંને દેખવા અગુતગ લેવા તાગ,
સતની સીમો લોપવા જોબન માંડે જાગ.

—ઝવેરચંદ મેઘાણી

ગાડી આવવાને વાર હોવાથી પોતાના ગુમાસ્તા સાથે સર ચીમનલાલ સેતલવાડ ફર્સ્ટ ક્લાસના વેઇટિંગ રૂમમાં રોકાયા હતા, એવામાં બે ગોરા મુસાફરો ત્યાં આવ્યા. તે આ 'કાળા' માણસોને ત્યાં બેઠેલા જોઈ અભિમાનથી છળી ઊઠયા અને તેમની ટિકિટો જોવા માગી. પણ સ્વમાની સેતલવાડે કંઈ દાદ જ ન દીધી એટલે તેઓ સ્ટેશન માસ્તરને બોલાવી લાવ્યા. જેણે સેતલવાડ પાસે ફર્સ્ટ ક્લાસની અને તેમના ગુમાસ્તા પાસે સેકન્ડ ક્લાસની ટિકિટ હોવાનું જણાવ્યાથી કાળા માણસની હાજરી પણ સહન ન કરી શકનાર તે યુરોપિયનો વેઇટિંગ રૂમમાં ન બેસતાં બહાર જઇને ઊભા રહ્યા. આવા તીવ્ર રંગદ્વેષનો તેમનો મદ ઉતારવાનો સર ચીમનલાલે નિશ્ચય કર્યો. તે કાળે ટ્રેનને બે જ ફર્સ્ટ ક્લાસના ડબા જોડાતા. સેતલવાડે પોતાના ગુમાસ્તાની સેકન્ડ ક્લાસની ટિકિટ બદલાવીને ફર્સ્ટ ક્લાસની કરી, ને જેવી ગાડી આવી કે બેને જણા ફર્સ્ટ ક્લાસના જુદાજુદા ડબામાં ચડી બેઠા. પેલા યુરોપિયનોએ સેતલવાડને પોતાના ગુમાસ્તાની સાથે એક જ ડબામાં બેસવાનું કહ્યું, કે જેથી પોતે અલગ ડબામાં બેસી શકે, પણ સેતલવાડ એકના બે ન જ થયા. છેવટે તે યુરોપિયનોને 'કાળા' હિંદી માણસ સાથે ડબામાં બેસવું જ પડયું.

કહેવતોના અર્થ: 'તરણા ઓથે ડુંગર'– કોઈ સામાન્ય કે નાચીઝ વાત યા વસ્તુની પાછળ કશુંક ગંભીર સત્ય કે મોટું રહસ્ય છુપાએલું હોય તે દર્શાવવા વપરાતી આ કહેવતના ધ્રુવપદ ૧૨ લખેલી ધીરા ભગતની કાફી તો પ્રખ્યાત છે. લોકોક્તિમાં આ કહેવત ઘણે ભાગે, એવું રહસ્ય જ્યારે ખુલ્લું થઈ જાય ત્યારે વપરાય છે. એને મળતી બીજી કહેવત: 'કળ્યો કોયડો કોડીનો'–એટલે કે કોઈ કોયડાનુ રહસ્ય જ્યારે ઉકલી જાય છે ત્યારે આપણને તેની સાદાઇથી આશ્ચર્ય થાય છે ને આપણે મન તે મામૂલી બની જાય છે.

ગણિતગમ્મત: કોઈપણ રકમ ધારો. તેને ૯ વડે ગુણો. ગુણાકારમાંથી ૯ બાદ કરો. જે આવે તેને ૯ વડે ભાગી ભાગાકારમાં ૯ ઉમેરો. તેમાંથી મૂળ ધારેલી રકમ બાદ કરવાથી જવાબ ૮ જ આવશે. —નૌતમ વખારિયા




પઠાણ સુલતાનો પછી આવેલા મુઘલ બાદશાહોમાં અકબરના સમયથી મુઘલ સિક્કાઓનાં રૂપરંગ અને રચનાઓમાં એક નવી જ રોનક દાખલ થઇ. આ ઉપર એવો નવતર ઘાટનો આગ્રામાં પાડેલો ૧૬૭ ગ્રેનનો સોનાનો સિક્કો આપ્યો છે. તેમાં એકતરફ કાંગરીની વચ્ચે કલીમા. ચાર ખલીફાઓનાં નામ તથા ૯૮૧ (હીજરી) સન લખેલાં છે, અને બીજી બાજુ 'ખલ્લાદ મુલ્કહુ જલાલુ-દ્-દીન મુહમ્મદ અકબર બાદશાહ ઘાઝી ઝુરીબ બલ્દતી આગ્રાહ (આગ્રા ગામમાં પાડયો)' એવું લખેલું છે.

અનેકાર્થી શબ્દ: **જામ**=પ્યાલો; જામનગરના રાજવીનો ઈલકાબ; એક પહોર—યામ; જામફળ.

અઢી તોલા તલના તેલને લસણની પાંચ કળીઓ સાથે કકડાવીને ઠંડું થયા બાદ બાટલીમાં ભરી રાખવું. રાત્રે સૂતી વખતે બંને કાનમાં તેનાં પાંચપાંચ ટીપાં નાંખવાથી ઠંડીની ઋતુમાં કાનનું જતન થાય છે.

દરિયાનું પાણી જે વરાળ રૂપે આકાશમાં જતું રહે છે તે બધું જ પાછું વરસાદ રૂપે આવતું નથી, પણ કેટલુંક કાયમને માટે અવકાશમાં જતું રહે છે જે પાછું આવતું જ નથી. વળી થોડુંક પૃથ્વીની અંદર ચાલ્યું જાય છે. આમ પૃથ્વી ધીમેધીમે સુકાતી જાય છે.



આ વાસણમાં પાણી ભરાવાથી તેની નળીમાંથી પાણી પડવાનું કાર્ય અનંત કાળ સુધી ચાલ્યા જ કરશે. અવિરત ગતિનો તે એક અદ્‌ભુત નમૂનો પૂરો પાડે છે.



કલાકણિકા: માનવીમાં સંસ્કારિતા મહોરતી ગઈ તેની સાથોસાથ તેણે પોતાનાં વપરાશનાં સાધનોમાં સુડોળ ઘાટ, રૂપનું સૌન્દર્ય અને શોભન કે કારીગરી ઉતારવાના પ્રયત્નો કર્યા જ છે. કોઈપણ પ્રજાનાં વપરાશનાં ઉપસ્કરો, સાધનો ને જીવનપ્રણાલિમાં રહેલાં રૂપસૌંદર્ય અને કલાતત્ત્વ તેતે પ્રજાની સંસ્કૃતિની પારાશીશી છે. પ્રજાપ્રજાની એવી રૂપસુંદર ચીજો અહીં દર માસે 'કલાકણિકા'ના નામથી નિયમિત અપાય છે. એવા લખનૌની કારીગરીનો ત્રાંબાનો પાનનો ડબો આ ઉપર આપ્યો છે. તેના પરની બારીક ઉપસાવેલી કોતરણી આપણી રસસમૃદ્ધ જીવનદૃષ્ટિની દ્યોતક છે.

ઘણા ઝીણા અક્ષરો વાંચવાથી આંખો બગડે છે એ માન્યતા ખોટી છે. ઉલટું, તે આંખો સુધરે છે એમ સાબિત થયું છે.

રાત્રે ઊંઘ દરમ્યાન મનુષ્ય સરેરાશ ૩૫ વખત પડખાં ફેરવે છે.

તમે જાણો છો ?

ઈ. ૧૮૩૪ સુધી આખી દુનિયાને બધી જ ચા એકલું ચીન પૂરું પાડતું હતું. * વાંસના ઝાડને વર્ષમાં એક જ વાર ફૂલ આવે છે. * દુનિયામાં સૌથી કઠણ પદાર્થ હીરો છે * ચોખા જગતના અરધા લોકોનો મુખ્ય ખોરાક છે. * પાણી ઉપર પણ તરી શકે એવી જાતનો પથ્થર આફ્રિકામાં થાય છે. * જગતમાં દર કલાકે ૧૪ લાખ મણ કોલસો વપરાય છે. * ૧ ટન લોઢામાંથી ૧૪૪૦,૦૦૦ બોરૂ બને છે. * એક રતલ કપાસમાંથી ૨૧૦૩ માઈલ લાંબો તાર નીકળી શકે. * જાપાનમાં નાટકો દિવસે જ થાય છે.

નવાં પુસ્તકો

Freedom's Battle: સુભાષચન્દ્ર બોઝની નેતાગીરી નીચે આઝાદ હિંદ ફોજે હિંદને પૂર્વ સીમાડે જે સ્વાતંત્ર્ય જંગ ખેલ્યો તેની સાદ્યંત માહિતી માત્ર ચિત્રો તથા ફોટોગ્રાફો દ્વારા રજૂ કરતું મોટા કદનું મોઘું પ્રકાશન: ચિત્રકાર તથા સંપાદક–વિઠ્ઠલભાઈ કે. ઝવેરી, સોલ એજન્ટ–એન. એમ. ત્રિપાઠી લિ., કાલબાદેવી, મુંબાઇ-૨, ૧૨-૮-૦; **પરિભ્રમણ** (ભાગ ૩ જો) :સ્વ. ઝવેરચંદ મેઘાણીના વિવેચનાત્મક લેખોનો ત્રીજો સંગ્રહ, પ્રાપ્તિસ્થાન–ભારતી સાહિત્ય સંઘ લિ., ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઈ-૨, ૩-૮-૦; **અભિસારઃ** શ્રી મનસુખલાલ ઝવેરીનો નવો કાવ્યસંગ્રહ : પ્ર૦ એન. એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૩-૮-૦; **મધુપર્કઃ** શ્રી પ્રેમશંકર લ. ભટ્ટના અભ્યાસયુક્ત વિવેચનાત્મક લેખોનો સંગ્રહઃ પ્ર૦ સી. શાંતિલાલ ઍન્ડ કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨,૩-૮-૦; **વાતાયનઃ** જીવન, સાહિત્ય, કલા આદિ વિષયોને લગતા શ્રી ધૂમકેતુના ચિંતન-પ્રધાન લેખોનો સંગ્રહઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ, ૨-૮-૦; **ખગોળ-પ્રવેશ :** ખગોળમાં રસ લેતા ને લેવા ઇચ્છનારાઓને સૂર્ય, સૂર્યમંડળ, આકાશગંગા, નિહારિકા ઇત્યાદિ વિષે સરસ માહિતી આપી ખગોળ વિષયમાં પ્રવેશ કરાવતું અત્યંત ઉપયોગી પુસ્તકઃ લે-છોટુભાઈ સુથાર, પ્ર૦ચરોતર એજ્યુકેશન સોસાએટી, આણંદ, ૨-૪-૦; **ટૉમકાકા :** મિસિસ હૅરિયટ બીચર સ્ટોના જગપ્રસિદ્ધ પુસ્તક 'અંકલ ટૉમ્સ કૅબિન' નો સંક્ષેપમાં કરેલો સરસ અનુવાદ: કરનાર-શ્રી મોંઘીબહેન બધેકા, પ્ર૦ શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર, ૧-૬-૦; **અપંગ માનવતા :** શ્રી ઇન્દુલાલ ગાંધી કૃત ૧૦ એકાંકી નાટકો: 'નારાયણી' અને 'પલટાતા તેજ' નીસંયુક્ત સંવર્ધિત નવી આવૃત્તિ : પ્ર૦ઈન્દુલાલ ગાંધી, નૅશનલ મેડિકલ સ્ટોર્સ, મોરવી, ૩-૦-૦; **હિંદ-બ્રિટનનો નાણાં વ્યવહાર :** હિંદમાં અંગ્રેજી રાજ્યના સ્થાપનકાળથી આજસુધી બ્રિટનનો હિંદ સાથે કેવા પ્રકારનો નાણાં વ્યવહાર રહેલો તેની સાદ્યંત છણાવટ કરતું પુસ્તક: મૂળ લે૦ જે.સી. કુમારપ્પા, પ્ર૦નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૧૦-૦; **પદ્મજા :** શ્રી ચુનિલાલ મડિયાની ૧૭ વિવિધ વાર્તાઓનો સંગ્રહ : પ્ર૦ જીવન સાહિત્ય મંદિર, કાલબાદેવી રોડ, મુંબાઈ, ૩-૦-૦; **કદલીવન :** શ્રી વિનોદિની નીલકંઠની પહેલી સામાજિક નવલકથા : પ્ર૦ પદ્મજા પ્રકાશન, વડોદરા, મુખ્ય વિક્રેતા પદ્મ પબ્લિકેશન્સ લિ. મુંબાઈ-૧, ૩-૦-૦; **અખંડ જોડી :** જુદાંજુદાં સામયિકોમાં પ્રસિદ્ધ થએલી ગજાનન વિ જોષીની વિવિધ ૧૨ વાર્તાઓનો સંગ્રહ : સોલ એજન્ટ-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ, ૧-૮-૦; **ભિક્ષુ અખંડાનંદ** તેમનું વિસ્તૃત જીવન ચરિત્ર તથા તેમની વિચારધારાનો પરિચય કરાવતું પુસ્તક: લેખકો 'સોપાન' અને જ્યોતીન્દ્ર હ. દવે, પ્ર૦ સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૩-૦-૦; **સૂર્યકાન્ત :** સ્વ. મણિલાલ ન્મનાદાસ મલ્હારજીએ જુદાજુદા સાધુસંત તથા યોગીઓ પાસેથી સાંભળીને આધ્યાત્મ માર્ગના સાધકોને ઉપયોગી થાય તેવી તૈયાર કરેલી નોંધો પરથી છપાવેલા પુસ્તકની બીજી આવૃત્તિ, પ્ર૦ ઉપર મુજબ, ૨-૦-૦; **તાંડવ-નૃત્ય :** મહાકવિ શેકસપિયરના 'મૅકબેથ' નાટકનું પાંચ અંકી નાટકમાં રૂપાંતર : નિયોજક-આપાભાઇ મોતીભાઈ પટેલ, પ્ર૦એમ. સી. કોઠારી, રાવપુરા, વડોદરા, ૨-૪-૦; **વિવેકાનંદ** (જીવન અને કાર્ય): સ્વામી વિવેકાનંદનું સુસંબદ્ધ, પ્રવાહી જીવનચરિત્ર: લેખકો–સ્વામી જપાનન્દ તથા શ્રી જંયતીલાલ મંગળજી ઓઝા, પ્ર૦શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ, ૨-૮-૦; **બહેનોને :** નારીજીવનને સ્પર્શતી સ્વામી વિવેકાનંદની ઉક્તિઓનો નાનકડો સંગ્રહ : અનુવાદક-કુમારી કલ્પલતા મુનશી, પ્ર૦ ઉપર મુજબ, ૦-૮-૦; **શ્રીરામકૃષ્ણ આશ્રમ** (ધ્યેય અને કાર્ય):સ્વામી વિવેકાનંદ પ્રસ્થાપિત રામકૃષ્ણ આશ્રમની હિંદભરમાં ચાલતી પ્રવૃત્તિની માહિતી આપતી ઉપયોગી પુસ્તિકા, પ્ર૦ઉપર મુજબ,૦-૮-૦; **ભારતીય વિશ્વ પૂજા વિધાન** તથા નિત્ય પ્રાર્થના સ્તોત્ર સંગ્રહ : હિંદુઓના વિવિધ પૂજાવિધિઓ, મંત્રો તથા સ્તોત્રોનો એકત્રિત કરેલો ઉપયોગી સંગ્રહ : સંપાદક-પંડિત મોક્ષાકર વિશ્વબંધુ, પ્ર૦ રામકૃષ્ણ સેવા સમિતિ, અમદાવાદ, ૦-૮-૦; **ગાયત્રી રહસ્ય :** શ્રી ગાયત્રી મંત્રની મહત્તા, મહિમા તથા પ્રભાવ વર્ણવતું પુસ્તક: સંપાદક તથા પ્ર૦ ઉપર પ્રમાણે, ૦-૮-૦; **જિનદેવ દર્શન ચોવીશી** તથા અનાનુપૂર્વિ: જૈન ધર્મના ૨૪ તિર્થંકરો તથા ૨૮ દેવીનાં નાનાંનાનાં ચિત્રો, અનાનુપૂર્વિ સહિત : પ્ર૦ સારાભાઇ મણિલાલ નવાબ,નાગજી ભૂધરની પોળ, અમદાવાદ, ૦-૧૪-૦; **ઍપ્સમ-પથી :** વિલાયતી મીઠું (ઍપ્સમ સૉલ્ટ) ઇત્યાદિ ક્ષારોની મદદથી રોગ મટાડતી અમેરિકાના ડૉ. બર્જેસ પ્રણીત એક સસ્તી, સરળ છતાં યે અકસીર એવી નવી જ ઉપચાર પદ્ધતિનો પરિચય આપતું પુસ્તક : અનુવાદક-નારાયણ ઓધવજી સલારિયા, પ્ર૦ જુઠાભાઈ અમરશી શાહ, હરિજન આશ્રમ સાબરમતી, ૦-૧૪-૦; **મેઘદૂત :** મહાકવિ કાલિદાસ રચિત એ પ્રખ્યાત મહાકાવ્યનો સમશ્લોકી ભાષાનુવાદ : કરનાર–નટવરલાલ ભાઈશંકર જાની, પ્ર૦મોહનલાલ એ. ચૌહાણ, ૨૫ ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ, ૦-૫-૦; **ઍની બેસન્ટ :** હિંદને જ માતૃભૂમિ ગણીને ૪૦ વર્ષ સુધી વિરલ સેવા આપનાર અંગ્રેજ મહિલા ઍની બેસન્ટનું તેમની જન્મશતાબ્દિ પ્રસંગે પુસ્તિકાકારે પ્રસિદ્ધ થએલું,('કુમાર'માં અગાઉ આવી ગએલું) ટૂંકું જીવનચરિત્ર : લેખક-ઝવેરચંદ મેઘાણી, સંપાદક-જમુભાઈ દાણી ને સોમાભાઇ પટેલ, પ્ર૦ એન.એમ. ત્રિપાઠી લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ ૨; **વર્ષા મંગળ :** સરસ્વતી હાઈસ્કૂલ, સરસપુર અમદાવાદમાં વર્ષા દર્શનના અભિનવ ઉત્સવમાં ગવાએલા, વર્ષાના ભિન્નભિન્ન અંગો તથા દૃશ્યો પર જુદાજુદા કવિઓના સુંદર વિવિધ ગીતોનો નાનકડો સંગ્રહ : ૦-૪-૦; **બાલવિનોદ માળાનો ત્રીજો સેટ :** બાળકોને વાંચવી ગમે તેવી વાર્તાઓનાં, રસ પડે તેવાં પુષ્કળ ચિત્રો અને સુઘડ છાપકામવાળાં ૨૧ પુસ્તકોનો સેટ : સંપાદક-નાગરદાસ ઈ. પટેલ, કુલ પૃ.૭૫૦, ૫-૧૨-૦; **બાલસાથી** (ગાંધી જયંતી ખાસ અંક); **મુક્તિગાન :** રાષ્ટ્રીય ગીતોનો સંગ્રહ : લેખિકા-સૌ હસુમતી ધીરજલાલ દેસાઈ; **ચાલો ગાઇએ :** ગેય ગીતોનો સંગ્રહ : પ્રકાશક-શિશુવિહાર, ભાવનગર; **આશ્રમધર્મ :** લેખક-હેમરાજ કાનજી ચાવડા; **સુવાક્ય રત્નમાલા :** સંગ્રાહક-ઉપર પ્રમાણે **મંથનોપનિષદ :** મહાત્મા ગાંધીજીના વિવિધ વિષય પરના સુવિચારોનો નાનકડો સંગ્રહ:સંગ્રહકતથા પ્રકાશક-ચંદુલાલ બહેચરલાલ પટેલ, ગોંડલ; **વાચન પ્રવેશપોથી** (ધોરણ૧ લા માટે): યોજક-રતિલાલ રા. અધ્વર્યું, ૦-૩-૬. **ગુણાકાર પોથી:** યોજક-રતિલાલ રા. અધ્વર્યું વિક્રેતા ગુજરાત પુસ્તક ભંડાર, કાળુપુર, ઢીંકવા ચોકી, અમદાવાદ



રંગ અને રેખામાં કુમાશભર્યું કવિત્વ વહાવનાર, જાણીતા કલાકાર શ્રી રસિકલાલ પરીખનાં ૨૧ પૂર્ણરંગી અને ૩૪ સાદાં ચિત્રોવાળો આ સમૃદ્ધ સંગ્રહ ગુજરાતનાં સસ્તાં કલાપ્રકાશનોમાં એક અગત્યનો ઉમેરો કરે છે. કલાકારે ઉત્તરોત્તર કરેલી કલાસાધનાનો પરિચય આપતી એમની જીવનરેખા ઉપરાંત આમાં સંઘરાએલાં પંચાવન ચિત્રોમાં ઑઇલ અને વૉટર-કલર, પેન્સિલ અને પેન-ઍન્ડ-ઇંક-સ્કેચ, સ્ટેપલ-વર્ક, વૂડ-કટ, સૉફ્ટ-બ્રશ-સ્કેચ આદિ ચિત્રકળાની વિભિન્ન પદ્ધતિઓમાં એમની કલમ તથા પીંછીનો કસબ દર્શાવતા સર્વ પ્રકારના ચૂંટેલા નમૂનાઓ આપવામાં આવ્યા છે. ચિત્રકલાના વિદ્યાર્થીઓ તથા કલાશૉખીનો માટે તેમજ ભેટ આપવા માટે એ અમૂલ્ય ચીજ છે.
કિં. રૂ. ૩ાા; પોસ્ટેજ સાથે રૂ. ૪; કુમાર કાર્યાલય લિમિટેડ, અમદાવાદ



કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવા આ ચિત્રસંગ્રહ પાછળનો મુખ્ય હેતુ વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો છે. શ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, જગન્નાથ અહિવાસી, રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ અને ત્રિગુણાતીત પંચોળી, એ આપણા છ અગ્રણી ગુજરાતી કલાકારોનાં છ પૂર્ણરંગી ચુનંદાં ચિત્રોનો આ સંપુટ, ૧૨ાા×૯ ઈંચના માપનાં આર્ટ કાર્ડ પર ફ્રેમ માટે તૈયાર રૂપમાં સુઘડ રંગીન છપાઇમાં આપવામાં આવ્યો છે. સવા રૂપિયા જેટલી નજીવી કિંમતમાં આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઇએ હજી આપ્યાં નથી. ચિત્ર દીઠ પૂરી ચાર આના કિંમત પણ ન થઇ.



ગુજરાતનું પાટનગર અમદાવાદ: એ શહેરના સ્થાપક અહમદશાહના મકબરાથી માંડીને છેક સ્વામીનારાયણના મંદિર સુધીના આજથી એક જ સૈકા પરનાં સ્થાપત્યોમાં સંઘરાએલી આપણી કળાલક્ષ્મીનો પરિચય. જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળીને જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આ આલ્બમ છે. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચડતીપડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિંમત માત્ર બે રૂપિયા, પોસ્ટેજ જુદું.

ચત્રકાર:
સોમાલાલ શાહ

[ચિત્રનું વિસ્તારી ગુણદર્શન કરાવતો શ્રી હીરાબહેન પાઠકનો લેખ આ અંકમાં જુઓ]



'દક્ષે સતીપતિતણું અપમાન કીધું,
યજ્ઞાગ્નિમાંહી નિજ દેહ સતી સમર્પે.
રુદ્રે અહીં કરમહીં બળતી લતા એ
સર્વસ્વ જીવનતણું, કહિ કેતે બચે એ.

ગર્ગાચલે વિચરતાં ભવહાથ મ
ઢાળે સતી નયન, એકલ રુદ્ર ર
કંપે હિમાચલ અને ધ્રુજતી વન
ને ભૂમિનું હૃદય ફાટી સરે વિરામ

નીચે: પ્રખ્યાત પત્રકાર જોસેફ પુલિટ્ઝરની જન્મશતાબ્દી પ્રસંગનું 'ફર્સ્ટ ડે કવર' તથા સ્વતંત્ર હિંદની પહેલી ટપાલની ટિકિ

નીચે આપેલું ફર્સ્ટ-ડે-કવર જેની જન્મજયંતી પ્રસંગે અમેરિકન ટપાલખાતાએ ગયે વર્ષે કાઢેલું તે અમેરિકન પત્રકાર જોસેફ પુલિટ્ઝર જાતે સફળ પત્ર
આ ઉપરાંત અમેરિકન પત્રકારત્વ તથા સાહિત્યના ક્ષેત્રમાં દર વર્ષે શ્રેષ્ઠ સર્જન કરનારને ઇનામો આપવા માટે એક જંગી રકમની હેણગી
એમાંથી વર્ષોવર્ષ નવલકથા, કાવ્ય, નાટક, તંત્રીલેખ, રીપોર્ટિંગ, કટાક્ષચિત્ર, ઇતિહાસગ્રંથ, તથા ચરિત્ર, માટે અપાતાં ઈનામો આજે દુનિ
માં પ્રખ્યાત થયાં છે. એ કવરની નીચેના ગાળામાં તાજી બહાર પડેલી સ્વતંત્ર હિંદની પહેલી ટિકિટો છે, જે હવે તો આપણને સુપરિચિત

